અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

21 NOVEMBER-2025 FRIDAY | Vol. : 17 | Issue : 140 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ટ્રમ્પે કહ્યું- 350% ટેરિફની ધમકી પર મોદીનો ફોન આવ્યો : દાવો- PMએ કહ્યું, 'વી આર....

4


શિયાળામાં જેમ સ્વેટર સાલથી હુંફ મળે, એમ જ સમયે સ્વજનોની હુંફ જરૂરી છે

6


પાકિસ્તાન ક્રિકેટમાં ભૂકંપ! અઝહર અલીએ સિલેક્ટર પદ છોડ્યું, કારણ છે સરફરાઝ?

7

અનિલ અંબાણીની ₹1,400 કરોડની પ્રોપર્ટી જપ્ત, અત્યાર સુધીમાં કુલ ₹9,000 કરોડની પ્રોપર્ટી અટેચ....

### મોદીએ ગમછો લહેરાવીને લોકોનું અભિવાદન કર્યું, સમ્રાટ ચૌધરી સહિત 26 મંત્રીએ શપથ લીધા

# નીતિશે 10મી વખત CM પદના શપથ લીધા





**પટના, તા.20**

નીતિશ કુમારે 10મી વખત બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા. ગાંધી મેદાન ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં પીએમ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ-અધ્યક્ષ જેપી નડ્ડા સહિત અનેક વરિષ્ઠ ભાજપના નેતાઓ હાજર રહ્યા હતા.

સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહાએ ડેપ્યુટી CM પદના શપથ લીધા હતા, સાથે જ 26 મંત્રીએ પણ શપથ લીધા. એમાં ભાજપના ક્વોટામાંથી 14, જેડીયુમાંથી 8, એલજેપી(આર)માંથી 2, એચએએમમાંથી 1 અને કુશવાહાની પાર્ટીમાંથી 1 મંત્રીનો સમાવેશ થાય છે. આ મંત્રીમંડળમાં એક મુસ્લિમ ચહેરો સામેલ છે. જેડીયુએ જમા ખાનને ફરીથી મંત્રી તરીકે નિયુક્ત કર્યા છે.

શપથગ્રહણ પછી પીએમ મોદીએ મંચ પરથી ગમછો લહેરાવીને લોકોનું અભિવાદન કર્યું. હરિયાણા, આસામ, ગુજરાત, મેઘાલય, ઉત્તરપ્રદેશ, નાગાલેન્ડ, ઓડિશા, દિલ્હી અને રાજસ્થાનના મુખ્યમંત્રીઓએ પણ હાજરી આપી. સ્ટેજ પર ચિરાગ પાસવાને માંઝી અને જેપી નડ્ડાને પગે લાગીને આશીર્વાદ લીધા હતા.

આ વખતે નીતિશના મંત્રીમંડળમાં નવા ચહેરાઓને તક આપવામાં આવી છે. રામકૃપાલ યાદવ અને શ્રેયસી સિંહને મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવ્યા છે. ચિરાગની પાર્ટીના બે ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવ્યા છે, જેમાં સંજય સિંહનો પણ સમાવેશ થાય છે.

બિહારમાં નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની નવી સરકારના શપથગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહ્યા હતા. પીએમ મોદી પટના એરપોર્ટથી હેલિકોપ્ટર દ્વારા ગાંધી મેદાન પહોંચ્યા હતા. શપથગ્રહણ સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ સહિત ભાજપના અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા. ગાંધી મેદાનની સુરક્ષા SPGના હાથમાં હતી.

હરિયાણા, આસામ, ગુજરાત, મેઘાલય, ઉત્તરપ્રદેશ, નાગાલેન્ડ, ઓડિશા, દિલ્હી અને રાજસ્થાનના મુખ્યમંત્રીઓ પટના પહોંચ્યા હતા. સવારે શપથ પહેલાં નીતિશ કુમાર હોટલ મૌર્ય ગયા હતા, અહીં તેઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કર્યા બાદ ગાંધી મેદાન પહોંચ્યા હતા.

## 'વિરોધ કરવા ટ્રમ્પના પ્રવાસનો સમયગાળો નક્કી કરાયો, આ ષડયંત્ર છે', દિલ્હી રમખાણો પર SCમાં બોલી પોલીસ

### બિલ પર કાર્યવાહી કરવા કોર્ટ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ માટે સમયમર્યાદા નક્કી ના કરી શકે: સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી, તા.20**



સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેન્ચ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ મોકલેલા 14 બંધારણીય પ્રશ્નો પર આજે સુનાવણી કરી રહી છે. આ પ્રશ્નો રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોની વિવિધ બિલ પર નિર્ણય લેવાની સત્તા અને સમયમર્યાદા સાથે સંકળાયેલો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોને પસાર કરવા મોકલેલા બિલ મુદ્દે ચોક્કસ સમયગાળામાં નિર્ણય લેવો પડશે. આ મુદ્દે રાષ્ટ્રપતિએ બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન થવાની ચિંતા વ્યક્ત કરી હતી, જેના સંદર્ભમાં આ પ્રશ્નો મોકલવામાં આવ્યા છે. જો કે, આ ચુકાદાને પલટાવતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી છે કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોએ તમામ રોકી રાખેલા બિલ પર સમયમર્યાદા નક્કી કરવી ન્યાયસંગત નથી, પરંતુ તેમણે સંઘવાદની ભાવનાને મજબૂતાઈ આપવી જોઈએ, નહીં કે તેમાં અવરોધરૂપ બનવું જોઈએ. કોઈ પણ કોર્ટ આ રીતે સમયમર્યાદા નક્કી ના કરી શકે.

રાષ્ટ્રપતિના સંદર્ભ પર નિર્ણય સંભળાવતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, 'અનુચ્છેદ 200 અને 201 હેઠળ રાજ્યપાલ પાસે ફક્ત ત્રણ જ મૂળભૂત વિકલ્પો રહે છે: બિલને મંજૂરી આપવી, નામંજૂર કરવું (રોકી રાખવું) અથવા રાષ્ટ્રપતિના વિચારણા માટે સુરક્ષિત રાખવું.' કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, પ્રથમ જોગવાઈને ચોથો વિકલ્પ ગણી શકાય નહીં. જો બે અર્થઘટન શક્ય હોય, તો તે અર્થઘટન સ્વીકારવું જોઈએ જે બંધારણીય સંસ્થાઓ વચ્ચે સંવાદ અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી કે ભારતીય સંઘવાદની કોઈ પણ વ્યાખ્યા હેઠળ એ સ્વીકાર્ય નથી કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલો બિલને પરત મોકલ્યા વિના અનિશ્ચિત સમય માટે રોકી રાખે. તે માટે સમયમર્યાદા નક્કી ના કરી શકાય, પરંતુ રાષ્ટ્રપતિ-રાજ્યપાલો માટે બિલ સુરક્ષિત રાખવું એ પણ સંસ્થાકીય સંવાદનો જ એક ભાગ છે. આમ છતાં, પરંતુ બંધારણીય હોદ્દા પર બિરાજમાન વ્યક્તિઓએ તેમાં અવરોધ ઊભો કરવાના બદલે સંવાદ અને સહકારની ભાવનાને પ્રાધાન્ય આપવું જોઈએ. કોર્ટે જણાવ્યું કે રાજ્યપાલ કોઈપણ બિલને મંજૂરી આપવાના હેતુથી તેને અનિશ્ચિત સમય સુધી પેન્ડિંગ રાખી શકે નહીં. જોકે, સાથે જ કોર્ટે સ્પષ્ટતા કરી કે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ જેવા બંધારણીય પદાધિકારીઓ માટે નિર્ણય લેવા માટે સમય-મર્યાદા નક્કી કરવી એ સત્તાઓના વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન ગણાશે. ચીફ જસ્ટિસ બી. આર. ગવઈની અધ્યક્ષતા હેઠળની બેન્ચે તેના અગાઉના ચુકાદાને રદ કર્યો, જેમાં રાજ્યના બિલ પર ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવા માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને ફરજ પાડવામાં આવી હતી. કોર્ટના મતે, બંધારણીય પદાધિકારીઓ પર કડક સમય-નિર્ધારણ લાગુ કરવું એ ન્યાયતંત્રના અધિકાર ક્ષેત્રની બહારની બાબત છે.

## 'વિરોધ કરવા ટ્રમ્પના પ્રવાસનો સમયગાળો નક્કી કરાયો, આ ષડયંત્ર છે', દિલ્હી રમખાણો પર SCમાં બોલી પોલીસ

**નવી દિલ્હી, તા.20**



દિલ્હી રમખાણ કેસના આરોપી શરજીલ ઈમામ અને અન્ય છ લોકોએ જામીન માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, જેના પર ગુરુવારે સુનાવણી થઈ. દિલ્હી પોલીસે તેમની જામીન અરજીનો વિરોધ કર્યો અને કોર્ટમાં ઘણા પુરાવા આપ્યા. દિલ્હી પોલીસ વતી હાજર રહેલા વકીલ(ASG) એસ. વી. રાજુએ કોર્ટને વીડિયો ક્લિપ્સ બતાવી અને દલીલ કરી કે આ રમખાણોનું આયોજન ત્યારે જ કરવામાં આવ્યું હતું જ્યારે નાગરિકતા સંશોધન કાયદો(CAA) પસાર થવાનો હતો. એસ. વી. રાજુએ કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપીઓએ આ પરિસ્થિતિનો ઉપયોગ મુસ્લિમોનું સમર્થન મેળવવાની તક તરીકે જોયો હતો. તેમના મતે, આ કોઈ સામાન્ય વિરોધ પ્રદર્શન નહોતું. ASGએ આરોપ લગાવ્યો કે, 'આ આરોપીઓનો ઈરાદો દિલ્હીનો સપ્લાય રોકવાનો અને પૂર્વોત્તરના આસામનું આર્થિક રીતે નુકસાન કરીને તેનું ગળું દબાવવાનો હતો. તેમનો મુખ્ય હેતુ લોકોને જરૂરી વસ્તુઓથી વંચિત કરવાનો હતો.'

ASG એસ. વી. રાજુએ કોર્ટને સમજાવ્યું કે, આરોપીઓએ જાણીજોઈને 'ચિકન નેક'(આસામને બાકીના ભારત સાથે જોડતો 16 કિલોમીટરનો સાંકડો રસ્તો)નો ઉલ્લેખ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે આરોપીઓ કાશ્મીર અને ટ્રિપલ તલાક જેવા મુદ્દાઓ ઉઠાવીને મુસ્લિમ સમુદાયને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ ઉપરાંત, ASGએ ધ્યાન દોર્યું કે આરોપીઓ કોર્ટનું અપમાન કરવાના પ્રયાસો પણ કરતા હતા.'

એસ. વી. રાજુએ કોર્ટને જણાવ્યું કે, આરોપીઓ એવા નિવેદનો આપતા હતા કે 'કોર્ટને નાની યાદ કરાવી દેશું' અને બાબરી મસ્જિદ વિશે વાત કરતા હતા. તેમણે દલીલ કરી કે આ દિલ્હી રમખાણો શાસન બદલવાના હેતુથી આયોજિત કરવામાં આવ્યા હતા, આથી જ આ રમખાણો ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન કરવામાં આવ્યા હતા. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આ માત્ર એક સંયોગ નહોતો, પરંતુ સંપૂર્ણપણે વિચાર્યું-સમજ્યું કાવતરું હતું.

## બ્રિટનના વિમાન પર રશિયાના વિમાને લેસર બીમ એટેક કરતાં તણાવ વધ્યું, મિલિટ્રી ઓપરેશનની ધમકી

**મોસ્કો, તા.20**



રશિયન જાસૂસી જહાજ 'યાંતર' બ્રિટિશ જળસીમામાં ઘૂસ્યું અને તેના પર નજર રાખી રહેલા બ્રિટિશ વાયુસેનાના પાઈલટને રોકવા માટે પહેલીવાર લેસર બીમનો ઉપયોગ કર્યો, જેનાથી બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. બ્રિટનના સંરક્ષણ મંત્રી જૉન હીલીએ યાંતરના આ ખૂબ જ ખતરનાક પગલાને સરકાર ગંભીરતાથી લઈ રહી હોવાનું જણાવ્યું. આ વર્ષે આ બીજી વખત છે જ્યારે જહાજ સ્કોટલેન્ડની ઉત્તરે UKની જળસીમામાં ઘૂસ્યું હોય. હીલીએ ચેતવણી આપી કે જાસૂસી જહાજોના આ શક્તિશાળી લેસર બીમ પાઈલટોની આંખો ચકાચૌંધ કરીને હવાઈ દુર્ઘટનાનું જોખમ વધારે છે.

હીલીએ જણાવ્યું કે, 'UK આ જહાજ પર સતત નજર રાખશે અને જો યાંતર પોતાનો માર્ગ બદલે, તો UK પાસે મિલિટરી ઑપ્શન તૈયાર છે.' જૉન હીલીએ રશિયા અને પુતિનને સ્પષ્ટ સંદેશ આપતાં કહ્યું કે, 'અમે તમને જોઈ રહ્યા છીએ અને તમે શું કરી રહ્યા છો તેની જાણ છે. જો યાંતર આ સપ્તાહે દક્ષિણ તરફ આગળ વધે, તો અમે તૈયાર છીએ.' લેસરની આ ઘટના ત્યારે બની જ્યારે રોયલ નેવીના એક ફ્રિગેટ અને RAF પોસાઈડન P-8 પ્લેન જહાજની દરેક ગતિવિધિને ટ્રેક કરવા માટે યાંતરનો પીછો કરી રહ્યા હતા. આ ઘટના છેલ્લા બે અઠવાડિયાની અંદર થઈ હોવાનું માનવામાં આવે છે.

ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે યોજાયેલી ન્યૂઝ કૉન્ફરન્સમાં, ડિફેન્સ સેક્રેટરીએ જાહેરાત કરી કે તેમણે રોયલ નેવીના એન્ગેજમેન્ટના નિયમોમાં ફેરફાર કર્યા છે, જેનાથી હવે તે યાંતરનો વધુ નજીકથી પીછો કરી શકશે.

આ આરોપોના જવાબમાં, લંડનમાં આવેલા રશિયન દૂતાવાસે જણાવ્યું કે રશિયાનું કામ યુનાઈટેડ કિંગડમના હિતોને અસર કરતું નથી, કે તેનો હેતુ તેની સુરક્ષાને નબળી પાડવાનો નથી. રશિયાએ બ્રિટન દ્વારા મૂકવામાં આવેલા આ આરોપોને 'અનગણિત આરોપોની શ્રૃંખલા' ગણાવી છે.

રશિયાએ વધુમાં કહ્યું કે, 'તેમને બ્રિટિશ અંડરવૉટર કમ્યુનિકેશનમાં કોઈ રસ નથી.' રશિયાએ બ્રિટનને ચેતવણી આપી કે તે એવા નુકસાનકારક પગલાં લેવાનું ટાળે, જે યુરોપ મહાદ્વીપમાં સંકટની પરિસ્થિતિને વધુ વકરાવે.

ધમકીભર્યા અંદાજમાં બ્રિટિશ સંરક્ષણ મંત્રી જૉન હીલીએ કહ્યું કે, 'જો યાંતર પોતાનો માર્ગ બદલશે, તો UK પાસે લશ્કરી વિકલ્પો તૈયાર છે. હું તે વિકલ્પો વિશે નહીં જણાવું, કારણ કે તેનાથી પ્રેસિડેન્ટ પુતિન વધુ સજાગ બનશે.'

લેસરના સંભવિત જોખમો વિશે પૂછવામાં આવતાં હીલીનો જવાબ હતો કે, 'બ્રિટિશ લશ્કરી વિમાનના ઈન્ચાર્જ પાઈલટોને રોકતી, ખલેલ પહોંચાડતી કે જોખમમાં મૂકતી કોઈપણ વસ્તુ ખૂબ જ ખતરનાક છે.' લેસર બીમથી વાયુસેનાના પાઈલટોને ગંભીર નુકસાન થઈ શકે છે. પાઈલટો ફ્લાઈંગ મૉડમાં હોય છે, તે દરમિયાન લેસર બીમની ચમકથી રેટિના પર અચાનક વધુ પ્રકાશ પડે છે, જેનાથી પાઈલટ 5-30 સેકન્ડ સુધી સંપૂર્ણપણે લગભગ અંધ થઈ જાય છે. ઓછી ઊંચાઈ પર ઉડાન દરમિયાન આ ક્રિટિકલ ફેઝ(ટેકઑફ-લેન્ડિંગ)માં વિમાન દુર્ઘટનાનું કારણ બની શકે છે.



# સુરતમાં મહિલાઓ માટે ખાસ પિંક બસ : ગુજરાતમાં પહેલીવાર મહિલા ડ્રાઈવરે સંભાળ્યું સ્ટીયરિંગ

**સુરત, તા.20**

સુરત મહાનગરપાલિકાને બે વર્ષ પછી બીઆરટીએસની પિંક બસમાં મહિલા પાઈલટ મળી છે. આ બસમાં મહિલાઓ જ મુસાફરી કરે છે, પરંતુ એ માટે મહિલા પાઈલટ મળતી ન હતી. આખરે બસનું સંચાલન કરતી કંપનીને મહિલા બસ પાઈલટ મળી ગઈ છે. આ મહિલા બસ પાઈલટનું નામ નિશા શર્મા છે અને તે ઈન્દોરની રહેવાસી છે. એક અઠવાડિયાથી સુરતમાં બસ પાઈલટ તરીકે ટ્રેનિંગ લેતી હતી. આમ તે ગુજરાતની પહેલી પિંક બસની પહેલી ડ્રાઈવર બની છે.

આ પ્રથમ મહિલા પાઈલટની ઓએનજીસી કોલોની બીઆરટીએસ સ્ટેશન ખાતે ફ્લેગ ઓફ સેરેમની યોજાઈ. મહિલા પાઈલટ પાસે હેવી વાહન ચલાવવાનો 4 વર્ષથી વધુનો અનુભવ છે. રાજ્યની પ્રથમ મહિલા પાઈલટ હોવાનો પાલિકાનો દાવો છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં મહિલા ઉત્થાન અને સ્વરોજગાર માટે આગળ વધે એ ઉદ્દેશથી પિંક ઓટોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. એક વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલા આ ઈ-ઓટો પ્રોજેક્ટમાં 47 મહિલાને રોજગારી મળી હતી. પહેલી મહિલા પાઈલટ મળ્યાં બાદ હવે વધુ મહિલા પાઈલટ મળશે તો પિંક બસોની સંખ્યા વધારાશે.

શહેરમાં માસ ટ્રાન્સપોર્ટેશન પર સુરત મહાનગરપાલિકા દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં ખાસ કરીને પ્રદૂષણ અટકાવવા માટે શહેરનાં તમામ BRTS રૂટ પર ઈ-બસો દોડાવવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે હવે શહેરની મહિલાઓ-યુવતીઓ માટે પણ મહાનગરપાલિકા દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. 20 મહિના પૂર્વે પાલિકા તંત્ર દ્વારા શહેરમાં પિંક BRTS બસ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.





20 મહિનાની શોધખોળ બાદ હવે મહિલા ચાલક મળતાં આજથી ગુજરાતની પહેલી પિંક BRTS બસ સુરત શહેરનાં રસ્તાઓ પર દોડતી નજરે પડશે, જેમાં મહિલા ચાલકની સાથે સાથે મહિલા કન્ડક્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આ બસમાં માત્ર મહિલાઓ જ મુસાફરી કરી શકશે. પહેલો રૂટ ONGCથી સરથાણા સુધીનો રહેશે, જેનું આજે લોન્ચિંગ કરવામાં આવ્યું.

બસમાં મુસાફરી કરનારી મહિલાઓ માટે પણ પિંક બસ દોડાવવા માટે વહીવટી તંત્રને 20 મહિના સુધી લાંબો ઈંતજાર કરવો પડ્યો હતો. 20 મહિનાની શોધખોળને બાદ અંતે ઈન્દોરમાં રહેતી અને બસચાલક તરીકે ફરજ બજાવતી મહિલાની નિમણૂક કરવામાં આવી છે.

સુરતની BRTS બસનું સ્ટીયરિંગ હવે એક એવી મહિલાના હાથમાં આવ્યું છે. તે માત્ર પોતાનું જ નહીં, પરંતુ બે બાળકોનાં ભવિષ્યનું પણ વહન કરી રહી છે. મૂળ ઈન્દોરની રહેવાસી અને સિંગલ મધર એવી નિશા શર્મા સુરતની પ્રથમ મહિલા BRTS ડ્રાઈવર બની છે.

નિશા શર્માએ વર્ષ 2021માં હેવી વ્હીકલ લાઈસન્સ મેળવ્યું હતું. નિશા અગાઉ ઈન્દોરના BRTS રૂટ પર પણ સાડાતેર મીટરની બસ સફળતાપૂર્વક ચલાવતી હતી. તેને લગભગ ચાર વર્ષનો હેવી વ્હીકલ ચલાવવાનો અનુભવ છે. ગત વર્ષે જ્યારે સુરતમાં મહિલા BRTS ડ્રાઈવરની જાહેરાત આવી ત્યારે નિશાએ છાપામાં વાંચ્યું હતું, જોકે એક સિંગલ મધર હોવાના કારણે નવા શહેરમાં પરિવાર સાથે રહેવું તેના માટે એક મોટો પડકાર હતો.

દિવાળી પહેલાં જ નિશાએ હિંમતભેર નિર્ણય લીધો કે તે સુરતમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવશે. તેના મજબૂત અનુભવ અને લાઈસન્સને કારણે તે BRTSના તમામ માપદંડોમાં ખરી ઊતરી હતી. આ એક મહિનાની સઘન તાલીમ બાદ નિશાને ઓન બોર્ડ કરવામાં આવી છે. નિશા શર્માનું આ પગલું સાબિત કરે છે કે સિંગલ મધર હોવું કે બીજા રાજ્યની હોવું કોઈપણ લક્ષ્યની વચ્ચે અવરોધ બની શકતું નથી. નિશાનું આ સાહસ મહિલાઓ માટે સાર્વજનિક પરિવહનના ક્ષેત્રમાં એક નવું સીમાસિહ્ન સ્થાપિત કરે છે.

નિશા શર્માના પરિવારમાં તેની માતા અને બે બાળકો છે, જેઓ હાલ ઈન્દોરમાં છે. ત્રણેયની જવાબદારી નિશાના ખભા પર છે. હાલમાં તેઓ રૂપિયા 22,000ની સેલેરી પર ઈન્દોર છોડીને સુરત આવી છે, જોકે તંત્ર તરફથી આવનારા દિવસોમાં સેલરી વધારવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તંત્ર માત્ર 'પિંક બસ' જ નહીં, પરંતુ સામાન્ય BRTS બસ પણ મહિલા ડ્રાઈવરો ચલાવે એ માટે તૈયાર છે.

ઈન્દોરની યુવતી નિશા શર્મા સુરત અને સુરતમાં પહેલી મહિલાઓ માટે અને મહિલા દ્વારા ચલાવવામાં આવતી પિંક બસની ડ્રાઈવર બની છે. નિશા શર્માએ જણાવ્યું હતું કે મને બસ ચલાવવાનો ચાર વર્ષનો અનુભવ છે અને હવે ગુજરાત-સુરતમાં બસ ચલાવવાની તક મને આપી છે.

# ડિજિટલ એરેસ્ટ બાદ રાજ્યમાં પહેલી આત્મહત્યા : દિલ્હી ATS અને 40 કરોડના ફ્રોડની ધમકીથી ભયભીત વડોદરાના ખેડૂતે દવા પી જીવન ટૂંકાવ્યું

**વડોદરા, તા.20**

વડોદરા જિલ્લાના કાયાવરોહણમાં ડિજિટલ એરેસ્ટમાં ફસાયેલા ખેડૂતે આપઘાત કરી લીધાની રાજ્યની પહેલી ઘટના સામે આવી છે. કાયાવરોહણના કાકા રામના ફળિયામાં રહેતા અને ખેતીકામ કરતા 65 વર્ષીય અતુલભાઈ હીરાભાઈ પટેલને ભેજાબાજોએ દિલ્હી ATSના નામે ફોન કરી તેમના બેંક એકાઉન્ટમાં રૂ. 40 કરોડના ફ્રોડ અંગે તપાસ ચાલી રહી હોવાનું કહી ધમકાવ્યા હતા. ત્યાર બાદ તેમને એક દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખ્યા હતા.

સતત દબાણ અને ભયને કારણે અતુલભાઈએ સોમવારે(17 નવેમ્બર) વહેલી સવારે 5 વાગ્યે ઘરે જ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. પરિવારજનોને આ ઘટનાની પાછળ કોઈ મોટી છેતરપિંડી થઈ હોવાની શંકા થતાં તેમણે અતુલભાઈના ફોનમાં આવેલા નંબર પર સંપર્ક કર્યો હતો. ભેજાબાજે આઈકાર્ડ મોકલી પોતે એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ(ATS)નો ઈન્સ્પેક્ટર ગૌરવ ગ્રોવર હોવાનો દાવો કર્યો હતો. ખેડૂતના મોત બાદ કાયાવરોહણ ગામમાં શોકનો માહોલ છે. પરિવારજનોનું કહેવું છે કે ATS અને 40 કરોડના ફ્રોડની ધમકીએ અતુલભાઈને ભયભીત કરી દીધા હતા. આ ઘટનાની જાણ થતાં ડભોઈ પોલીસે તપાસ શરૂ કરી છે.

મૃતકના ભત્રીજા અંશ પટેલે જણાવ્યું હતું કે હું કાયાવરોહણ ગામમાં રહું છું. અમારા કાકા આજે અમારી વચ્ચે નથી રહ્યા, તેઓ ખેતી કરતા હતા. ત્રણ દિવસથી તેઓ બેચેન રહેતા હતા. કોઈને કશું કહેતા નહોતા. અમારા લાખ પૂછવા છતાંય તેમણે કોઈને કશું કીધું નહોતું. તેમના મિત્રોએ પણ બહુ પૂછ્યું, તેમને પણ કશું ના કીધું. પછી સોમવારે સવારે 5 વાગ્યે તેમણએને દવા પી લીધી હતી, જેથી અમે તેમને દવાખાને લઈ ગયા હતા. મંગળવારે સવારે તેમનું મોત થયું હતું. સાયબર ક્રાઈમનો ફ્રોડ બહુ જ વધી ગયો છે. મારા કાકાએ જે પ્રકારે આત્મહત્યા કરી છે એ પ્રકારે કોઈ આત્મહત્યા ન કરે, એવી લોકોને હું અપીલ કરું છું.



સાયબર ઠગો દર 5 મિનિટે કોલ કરતા, ઘરની બહાર નીકળતા નહીં, કહીને ધમકાવતા હતા, જોકે પછી કાકાએ મને એકલાને બોલાવી કહ્યું હતું કે 'દિલ્હી પોલીસના ફોન આવ્યા કરે છે'. તેઓ ખૂબ ગભરાઈ ગયા હતા. કાકાને એક આખો દિવસ ડિજિટલ એરેસ્ટ રખાયા હતા. સામેથી 5-5 મિનિટે વ્હોટ્સએપ કોલ તથા વીડિયો કોલ કરવામાં આવતો હતો.

તેમમે ઉમેર્યું હતું કે અમે પોલીસ સ્ટેશન જવાના છીએ અને FIR કરવાના છીએ. એના બદલે અમારી એવી માગ છે કે પોલીસ આવા લોકો સામે કડકથી કડક એક્શન લે, એટલી જ અમારી માગણી છે. મારા કાકાના મોબાઈલમાં આવેલા વીડિયો કોલ્સ મળ્યા છે અને એના વ્હોટ્સએપ પર એવું ચિહ્ન છે કે બે ઝંડા છે અને વચ્ચે 3C વાળું ચિહ્ન છે. બસ, એનાથી વિશેષ અમને ચેટમાંથી કશું મળ્યું નથી. કેન્દ્ર સરકારે સંસદમાં આપેલી માહિતી મુજબ 2022થી ફેબ્રુઆરી 2025 સુધીમાં ડિજિટલ એરેસ્ટના 2.42 લાખ કેસ નોંધાયા છે, એટલે કે એક દિવસમાં 200 કેસ. ત્રણ વર્ષ દરમિયાન લોકોએ 2,575 કરોડ રૂપિયા ગુમાવ્યા છે. આ ઉપરાંત છેલ્લાં ચાર વર્ષમાં ગુજરાતમાં વિવિધ પ્રકારનાં સાઈબર ફ્રોડમાં લોકોએ 2,746 કરોડ રૂપિયા ગુમાવ્યા છે.

જ્યારે આ પ્રકારનો કોલ મળે છે ત્યારે તરત જ 1930 પર કોલ કરો અને સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરવો જોઈએ. આ સાથે કોઈપણ પોલીસ આ રીતે ડાયરેક્ટ ક્યારેય કોઈપણ વ્યક્તિનો સંપર્ક કરતી નથી. આ પ્રકારની ઘટનામાં ક્યારેય પણ ભયમાં મુકાયા વગર સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરવો જોઈએ અને આવા ઠગબાજોથી બચવું જોઈએ. કોઈપણ વ્યક્તિ જ્યારે નકલી પોલીસ ઓફિસર બનીને તમને વ્હોટ્સએપ કોલ કરે છે ત્યારે તમારે ખાસ કરીને ચેતી જવું જોઈએ અને તેમને કહેવાનું કે તમે જ્યાં છો ત્યાં અમે આવીએ છીએ... ત્યારે તેઓ સામેથી કોલ કાપી દેશે.

જ્યારે તમારું કુરિયર આવ્યું છે અને એમાં ડ્રગ્સ છે એવો કોઈપણ કોલ આવે તો એ બાબતે ધ્યાન ન આપવું જોઈએ. આ સાથે જ જે ઠગ છે તેઓ કોઈપણ લિંક કે સ્કાઈપ જેવી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવે તો એ ન કરવી જોઈએ. જ્યારે સાયબર ગઠિયાઓ તમને ઠગે એ પહેલાં થયેલી ચેટ મોકલેલા ફોટોઝ જે કંઈ પુરાવા હોય એનો સ્ક્રીનશોટ લઈ રાખવો જોઈએ, જેથી તેઓ ડિલિટ કરે તો આપણે પોલીસને જાણ કરી શકીએ. મોટા ભાગના સાયબર ક્રાઈમ માટે ત્રણ બાબત સૌથી મહત્ત્વની અગત્યની છે, જેમાં પ્રથમ ડર બતાવે છે, ત્યાર બાદ લાલચ આપે છે. આ બાબતથી આપણે દૂર રહીએ તો આવા સ્કેમથી આપણે બચી શકીએ છીએ.

# 144 દિવસ બાદ તાપી પરનો કોઝવે ખુલશે : સપાટી ભયજનકથી નીચે

## વાહન-વ્યવહાર ચાલુ થતા રાંદેર અને કતારગામના લોકોને રાહત થશે

**સુરત, તા.20**

આ વર્ષે ઉપરવાસમાં સતત વરસાદના પગલે ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાના લઈને સુરતનો એકમાત્ર કોઝવે છેલ્લા 144 દિવસથી વાહન વ્યવહાર માટે બંધ છે. હાલ કોઝવે ખાતે તાપી નદીને સપાટી ભયજનક 6 મીટરથી નીચે જતા ટૂંક સમયમાં જ કોઝવેને વાહન વ્યવહાર માટે ખોલવામાં આવે તેવી શક્યતા છે. જેથી રાંદેર અને કતારગામના લોકોને એક થી દોઢ કિલોમીટરનો ફેરાવો લેવામાંથી રાહત મળશે. દક્ષિણ ગુજરાતની જીવનદોરી ગણાતો ઉકાઈ ડેમ આ વર્ષે પણ છલોછલ ભરાઈ ગયો છે. 1 નવેમ્બર 2025થી ડેમની સપાટી 345 ફૂટ નોંધાઈ છે, જે ભયજનક 345 ફૂટની સપાટી છે. હાલ પણ ઉકાઈ ડેમની અંદર 6000 ક્યુસેકથી વધુ પાણી આવી રહ્યું છે અને તેટલું જ પાણી છોડી દેવામાં આવી રહ્યું છે. 20 નવેમ્બર, 2025 આજની ઉકાઈ ડેમની સપાટી 344.57 ફૂટ છે. ઉકાઈ ડેમમાંથી સતત પાણી



છોડાવવાના પગલે તાપી નદી પર આવેલા કોઝવે પાણીમાં ગરકાવ થઈ જતા હોય છે. તાપી નદીની સપાટીમાં વધારો થતા સુરતમાં કતારગામ અને રાંદેરને જોડતો કોઝવે પણ પાણીમાં ગરકાવ થઈ જાય છે. 23 જુન ના રોજ તાપી નદીના કોઝવે ખાતેની સપાટી 6 મીટર કે જે ભયજનક છે તેનાથી વધુ થતાં કોઝવેને વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સતત એક મહિનો બંધ રહ્યા બાદ કોઝવેને સાત દિવસ માટે ખોલવામાં આવ્યો હતો. જોકે ફરી ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાનું શરૂઆત કરવામાં આવતા તાપી નદીની સપાટીમાં વધારો થતાં ફરી કોઝવેને વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. જેથી સતત છેલ્લા ચાર મહિનાથી કોઝવે વાહન વ્યવહાર માટે બંધ છે. ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાનું ઓછું કરવામાં આવતા હાલ કોઝવે ખાતે પાણીની સપાટી ભયજનક 6 મીટરની સપાટીથી નીચે આવી ગઈ છે. હાલ કોઝવે ખાતે 5.56 મીટર પર પહોંચી ગઈ છે. જેના પગલે ઉપરથી પસાર થતું પાણી બંધ થઈ ગયું છે.

# રાજ્યમાં 6 નવી DEO કચેરીને મંજૂરી : સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરામાં ગ્રામ્ય DEO મળશે, અમદાવાદ શહેર, અંજાર-ભૂજમાં કચેરીનું વિભાજન....

**અમદાવાદ, તા.20**

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર, સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજનને મંજૂરી આપી છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. તેમજ રાજકોટ, વડોદરા, ગાંધીનગર અને સુરતને શહેર અને ગ્રામ્ય એમ બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. તેમજ કચ્છ જિલ્લાને બે ભાગમાં વિભાજન કરીને અંજાર પૂર્વ અને કચ્છ - ભુજમાં પશ્ચિમ DEO કચેરીને મંજૂરી આપવામાં આવી છે.




રાજ્યમાં ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં ખૂબ વધારો થયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા શહેરોમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્કૂલોની સંખ્યા વધી ગઈ હતી. જેના કારણે મોટા શહેરોમાં આવેલી વર્તમાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ પર કામનું ભારણ વધી જતું હતું. વર્તમાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ પર કામનું ભારણ વધવાના કારણે ઘણી ફાઈલો પેન્ડિંગ રહેતી હતી. જેથી શાળા સંચાલક મંડળ દ્વારા શિક્ષણ વિભાગમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજન માટે રજુઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને પગલે શિક્ષણ વિભાગ દ્વારા 6 નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મંજૂરી આપવામાં આવી છે. કચ્છ સૌથી મોટો જિલ્લો હોવાથી એક જ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી હતી. જેથી શાળા સંચાલકોએ અને ધક્કા ખાવા પડી રહ્યા હતા. જેથી હવે કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું વિભાજન કરવામાં આવ્યું છે. અંજારમાં પૂર્વ DEO કચેરી અને કચ્છ-ભુજમાં પશ્ચિમ DEO કચેરીને મંજૂરી આપવામાં આવી છે. જેમાં પૂર્વ વિસ્તાર અંજારમાં 258 શાળાઓને અને પશ્ચિમ વિસ્તાર કચ્છ-ભુજમાં 329 સ્કૂલ રાખવામાં આવી છે.

# ગુજરાતમાં પ્રથમ ક્રમે જસદણ તાલુકો : રાજકોટ શહેરમાં ધીમી ગતિએ અને જિલ્લામાં પુરજોશમાં SIR કામગીરી ચાલુ

**રાજકોટ, તા.20**

રાજકોટ શહેર જિલ્લામાં SIR કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. તેમાં પણ રાજકોટ જિલ્લાનો જસદણ તાલુકો આ કામગીરી અંતર્ગત સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે આવ્યો છે. જયારે BLO એપ્લિકેશનમાં કેટલીક ટેક્નિકલ ખામીઓ આવતા જિલ્લા કલેકટર દ્વારા ઉપર સુધી રજુઆત કરી આ પ્રશ્ન હલ કરવા માટે રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદી પ્રક્રિયા પણ ચાલુ છે જેમાં 33 સ્થળ ઉપર ખરીદી કરી આજ દિવસ સુધીમાં કુલ 20,824 ખેડૂતોની 353 કરોડની 4.87 લાખ કવીન્ટલ મગફળી ખરીદ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લા કલેકટર ઓમ પ્રકાશ દ્વાર નિવેદન આપતા જણાવવામાં આવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં મતદાર નોંધણી (ઈન્યુમરેશન) ફોર્મ્સના ડિજિટાઈઝેશનની કામગીરીએ ગતિ પકડી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં 35% ઈન્યુમરેશન ફોર્મ્સનું ડિજિટાઈઝેશન પૂર્ણ થઈ ચૂક્યું છે, જેના કારણે રાજકોટ જિલ્લો રાજ્યમાં સાતમા ક્રમે છે.



જિલ્લાના તમામ આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસર્સ દ્વારા આ કામગીરી માટે સરાહનીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજકોટ ગ્રામ્ય, જસદણ, ગોંડલ, જેતપુર અને ધોરાજી તાલુકામાં સારી કામગીરી કરવામાં આવી છે. જેમાં પણ જસદણ તાલુકો રાજ્યભરમાં સૌથી વધુ (હાઈએસ્ટ) કામગીરી પૂર્ણ કરીને રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યું છે. જો કે શહેરી વિસ્તારમાં રાજકોટ ઈસ્ટ, રાજકોટ વેસ્ટ અને રાજકોટ સાઉથ વિધાનસભા બેઠક પરની કામગીરી 25%થી ઓછી છે, જેને ઝડપી બનાવવાની જરૂરિયાત છે.

ઈન્યુમરેશન કામગીરીમાં વપરાતી BLO એપમાં કેટલીક ટેકનિકલ ખામીઓ સર્જાઈ રહી છે, જેની અધિકારીઓએ નોંધ લીધી છે. આ ખામીઓને સ્ટેટ લેવલ (રાજ્ય કક્ષાએ) પર SIR ગુજરાત ગ્રુપ દ્વારા સમયાંતરે ચકાસવામાં આવે છે. અન્ય રાજ્યોમાં પણ આ એપનો ઉપયોગ થતો હોવાથી એકસાથે ઘણી બધી કામગીરીને કારણે અમુક ઈશ્યુઝ આવી રહ્યાનો જિલ્લા કલેકટરે સ્વીકાર કર્યો હતો અને તમામ ટેકનિકલ સમસ્યાઓનું રિયલ-ટાઈમ નિરાકરણ લાવવાના પ્રયત્નો ચાલુ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. 9 નવેમ્બરથી મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી રહી છે અને આ કામગીરી 90 દિવસ એટલે કે 9 ફેબ્રુઆરી સુધી ચાલનાર છે. રાજકોટ જિલ્લામાં અંદાજિત 1.77 લાખ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવેલ છે જે પૈકી 20,824 ખેડૂતો પાસેથી મગફળી ખરીદ કરવામાં આવી છે. જેમાં કુલ 353 કરોડની 4.87 લાખ કવીન્ટલ મગફળી ખરીદ કરવામાં આવી છે. દરરોજની કામગીરી અંગે તમામ પ્રાંત અધિકારી દ્વારા મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત સોયાબીન માટે કુલ 15282 ખેડૂતોએ એનરોલમેન્ટ કર્યું છે અને અત્યાર સુધી કુલ 305 ખેડૂતોના સોયાબીન લઈ લેવામાં આવ્યા છે જેમાં કુલ 4481 કવીન્ટલ સોયાબીન લેવામાં આવી છે.

# સુરત જિલ્લા ક્રિકેટ એસો.ના પ્રમુખ કનૈયા કોન્ટ્રાક્ટરની ધરપકડ

**આર્થિક ગુના નિવારણ સેલે કરોડો રૂપિયાની ઠગાઈ અને વિશ્વાસઘાતના કેસમાં ધરપકડ કરી**

**સુરત, તા.20**

સુરત જિલ્લા ક્રિકેટ એસોસિએશન (SDCA)ના પ્રમુખ અને શહેરના જાણીતા વ્યક્તિ કનૈયા કોન્ટ્રાક્ટર (ઉં.વ. 82)ની આજે (20 નવેમ્બર) આર્થિક ગુના નિવારણ સેલ દ્વારા કરોડો રૂપિયાની ઠગાઈ અને વિશ્વાસઘાતના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. તેમના દ્વારા સગાં-સંબંધીઓ સાથે આચરવામાં આવેલી છેતરપિંડી અને પદનો દુરૂપયોગ કરવાના આક્ષેપોએ ખળભળાટ મચાવ્યો છે.

કેસની વિગત અનુસાર, આરોપી કનૈયા કોન્ટ્રાક્ટરે તેમના સગાભાઈ સ્વર્ગસ્થ હેમંતભાઈ અને ભાભી નયનાબેન કોન્ટ્રાક્ટરના નામે રહેલી પેઢીની મિલકતોના બોગસ પાવર ઓફ એટર્ની બનાવ્યા હતા. આ બનાવટી દસ્તાવેજો પર ખોટી સહીઓ કરીને તેમણે બજાજ ફાઈનાન્સ કંપનીમાંથી રૂપિયા 2.92 કરોડની લોન મેળવી હતી. લોન મેળવ્યા બાદ કનૈયા કોન્ટ્રાક્ટરે લોનના હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું, જેના કારણે તેમના ભાઈ અને ભાભી મુશ્કેલીમાં મુકાયા. આ કૃત્ય બદલ તેમની સામે સુરત ઈકો સેલમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

લાલભાઈ કોન્ટ્રાક્ટર પરિવારમાં વિવાદ ત્યારે સપાટી પર આવ્યો જ્યારે સ્વર્ગસ્થ હેમંત કોન્ટ્રાક્ટરના પત્ની નયનાબેન કોન્ટ્રાક્ટરને લોનની રિકવરી નોટિસ મળી. નયનાબેનની ફરિયાદ મુજબ, ઘોડદોડ રોડ સ્થિત તેમની RDS પેઢીની ઓફિસ પર બજાજ ફાઈનાન્સમાંથી 2.92 કરોડની લોન લેવામાં આવી હતી.



નયનાબેનની તપાસમાં બહાર આવ્યું કે તેમના જેઠ કનૈયાલાલ કોન્ટ્રાક્ટરે તેમના સ્વર્ગસ્થ પતિ હેમંત કોન્ટ્રાક્ટર, માતા અને નયનાબેનના નામે બોગસ સહીઓ કરીને પાવર ઓફ એટર્ની બનાવ્યું હતું અને તેના આધારે લોન મેળવી હતી. લોનના 67 લાખની રકમ બાકી નીકળતા નોટિસ આવી, જેના પગલે નયનાબેને આ સમગ્ર મામલે 25 ઓક્ટોબર 2024ના રોજ EOWમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે EOWના ડીસીપી કરણ સિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ફરિયાદ થયા બાદ આરોપી કનૈયાલાલ કોન્ટ્રાક્ટરે ધરપકડથી રાહત મેળવવા માટે હાઈકોર્ટ અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, પરંતુ આ બંને અરજીઓ રિજેક્ટ થતાં EOW દ્વારા ધરપકડની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ધરપકડ પહેલાં કનૈયાલાલ કોન્ટ્રાક્ટરનું સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું. અંદાજે 140 કિલો વજન ધરાવતા કનૈયા કોન્ટ્રાક્ટરને ધરપકડ બાદ વ્હીલચેર પર EOW બ્રાન્ચમાં લઈ જવામાં આવ્યા હતા. ડીસીપીએ જણાવ્યું હતું કે, કેસની તપાસ દરમિયાન અત્યાર સુધીમાં બોગસ પાવર ઓફ એટર્ની દસ્તાવેજ મળ્યા નહોતા, પરંતુ હવે આરોપીની ધરપકડ બાદ તમામ દસ્તાવેજો એકત્ર કરવાની અને રિમાન્ડ મેળવવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. આ દસ્તાવેજો કઈ રીતે અને ક્યાં બનાવ્યા હતા, તેમજ બેંકમાં કેવી રીતે રજૂ કર્યા હતા, તે અંગે ઊંડાણપૂર્વક તપાસ કરાશે.

નયનાબેન કોન્ટ્રાક્ટરે તેમની ફરિયાદમાં ગંભીર પારિવારિક આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે વર્ષ 2021માં આ બાબતની જાણ થતાં સમાધાનના પ્રયાસ કરાયા હતા, પરંતુ પતિ હેમંત કોન્ટ્રાક્ટરના અવસાન બાદ કનૈયાલાલ દ્વારા દબાણ વધારવામાં આવ્યું હતું. એટલું જ નહીં, કનૈયાલાલ પર ઘરની બે દીકરીઓને ક્રિકેટ એસોસિએશનની ખુરશી છોડી દેવા માટે દબાણ કરવા અને 25 કરોડની માંગણી કરવાનો પણ આક્ષેપ પણ કરવામાં આવ્યા હતા. નયનાબેને આક્ષેપ કર્યો હતો કે, હેમંત કોન્ટ્રાક્ટરને વારંવાર રૂપિયા માટે માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે તેઓ ચિંતામાં રહેતા હતા અને હાર્ટ એટેકથી તેમનું મોત થયું હતું. હાલમાં EOW દ્વારા કનૈયાલાલ કોન્ટ્રાક્ટરના રિમાન્ડ મેળવીને આ સમગ્ર હાઈ-પ્રોફાઈલ છેતરપિંડીના મૂળ સુધી પહોંચવાની કવાયત શરૂ કરી દેવાઈ છે. ધરપકડના ડરથી કનૈયા કોન્ટ્રાક્ટરે સૌપ્રથમ સુરતની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જોકે, મૂળ ફરિયાદી તરફે વકીલ મનવી પટેલની ધારદાર દલીલો અને સરકારી વકીલની રજૂઆતોને ધ્યાનમાં રાખીને કોર્ટે તેમની જામીન અરજી નામંજૂર કરી હતી.

# ટ્રમ્પે કહ્યું- 350% ટેરિફની ધમકી પર મોદીનો ફોન આવ્યો : દાવો- PMએ કહ્યું, 'વી આર ડન, અમે યુદ્ધ નહીં કરીએ'

**વોશિંગ્ટન, તા.20**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેમણે 350% ટેરિફ લગાવવાની ધમકી આપીને ભારત-પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવ્યું હતું.

ટ્રમ્પે અમેરિકા-સાઉદી ઈન્વેસ્ટમેન્ટ ફોરમમાં બુધવારે બોલતા કહ્યું, 'મને સૌથી પહેલા પાકિસ્તાની PM શાહબાઝ શરીફનો ફોન આવ્યો હતો. તેમણે ફોન પર આભાર માન્યો અને જણાવ્યું કે મેં લાખો લોકોના જીવ બચાવ્યા છે.'

આ પછી ટ્રમ્પે દાવો કર્યો કે તેમને વડાપ્રધાન મોદીનો ફોન આવ્યો. મોદીએ કહ્યું, "અમે પૂરું કરી દીધું." ટ્રમ્પે પૂછ્યું, "શું પૂરું કરી દીધું?" આના પર મોદીએ જણાવ્યું, "અમે યુદ્ધ નહીં કરીએ."

ટ્રમ્પ આ દાવો 60થી વધુ વખત દોહરાવી ચૂક્યા છે કે, મે મહિનામાં ભારત-પાકિસ્તાન વચ્ચે જે તણાવ ઓછો થયો, તે તેમની દખલગીરીના કારણે થયો. જ્યારે ભારત સતત કહી રહ્યું છે કે સંઘર્ષ વિરામમાં કોઈ ત્રીજો દેશ સામેલ નહોતો અને સંઘર્ષ વિરામ ભારત અને પાકિસ્તાનની સીધી વાતચીત પછી થયો હતો.

આ પહેલા ટ્રમ્પે 29 ઓક્ટોબરે દક્ષિણ કોરિયામાં APEC CEO સમિટમાં ભારત-પાકિસ્તાન તણાવનો પણ ઉલ્લેખ કર્યો હતો. ટ્રમ્પે કહ્યું કે જ્યારે બંને દેશો લડી રહ્યા હતા, ત્યારે તેમણે તેમને યુદ્ધ બંધ કરવા કહ્યું હતું, પરંતુ તેમણે ના પાડી દીધી હતી.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમણે બંને દેશો પર 250% ટેરિફ લાદવાની ધમકી આપી હતી. બે દિવસ પછી બંને પક્ષોએ ફોન કરીને યુદ્ધવિરામ પર સંમતિ દર્શાવી. ફોન પર વાતચીત દરમિયાન તેમણે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને ફિલ્ડ માર્શલ અસીમ મુનીરની પણ પ્રશંસા કરી, જેમને તેમણે એક શક્તિશાળી યોદ્ધા ગણાવ્યા.



ભારત-અમેરિકા વચ્ચે LPG ખરીદીનો સોદો ચાલી રહેલા ટેરિફ વિવાદ વચ્ચે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સે સોમવારે તેમનો પ્રથમ કરાર કર્યો. આ કરાર હેઠળ ભારત યુએસ પાસેથી આશરે 2.2 મિલિયન ટન (MTPA) LPG ખરીદશે, જે ભારતની વાર્ષિક જરૂરિયાતોના 10%નું પ્રતિનિધિત્વ કરે છે. આ કરાર એક વર્ષ માટે 2026 સુધી માન્ય છે.

આ સોદો ભારતની સરકારી તેલ કંપનીઓ- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન (HPCL) દ્વારા અમેરિકન ઊર્જા સપ્લાયર્સ - શેવરોન, ફિલિપ્સ 66 અને ટોટલ એનર્જી ટ્રેડિંગ સાથે કરવામાં આવ્યો છે.

ભારત LPGનો વિશ્વનો બીજો સૌથી મોટો ગ્રાહક દેશ છે. હાલમાં ભારત તેની LPG જરૂરિયાતોના 50%થી વધુ આયાત કરે છે, જેમાં મોટાભાગનો પુરવઠો પશ્ચિમ એશિયાઈ બજારોમાંથી આવે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 10 નવેમ્બરના રોજ કહ્યું હતું કે ભારત અને અમેરિકા એક નવા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાની નજીક છે. તેમણે કહ્યું કે અમેરિકા ભારત પર લાદવામાં આવેલા ટેરિફમાં ધીમે ધીમે ઘટાડો કરશે.

ટ્રમ્પે કહ્યું, 'તેઓ અત્યારે મને પ્રેમ નથી કરતા, પરંતુ તેઓ ફરીથી મને પ્રેમ કરશે. અમને એક સારો સોદો મળી રહ્યો છે.'

ભારત પર ટેરિફ ઓછા કરવાના સવાલ પર ટ્રમ્પે કહ્યું કે ભારત પર ઊંચા ટેરિફ રશિયન તેલ ખરીદવાના કારણે લગાવવામાં આવ્યા હતા, પરંતુ હવે ભારતે રશિયન તેલની ખરીદી ખૂબ ઓછી કરી દીધી છે. તેમણે કહ્યું, 'હા, અમે ટેરિફ ઘટાડીશું.'

ટ્રમ્પે કહ્યું, 'ભારત દુનિયાની સૌથી જૂની સભ્યતાઓમાંની એક છે, દુનિયાનો સૌથી મોટો દેશ છે અને તેની વસતિ 1.5 અબજથી વધારે છે. સાથે જ વડાપ્રધાન મોદી સાથે અમારા શાનદાર સંબંધો છે અને સર્જિયોએ તેને વધુ વધાર્યા છે.'

ટ્રમ્પે આગળ કહ્યું, 'ભારત સૌથી ઝડપથી વિકસતો વર્ગ પણ છે, અને તે હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ આર્થિક અને વ્યૂહાત્મક સુરક્ષા ભાગીદાર છે. રાજદૂત તરીકે સર્જિયો આપણા દેશના બંધનને મજબૂત કરવા, મુખ્ય અમેરિકી ઉદ્યોગોમાં રોકાણને પ્રોત્સાહન આપવા, અમેરિકી ઊર્જા નિકાસ વધારવા અને આપણા સુરક્ષા સહયોગનો વિસ્તાર કરવા માટે કામ કરશે.'

ટ્રમ્પે ભારત પર પહેલાથી જ કુલ 50% ટેરિફ લાદી દીધા છે, જેમાં 25% પારસ્પરિક ટેરિફ અને રશિયા પાસેથી તેલ ખરીદી પર 25% દંડનો સમાવેશ થાય છે.

પારસ્પરિક ટેરિફ 7 ઓગસ્ટથી અમલમાં આવ્યા અને દંડ 27 ઓગસ્ટથી લાગુ થયા. રશિયા પર દબાણ લાવવા માટે અમેરિકાએ ભારત પર આર્થિક પ્રતિબંધો લાદ્યા છે.

ટ્રમ્પ વારંવાર દાવો કરી ચૂક્યા છે કે રશિયા ભારતની તેલ ખરીદીમાંથી મેળવેલા પૈસાનો ઉપયોગ યુક્રેનમાં યુદ્ધને વેગ આપવા માટે કરે છે.

# પાકિસ્તાની નેતાએ કહ્યું - લાલ કિલ્લાથી કાશ્મીર સુધી હુમલા કર્યા

## મેં મોદીને પણ પડકાર ફેંક્યો, બલુચિસ્તાનમાં લોહી વહેવડાવવાનું બંધ કરે ભારત

**ઈસ્લામાબાદ, તા.20**

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) ના ભૂતપૂર્વ વડા પ્રધાન ચૌધરી અનવરુલ હકે ભારતમાં આતંકવાદી હુમલાઓની કબૂલાત કરી છે. એક નિવેદનમાં, હકે સ્વીકાર્યું કે પાકિસ્તાની આતંકવાદીઓએ લાલ કિલ્લાથી લઈને કાશ્મીરના જંગલો સુધી ભારતને નિશાન બનાવ્યું છે. હકે કહ્યું કે પદ પર રહીને તેમણે નરેન્દ્ર મોદી અને ભારતમાં તેમની સરકારને પણ પડકાર ફેંક્યો હતો.

હકનું આ નિવેદન 10 નવેમ્બરના રોજ દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક થયેલા મોટા કાર બોમ્બ વિસ્ફોટ બાદ આવ્યું છે, જેમાં 15 લોકો માર્યા ગયા હતા. તે જ સમયે કાશ્મીરના જંગલો વિશેના તેમના નિવેદનને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા સાથે જોડવામાં આવી રહ્યું છે. 22 એપ્રિલના રોજ થયેલા આ હુમલામાં 26 લોકો માર્યા ગયા હતા અને 16 ગંભીર રીતે ઘાયલ થયા હતા. આતંકવાદીઓએ ધાર્મિક ઓળખના આધારે પ્રવાસીઓને નિશાન બનાવ્યા હતા. આ ઘટના પહેલગામ શહેરથી 6 કિલોમીટર દૂર બૈસરન વેલીમાં બની હતી. સોમવારે પીઓકે વિધાનસભામાં



અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થયા બાદ ચૌધરી અનવરુલ હકને વડા પ્રધાન પદેથી રાજીનામું આપવાની ફરજ પડી હતી. આ પ્રસ્તાવને તેમની વિરુદ્ધ 36 મત મળ્યા હતા. પીપીપીના રાજા ફૈઝલ મુમતાઝ રાઠોડ પીઓકેના નવા વડાપ્રધાન બન્યા છે. રાજા ફૈઝલને વિધાનસભામાં 36 મત મળ્યા. અગાઉ વડાપ્રધાન ચૌધરી અનવરુલ હક, જે ઈમરાન ખાનના પીટીઆઈ સાથે જોડાયેલા છે, તેમને અવિશ્વાસ પ્રસ્તાવમાં દૂર કરવામાં આવ્યા હતા. પર સભ્યોની પીઓકે વિધાનસભામાં બહુમતીનો આંકડો 27 છે, જેને બિલાવલ ભુટ્ટોની પીપીપી અને શાહબાઝ શરીફની પીએમએલ-એનએ સરળતાથી પાર કરી લીધો. તેમને ૨૭ પીપીપી અને 9 પીએમએલ-એન ધારાસભ્યોનું સમર્થન મળ્યું. હકીકતમાં, રવિવારે પીટીઆઈના બે ધારાસભ્યો પીપીપીમાં જોડાયા હતા.

# અમેરિકા ભારતને 100 ટેન્ક કિલર મિસાઈલ આપશે

## 775 કરોડની ડીલ, એન્ટી-ટેન્ક મિસાઈલ જેવેલિન ચીન-પાકિસ્તાનની ટેન્કો ઉડાવી દેશે

**વોશિંગ્ટન, તા.20**

અમેરિકા ભારતને 100 જેવલિન મિસાઈલ સિસ્ટમ (FGM-148) અને 216 એક્સકેલિબર પ્રોજેક્ટાઈલ સ્માર્ટ આર્ટિલરી (M982A1) વેચશે. આ માટે બંને દેશો વચ્ચે 92.8 મિલિયન ડોલર (આશરે 775 કરોડ)ની ડીલ થઈ છે.

યુએસ ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સી (DSCA) એ બુધવારે જણાવ્યું હતું કે વેચાણ માટે જરૂરી મંજૂરીઓ અને વિગતો યુએસ કોંગ્રેસને સુપરત કરવામાં આવી છે. DSCAએ જણાવ્યું હતું કે આ શસ્ત્રો ભારતને વર્તમાન અને ભવિષ્યના જોખમોનો સામનો કરવામાં મદદ કરશે. FGM-148 જેવેલિન એક પોર્ટેબલ એન્ટી-ટેન્ક મિસાઈલ છે જે ટેન્ક, બખ્તરબંધ વાહનો અને બંકરોને ઉડાવી દેવા માટે બનાવાયેલ છે. આ મિસાઈલ ટારગેટની ગરમી (હીટ સિગ્નેચર) ને શોધીને તેના પર હુમલો કરે છે. તેની રેન્જ 2500 મીટર છે. તે ધુમાડો, ધૂળ અથવા ખરાબ હવામાનમાં પણ ટારગેટનો નાશ કરવામાં સક્ષમ છે. M982A1 એક GPS-ગાઈડેડ સ્માર્ટ ગોળો છે. તે સ્માર્ટ બોમ્બની જેમ કાર્ય કરે છે, પરંતુ તેને તોપથી છોડવામાં આવે છે. જ્યારે એક સામાન્ય તોપની રેન્જ 15-20 કિલોમીટર હોય છે, ત્યારે એક્સકેલિબર 40-50 કિલોમીટર દૂરના લક્ષ્યોને સચોટ રીતે નિશાન લગાવી શકે છે.



આ ડીલને મંજૂરી આપતાં, DSCAએ જણાવ્યું હતું કે આ વેચાણ ભારતની સુરક્ષાને વધુ મજબૂત બનાવશે, જે એક મુખ્ય સંરક્ષણ ભાગીદાર છે, અને વર્તમાન અને ભવિષ્યના જોખમોનો સામનો કરવાની ભારતની ક્ષમતામાં વધારો કરશે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ શસ્ત્રો ભારતની માતૃભૂમિ સુરક્ષાને મજબૂત બનાવશે અને પ્રાદેશિક જોખમોને રોકવામાં મદદ કરશે. ભારત માટે આ સાધનોને તેની સેનામાં એકીકૃત કરવાનું સરળ બનશે. આનાથી દક્ષિણ એશિયા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં લશ્કરી સંતુલન બદલાશે નહીં. તેની યુએસ સંરક્ષણ તૈયારીઓ પર કોઈ નકારાત્મક અસર પડશે નહીં. ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સે 31 ઓક્ટોબરના રોજ 10 વર્ષના નવા સંરક્ષણ માળખા કરાર પર હસ્તાક્ષર કર્યા. આનો અર્થ એ થયો કે આગામી 10 વર્ષોમાં, બંને દેશો તેમના સૈન્ય, સંરક્ષણ ઉદ્યોગ અને તકનીકી સહયોગને વધુ મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરશે. આ પહેલ હેઠળ, અમેરિકા ભારત સાથે અદ્યતન ટેકનોલોજી શેર કરશે, જે અદ્યતન ડ્રોન અને AI શસ્ત્રો પર સંયુક્ત રિસર્ચમાં મદદ મળશે.

# રાજ્યપાલ વિધાનસભામાં પાસ થયેલાં બિલને લટકાવે નહીં : સુપ્રીમ કોર્ટ

## બિલ મંજૂર કરે, પરત કરે અથવા રાષ્ટ્રપતિને મોકલે; કોઈ ડેડલાઈન નથી, પરંતુ મોડું થશે તો ટકોર કરીશું

**નવી દિલ્હી, તા.20**

સુપ્રીમ કોર્ટે ગુરુવારે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો માટે બિલોને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી કરવાની માગ કરતી અરજીઓ પર પોતાનો ચુકાદો આપ્યો. કોર્ટે કહ્યું કે તેઓ નથી માનતા કે રાજ્યપાલો પાસે વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલોને રોકવાની સંપૂર્ણ સત્તા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું, 'રાજ્યપાલ પાસે ત્રણ વિકલ્પો છે: કાં તો બિલોને મંજૂરી આપો, તેમને પુનર્વિચારણા માટે પાછા મોકલો, અથવા તેમને રાષ્ટ્રપતિ પાસે મોકલો.' સુપ્રીમ કોર્ટે કહ્યું કે બિલોને મંજૂરી આપવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરી શકાતી નથી. પરંતુ મોડું થશે તો ટકોર જરૂર કરવામાં આવશે.

આ મામલો તમિલનાડુના રાજ્યપાલ અને રાજ્ય સરકાર વચ્ચેના વિવાદમાંથી ઉભો થયો હતો, જ્યાં રાજ્યપાલે રાજ્ય સરકારના બિલોને અવરોધિત કર્યા હતા. 8 એપ્રિલના રોજ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે રાજ્યપાલ પાસે કોઈ વીટો પાવર નથી.

આ જ નિર્ણયમાં કહેવામાં આવ્યું હતું કે રાષ્ટ્રપતિએ રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલ પર ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે. આ આદેશ 11 એપ્રિલના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, રાષ્ટ્રપતિએ આ મામલે સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય માંગ્યો અને 14 પ્રશ્નો પૂછ્યા. આઠ મહિનાથી સુનાવણી ચાલી રહી છે.

સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે સર્વાનુમતે ઠરાવ્યું કે રાજ્ય વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલોને મંજૂરી આપવા માટે રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ માટે કોઈ સમય મર્યાદા નક્કી કરી



શકાતી નથી. ન્યાયતંત્ર પણ આવા કિસ્સાઓમાં ડીમ્ડ સંમતિ આપી શકતું નથી. સરળ શબ્દોમાં કહીએ તો, ડીમ્ડ એસેંટનો અર્થ એ છે કે જો કોઈ બિલ રાજ્યપાલ અથવા રાષ્ટ્રપતિને મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે, અને તેઓ સમયસર જવાબ આપવામાં નિષ્ફળ જાય છે, તો કાયદો એવું માની લે છે કે સંમતિ આપવામાં આવી છે. એટલે કે, તેઓએ બોલ્યા વિના પણ તેમની સંમતિ આપી હોવાનું માનવામાં આવે છે.

રાજ્યપાલ પાસે ત્રણ બંધારણીય વિકલ્પો છે: સંમતિ આપવી, રાષ્ટ્રપતિ માટે અનામત રાખવું, બિલને રોકવું અને તેને વિધાનસભામાં પાછું મોકલવું. આમાંથી કયા વિકલ્પોનો ઉપયોગ કરવો તે નક્કી કરતી વખતે રાજ્યપાલ પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કરે છે.

બંધારણના અનુચ્છેદ 200 અને 201 હેઠળ રાજ્યપાલની સત્તાઓ વિવેકાધીન છે. બિલ પર નિર્ણય લેતી વખતે રાજ્યપાલ મંત્રી પરિષદની સલાહથી બંધાયેલા નથી.

કોર્ટ યોગ્યતાઓમાં પ્રવેશ કરી શકતી નથી, પરંતુ લાંબા સમય સુધી, ગેરવાજબી અથવા અનિશ્ચિત વિલંબના કિસ્સામાં, કોર્ટ મર્યાદિત નિર્દેશો જારી કરી શકે છે. આ જ વાત રાષ્ટ્રપતિને પણ લાગુ પડે છે. ન્યાયિક સમીક્ષા સંપૂર્ણપણે પ્રતિબંધિત છે, પરંતુ લાંબા સમય સુધી નિષ્ક્રિયતાના કિસ્સામાં, બંધારણીય અદાલત તેની બંધારણીય સત્તાનો ઉપયોગ કરી શકે છે.

બેન્ચે કહ્યું, 'રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ માટે ન્યાયિક રીતે સમય મર્યાદા નક્કી કરવી યોગ્ય નથી. રાજ્યપાલની મંજૂરી કોર્ટ દ્વારા રદ કરી શકાતી નથી. રાજ્યપાલ બિલને કાયદામાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયામાં ફક્ત રબર સ્ટેમ્પ નથી.'

આ કેસની સુનાવણી મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના સ્થાને મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈની અધ્યક્ષતાવાળી બંધારણીય બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. બેન્ચમાં ન્યાયાધીશ સૂર્યકાંત, વિક્રમ નાથ, પીએસ નરસિંહા અને એએસ ચંદ્રચુડકર પણ સામેલ હતા. સુનાવણી 19 ઓગસ્ટથી શરૂ થઈ હતી.

સુનાવણી દરમિયાન, એટર્ની જનરલ આર. વેંકટરામણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કેન્દ્ર સરકારનો પક્ષ રજૂ કર્યો, જ્યારે વિપક્ષ શાસિત રાજ્યો તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ, કર્ણાટક, તેલંગાણા, પંજાબ અને હિમાચલ પ્રદેશે કેન્દ્ર સરકારનો વિરોધ કર્યો.

# 'ઓપરેશન સિંદૂર'માં પાકિસ્તાને ભારતને હરાવ્યું! : અમેરિકન રિપોર્ટમાં દાવો

**વોશિંગ્ટન, તા.20**

એક અમેરિકન રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મે 2025માં પહલગામ હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસના યુદ્ધમાં પાકિસ્તાને મોટી લશ્કરી સફળતા મેળવી હતી. આ અહેવાલ જે પહલગામ હુમલાને આતંકવાદી હુમલાને બદલે 'બળવાખોર હુમલો' તરીકે વર્ગીકૃત કરે છે. 800 પાનાંના આ રિપોર્ટને યુએસ-ચાઈના ઈકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યૂ કમિશન (USCC)એ જાહેર કર્યો છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ અહેવાલનો વિરોધ કરતાં કહ્યું, 'શું વડાપ્રધાન અને વિદેશ મંત્રાલય પોતાનો વાંધો અને વિરોધ નોંધાવશે? આ આપણી રાજદ્વારીને વધુ એક મોટો આંચકો લાગ્યો છે.' યુએસસીસીનું કહેવું છે કે ચીને ભારત-પાકિસ્તાન યુદ્ધનો ઉપયોગ લાઈવ વોરમાં તેનાં આધુનિક શસ્ત્રોનું પરીક્ષણ કરવા અને તેમને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટે કર્યો હતો. લડાઈ પછી વિશ્વભરમાં ચીનના દૂતાવાસોએ તેમનાં શસ્ત્રોની પ્રશંસા કરી અને કહ્યું કે પાકિસ્તાને એનો ઉપયોગ ભારતીય લડાકુ વિમાનોને તોડી પાડવા માટે કર્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાને ભારતનાં નવાં રાફેલ જેટ સહિત ઓછાંમાં ઓછાં છ ભારતીય લડાકુ વિમાનોને તોડી પાડવાનો દાવો કર્યો છે. આનાથી રાફેલ જેટની છબિ ખરાબ થઈ ગઈ. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ફક્ત ત્રણ ભારતીય વિમાનને તોડી પાડવામાં આવ્યાં હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી, પરંતુ તેમ છતાં ચીને પાકિસ્તાનના આ દાવાઓનો ઉપયોગ તેનાં શસ્ત્રોનું વેચાણ કરવા માટે કર્યો. રિપોર્ટ અનુસાર, પાકિસ્તાને આ સંઘર્ષમાં ચીન દ્વારા પૂરાં પાડવામાં આવેલાં શસ્ત્રોનો ઉપયોગ કર્યો, જે વિશ્વને તેની લશ્કરી શ્રેષ્ઠતા દર્શાવે છે. એમાં જણાવાયું છે કે પાકિસ્તાને ચીનની HQ-9 વાયુ સંરક્ષણ પ્રણાલી, PL-15 મિસાઈલો અને J-10 ફાઈટર જેટનો ઉપયોગ કર્યો હતો. ભારતનો દાવો છે કે આ સમયગાળા દરમિયાન પાકિસ્તાનને પણ ચીની ગુપ્ત માહિતી મળી હતી. પાકિસ્તાન આ વાતનો ઈનકાર કરે છે અને ચીને પણ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું નથી. અહેવાલો અનુસાર, 2019થી 2023 વચ્ચે પાકિસ્તાનની 82% શસ્ત્રોની આયાત ચીનથી થઈ હતી. યુએસસીસી એક દ્વિપક્ષીય કમિશન છે, જેનો અર્થ એ થાય કે એ રિપબ્લિકન અને ડેમોક્રેટિક બંને પક્ષો દ્વારા ચીન-યુએસ આર્થિક અને સુરક્ષા સંબંધોને સંતુલિત રીતે દેખરેખ રાખવા માટે બનાવવામાં આવ્યું હતું. સરળ શબ્દોમાં કહીએ તો USCC એક અમેરિકન કમિશન છે, જે દર વર્ષે ચીન શું કરી રહ્યું છે અને વિશ્વ પર એની શું અસર પડી રહી છે એનો અહેવાલ આપે છે. આ વખતે રિપોર્ટમાં ચીનની નીતિઓ, તેની આર્થિક ક્ષમતા, લશ્કરી પડકાર, ટેકનોલોજી સ્પર્ધા અને સપ્લાય ચેઈન સહિત ઘણાં મહત્ત્વપૂર્ણ જોખમોની ચર્ચા કરવામાં આવી છે.

# મસ્ક 6 મહિનામાં જ ટ્રમ્પ કેમ્પમાં પાછા ફર્યા : નવી પાર્ટી બનાવવાનો પ્લાન કેન્સલ, ટ્રમ્પ સાથે ડિનરમાં સામેલ થયા, ચૂંટણી ફંડિંગ પણ કરશે

**વોશિંગ્ટન, તા.20**

ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેના સંઘર્ષના લગભગ છ મહિના પછી રાજધાની વોશિંગ્ટનમાં એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપીને અમેરિકન રાજકારણના કેન્દ્રમાં પાછા ફર્યા છે.

ઈલોન મસ્કે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના સન્માનમાં ટ્રમ્પના સ્ટેટ ડિનરમાં પણ હાજરી આપી હતી. મસ્કે નવી રાજકીય પાર્ટી બનાવવાની યોજના પણ રદ કરી દીધી છે.

મસ્કે એમ પણ કહ્યું છે કે તેઓ 2026 ની મધ્યસત્ર ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના ઉમેદવારોને ટેકો અને ભંડોળ આપશે, જે સંકેત આપે છે કે તેઓ સંઘર્ષ કરતાં મિત્રતાને પસંદ કરી રહ્યા છે. મે મહિનામાં મસ્કે વોશિંગ્ટન છોડ્યું ત્યારનું ચિત્ર આજ કરતાં તદ્દન અલગ હતું. તે સમયે મસ્ક ટ્રમ્પ વહીવટીતંત્રના બિગ બ્યુટીફુલ બિલ અને તેમના નજીકના સહયોગી જેરેડ આઈઝેકમેનને નાસાના વડા તરીકે નિયુક્ત કરવામાં નિષ્ફળતાથી નારાજ હતા. મસ્કે દાવો કર્યો હતો કે ટ્રમ્પ દોષિત જાતીય ગુનેગાર જેફરી એપ્સ્ટેઈન સંબંધિત ગુપ્ત દસ્તાવેજો જાહેર કરી રહ્યા નથી કારણ કે તેમાં તેમનું નામ હતું. મસ્કે જાહેરમાં તૃતીય પક્ષ, અમેરિકા પાર્ટી બનાવવા અને રિપબ્લિકન પાર્ટીને પડકારવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો.

હવે પરિસ્થિતિ વિપરીત છે. મસ્કની ટીમ ઓસ્ટિનની એક લક્ઝરી હોટેલમાં બે દિવસીય DoGE ટીમ રિયુનિયનનું આયોજન કરી રહી છે, જેમાં ડિનરનું આયોજન અને ટેસ્લા, સ્પેસએક્સ અને ધ બોરિંગ







કંપનીના ફેક્ટરી વિઝિટનું આયોજન છે. મસ્ક પોતે પણ હાજરી આપી શકે છે. આ સૂચવે છે કે એક સોદો થઈ ગયો છે.

ટ્રમ્પે પાછળથી બે મુદ્દાઓ પર નિર્ણયો લીધા જેનાથી મસ્ક સૌથી વધુ નારાજ થયા, જેનો તેમને સીધો ફાયદો થયો. પ્રથમ, નાસાના વડા તરીકે મસ્કના નજીકના સહયોગી જેરેડ આઈઝેકમેનને પાછા ખેંચવાને લઈને એક મોટો વિવાદ થયો. ટ્રમ્પે થોડા અઠવાડિયા પહેલા જ તેમને નાસાના વડા તરીકે ફરીથી નિયુક્ત કર્યા, આ પગલાની મસ્કે ખુલ્લેઆમ ઉજવણી કરી. બીજું, મસ્ક વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારી સર્જિયો ગોરથી પણ ખૂબ નારાજ હતા, જેમને તેઓ આઈઝેકમેન માટે અવરોધ માનતા હતા. ગોરને બાદમાં વોશિંગ્ટનમાંથી દૂર કરવામાં આવ્યા હતા અને ભારતમાં રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમના વિદાય સ્વાગત સમારંભમાં, ટ્રમ્પે મજાકમાં કહ્યું, 'કેટલાક લોકો તમને એટલા પસંદ નથી કરતા.'

11 નવેમ્બરના રોજ યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ દ્વારા સર્જિયો ગોરને ભારતમાં રાજદૂત તરીકે શપથ લેવડાવ્યા હતા.

ટ્રમ્પ અને મસ્ક મે મહિનામાં થયેલા ઝઘડા પછી સપ્ટેમ્બરમાં પહેલી વાર બોલ્યા હતા, જ્યારે તેઓ બંને જમણેરી નેતા ચાર્લી કિર્કને શ્રદ્ધાંજલિ આપી રહ્યા હતા, જે ઉટાહમાં યુનિવર્સિટી કેમ્પસમાં ગોળીબારમાં માર્યા ગયા હતા.

આ કાર્યક્રમમાં 20,000 થી વધુ લોકો હાજર રહ્યા હતા. ટ્રમ્પ અને મસ્ક સ્મારક સેવામાં એકબીજાની બાજુમાં બેઠા અને ગપસપ કરતા જોવા મળ્યા હતા.

મસ્ક દ્વારા ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DoGE) છોડ્યા પછી આ બંને વચ્ચેની પહેલી મુલાકાત હતી.

2024ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પની જીત સુનિશ્ચિત કરવા માટે મસ્કે લગભગ 2500 કરોડ રૂપિયા ($300 મિલિયન) ખર્ચ્યા, ત્યારબાદ તેઓ રાષ્ટ્રપતિના સૌથી નજીકના સહયોગીઓમાંના એક બન્યા. ટ્રમ્પે તેમને સરકારી ખર્ચ બચાવવા અને ઘટાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું, પરંતુ પાછળથી બિગ બ્યુટીફુલ બિલને લઈને બંને વચ્ચે ઝઘડો થયો.

મે 2025માં મસ્કે વોશિંગ્ટન છોડી દીધું. ત્યારબાદ તેમણે ટ્રમ્પ પર અનેક આરોપો લગાવ્યા, તેમને કૃતઘ્ન ગણાવ્યા, જેના કારણે ટ્રમ્પે મસ્કની સબસિડી કાપી નાખવાની ધમકી આપી.

મસ્કે પાછળથી દાવો કર્યો કે તેઓ રિપબ્લિકનને પડકારવા માટે એક નવો રાજકીય પક્ષ, 'અમેરિકા પાર્ટી' બનાવી રહ્યા છે. આ જાહેરાત પછી તેમણે ન તો કોઈ સંગઠન બનાવ્યું કે ન તો કોઈ ગંભીર પગલાં લીધા.

હકીકતમાં, મસ્ક ત્રીજા પક્ષની સાચી જટિલતા અને કિંમતથી અજાણ હતા, અને તેમના રાજકીય સલાહકારો પણ ટ્રમ્પ સાથે સીધો મુકાબલો ઈચ્છતા ન હતા.

તંત્રી લેખ

## મૂછને આંકડા, બ્લેકફિલ્મવાળી બ્રેઝા અને નકલી પોલીસનો રોફ

મૂંછને આંકડાવાળી, બ્લેકફિલ્મવાળી બ્લેક કલરની બ્રેજા કાર લઈને આણંદની બજારમાં ફરીને પોતે પોલીસ જવાન હોવાનું જણાવીને રોફ જમાવતા નકલી પોલીસ કોન્ટેબલને અસલી પોલીસે ઝડપી પાડ્યો છે. નકલી પોલીસ બનીને ફરતા યુવકનો રોફ એટલો બધો હતો કે અસલી પોલીસ પહોંચી તોય પોતે પોલીસમાં હોવાનું જણાવીને રોફ જમાવ્યો હતો અને આટલાથી ઓછું હોય એમ એની પાસે રહેલું આઈકાર્ડ પણ બતાવ્યું હતું, જોકે અસલી પોલીસે યુવકને ક્યાં ફરજ બજાવે છે એવું પૂછતાં આખો ભાંડો ફૂટી ગયો હતો. ઘટનાની વિગતે વાત કરીએ તો... ગઈકાલે સાંજના સમયે આણંદ ટાઉન પોલીસને બાતમી મળી હતી કે શહેરના તુલસી ગરનાળા નજીક આકાશ ટાઉનશિપ તરફના રોડ પર (GJ-23-CJ-8843) નંબરની કાળા કાચ અને કાળા કલરની બ્રેઝા ગાડીમાં એક શખસ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી રહ્યો છે, જોકે તે પોલીસ નથી. તેની પાસે બનાવટી પોલીસ આઈડી અને પોલીસ લખેલી પ્લેટ પણ છે. અસલી પોલીસ સામે પણ પોતે પોલીસમાં હોવાનો દાવો કર્યો, બાતમીના આધારે પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં બાતમી મુજબની ગાડી પાર્ક કરેલી હતી અને એમાં એક વ્યક્તિ બેઠેલી હતી. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ સુરેન્દ્રસિંહ ભરતસિંહ લુહાર (રહે. રઘુકુળ સોસાયટી, મોગર, તા.આણંદ) જણાવ્યું હતું અને પોતે પોલીસમાં હોવાનો દાવો કરી પેન્ટના ખિસ્સામાંથી ગુજરાત પોલીસનું આઈડી કાર્ડ બતાવ્યું હતું. ફરજના સ્થળ વિશે પૂછતાં આરોપીની પોલ ખૂલી, જોકે પોલીસે ફરજના સ્થળ વિશે પૂછપરછ કરતાં સુરેન્દ્રસિંહ ભાંગી પડ્યો હતો અને તેણે કબૂલ્યું હતું કે આ પોલીસ આઈડી કાર્ડ બનાવટી છે. પોલીસે તેની અટકાયત કરી તલાશી લેતાં તેના ખિસ્સામાંથી બે મોબાઈલ ફોન તેમજ મીડિયાનું આઈડી કાર્ડ મળ્યાં હતાં.ગાડીમાંથી પોલીસ લખેલી નેમપ્લેટ પણ મળી, વધુમાં તેની ગાડીમાંથી લાલ તથા વાદળી કલરના રેડિયમ પટ્ટાવાળી અંગ્રેજીમાં 'પોલીસ' લખેલી પ્લેટ પણ મળી આવી હતી, જે પોલીસે જપ્ત કરી છે. પકડાયેલા સુરેન્દ્રસિંહ ભરતસિંહ લુહાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 204, 205, 336(2), 340(2) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.નકલી આઈકાર્ડ પર ફોટો પણ હતો, સુરેન્દ્રસિંહ પાસેથી મળેલું બનાવટી પોલીસ આઈડી. કાર્ડમાં ઓળખપત્ર નંબર 961 અને ઈસ્યુ તારીખ 28/05/2014 દર્શાવવામાં આવી હતી. કાર્ડધારકનું નામ સુરેન્દ્રસિંહ ભરતસિંહ અને હોદ્દો 'પોલીસ કોન્સ્ટેબલ' એમ અંગ્રેજી ભાષામાં લખેલું હતું તેમજ કાર્ડ પર સુરેન્દ્રસિંહનો ફોટો પણ હતો. 'હું ક્રાઈમ બ્રાન્ચમાં છું, તારી પર કેસ થયો છે' ત્રણેક દિવસ અગાઉ રાજકોટમાં નકલી પોલીસ બની લોકોને લૂંટી લેતા શખસે એક જગ્યાએ 20 હજારનો તોડ કરતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો, જોકે નકલી પોલીસ બનીને ગયેલા શખસને અસલી પોલીસે પીછો કરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ શખસ પર અગાઉ 5-5 વખત નકલી પોલીસ બની તોડ કરવાના કેસમાં એક વખત પાસા હેઠળ પણ ધકેલાઈ ચૂક્યો હતો. આમ છતાં ફરી જેલમાંથી બહાર આવી પોલીસના નામે લૂંટ ચલાવતાં આખરે પોલીસે તેને છઠ્ઠી વખત ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# શિયાળામાં જેમ સ્વેટર સાલથી હુંફ મળે, એમ જ સમયે સ્વજનોની હુંફ જરૂરી છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. કારતક પૂરો થવા આવ્યો ત્યારે શરૂઆત થઈ ગઈ છે, અને ઠંડીનું મોજુ અનુભવાય રહ્યું છે, વહેલી સવારે તો એ અલહાદકતા એટલે કે શરીરમાં થોડીક ધ્રુજારી પણ ઉત્પન્ન કરે છે. પ્રકૃતિના પ્રદૂષણને કારણે શિયાળો થોડો મોડો અનુભવાયો, એટલે કે લગભગ દિવાળી સુધી બધાના ઘરમાં રાત્રે એસી ચાલતા હતાં, એટલી ગરમી યથાવત હતી. સુક્ષ્મ ચિંતન કરીએ તો ઋતુ પ્રભાવ હોય કે પછી મારી જેમ મમતાનુ પારિવારિક કારણ! પણ સમયે હુંફ બહુ જરૂરી છે. એકાએક ઠંડી શરૂ થઈ ગઈ છે, અને શિયાળાને માણવા સહુ પોતપોતાની રીતે સમજાય એ રીતે સ્વાસ્થય બનાવવા લાગી પડ્યા છે. શરીર એટલે કે દેહ અંતર આત્માને ધારણ કરનારું એક પવિત્ર દેવળ હોવાથી, તેની સમયે સમયે મરમત્ત કરવી પણ એટલી જ જરૂરી છે. ટૂંકમાં એની દેખભાળ આવશ્યક છે, પરંતુ એનાં જ લાલન પાલનમાં દિવસો વીતતા જાય છે, એ તરફ પણ દ્રષ્ટિ કરવી આવશ્યક છે. બંગલો ગમે તેટલો આલીશાન હોય કે સુખ સગવડતા ભર્યો હોય, પરંતુ એ અહીં જ છોડીને એક દિવસ જવાનું છે, બસ એ જ રીતે શરીર ગમે તેટલું આકર્ષક હોય, પણ એનો ત્યાગ કર્યા વગર મુક્તિ કે ભક્તિ બંને શક્ય નથી, એ શાશ્વત સત્યને સમજી ને સંસારી જીવ ભોગ ને પ્રસાદ જેમ ગ્રહણ કરીને જીવે તો એ તેની માટે યોગ સાબિત થાય, અને આ વાત ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્ય એ કરી, આપણા આદિ કવિ નરસિંહ મહેતા એ પણ પોતાને નરસૈંયો ભોગી જ કહ્યો. યોગ એટલે જીવતે જીવ પરમાત્મા સાથે જોડાવું! અને ભોગની વધતી જતી લાલાયિતા જ આપણને યોગ એટલે કે પરમાત્મા સાથે જોડાવા દેતી નથી, અને એને કારણે આટલું બધું ભોગવ્યા છતાં કાંતો હજી વધુ, અને કાંતો આ બધું કે જે મેં જીવન પર્યંત મહેનત કરીને ભેગું કર્યું, એ છોડીને જવું પડશે, એવો રંજ જીવનમાં બધું જ હોવા છતાં સંતોષ થવા દેતો નથી, અને એને કારણે અશાંતિ અનુભવાય છે. પરિવારમાં એક સભ્ય અશાંત હોય, તો એ પરિવારના બીજા સભ્યોને પણ પોતાની વિચારસરણી મુજબ જીવવું એવો આગ્રહ રાખી અશાંત કરે છે. બસ આ અને આવા નાના નાના બીજા પારિવારિક કારણે ભારતીય સમાજ ધીરેધીરે તૂટતો જાય છે. ઘણીવાર વિચાર આવે કે આપણી પાસે શું નથી? એટલે કે પહેલાના કરતાં ઓછા પરિશ્રમ વાળું અને સુખ સગવડતા ભર્યું જીવન છે. વિજ્ઞાનના વિકાસને કારણે આજે સમાજમાં ઘણી ઘણી ક્રાંતિઓ આવી ગઈ છે. શિક્ષણના ક્ષેત્રે પણ હવે દીકરા




દીકરીનો ભેદ ઓછો થતો જાય છે, અને એ રીતે દીકરીઓ પણ પોતાનું ભવિષ્ય સુંદર બનાવી રહી છે. એટલે સામાજિક સ્તર ઊંચું થતું ગયું છે, પરંતુ પારિવારિક રીતે ઘણીવાર એવું બનતું હોય, કે પરિવારના કોઈ એક બે સદસ્યોના જીવન વિશેના રૂઢિગત કે જુનવાણી વિચારોને કારણે આખો પરિવાર પ્રસન્નતાથી જીવી શકતો નથી. તો ઘણીવાર ઊંધું પણ હોય, એટલે કે વધુ પડતી આધુનિકતાને કારણે પણ પરિવારને ભોગવવું પડતું હોય છે. પરિવર્તનનો અર્થ જ બદલાવ થાય છે, એટલે કે સમય જેમ જેમ આગળ ચાલે તેમ તેમ નવી જનરેશન પોતાની રીતે પોતાના જીવનનું મૂલ્યાંકન કરે, અને એ રીતે જીવવાનો આગ્રહ રાખે. તો બહુ સ્વાભાવિક રીતે જ પહેલાની પેઢી આ બધું આસાનીથી સ્વીકારી શકે નહીં, અને ઘરમાં આ રીતે ઘર્ષણ ઊભું થાય, થોડો વખત પરિવારમાં આ રીતે મતભેદ થાય, ધીરે-ધીરે મન ભેદ થાય, અને પરિવાર તૂટે. એટલે કે સ્વતંત્ર અસ્તિત્વની માંગ માટે પરિવારનું વિભાજન થઈ જાય! ટૂંકમાં સમજણની આવશ્યકતા બંને પક્ષના દરેકે દરેક સભ્યને છે, અને સારું ખરાબ કે સાચાં ખોટાંનો ભેદ દરેક વખતે જૂની પેઢીને જ હોય! એવું સમજી લેવું એ પણ ભૂલ ભરેલું હોય છે. ઘણીવાર ત્રણ પેઢી પણ સાથે હોય, અને ત્યારે માત્ર જતુ કરવાની ભાવના જ પરિવાર ને બાંધી રાખી શકે છે, એ સત્ય કે સંસ્કાર આજકાલ બહુ જ જવલ્લે જોવા મળે છે, પરંતુ અહીં પણ શોષણ થવાની શક્યતા છે! એટલે કે કોઈ એક પક્ષ હંમેશા જતુ કરતો હોય, અથવા એને જતુ કરવાની ફરજ પડાતી હોય એવું બની શકે! પણ જો આ પિરિયડ લાંબો ચાલે તો વિદ્રોહની શક્યતા પણ રહે છે.

હમણાં જ તહેવારોના દિવસો ગયાં, જે જે વિભક્ત કુટુંબ હશે એણે અનુભવ્યું હશે, કે રૂપિયા પૈસાથી કંઈ ખુશી ખરીદી શકાતી નથી, તહેવારોમાં સ્વજનોનો સાથ પણ એટલો જ આવશ્યક છે. જોકે આજકાલ તો લોકો રજાઓમાં ફરવા નીકળી પડે છે, એટલે એ રીતે એ લોકો અમુક લાગણીનાં અવસરો ચૂકી જાય છે. આપણે ઉપર જોયું તેમ હવે શિયાળાની શરૂઆત થઈ ગઈ છે, ઠંડીથી બચવા આપણે સ્વેટર સાલનો ઉપયોગ કરતા હોઈએ છીએ. રાત્રે હુંફાળા અને મુલાયમ સ્પર્શ કરાવતા ધાબળા દોહર અને કમ્ફર્ટર એટલે કે આધુનિક રજાઈ, ઓઢીને ઠંડી ભગાડતા હોઈએ છીએ, બસ એ જ રીતે પરિવારના સભ્યોની અંદરો અંદર હુંફ વર્તાવી પણ એટલી જ જરૂરી છે. તહેવાર હોય કે ન હોય, સંતાન ભલે દૂર હોય પણ સંકટ સમયે એકબીજાનો સાથ છે, એવો એક ભરોસો પણ સારી એવી હુંફ આપે છે, અને પરિવારના દરેક સભ્યો હસી ખુશી જીવન જીવે છે.

સમય પ્રમાણે આપણામાં ઘણા પરિવર્તન આવ્યા છે, પરંતુ આપણી ફરિયાદ કરવાની ટેવ ગઈ નથી. એટલે કે આ નથી, એટલે હું આમ કરી કરી શકતી નથી. એમાં પણ આજકાલ લોકોને સમયની કટોકટીનું તો મુખ્ય કારણ હાથવગું જ છે, એટલે કે સમય નથી, નહીં તો હું કેટલુંય કરી શકું!; પરંતુ જેને કંઈક વિશેષ કરવું હોય એ આવી ખોટી ફરિયાદોથી પોતાની જાતને બહાર કાઢી લે છે, અને ત્યારે જ જીવનમાં કંઈક કરી શકે છે. કેટલા સમયથી બધું અનુકૂળ થાય એની રાહ જોતાં આવ્યા છીએ, અને જીવનના આટલા વર્ષો એમનેમ જતાં રહેવાનો રંજ પણ હવે સતાવી રહ્યો છે, ત્યારે સંતાનો જો દૂર હોય તો બીજાં બે ને સંતાન બનાવી એમની જરુરિયાત પૂરી કરી આપણે ખુશી મેળવી શકીએ છીએ. કારતકની શરુઆતમાં જલારામ જયંતિ ગઈ, તો એમનાં જીવનમાંથી પ્રેરણા લઈને આપણાં માંથી કોઈને બટકું રોટલો આપીએ, બસ આવાં નાનાં નાનાં ફેરફાર જીવનમાં જતે દિવસે મોટો બદલાવ લાવી શકે છે, અને એ જ આપણે કરવાનું છે. ભારતની આટલી મોટી આબાદીમાં એક સંપન્ન વ્યક્તિ કમસે કમ એકનો હાથ પકડી એને હુંફ આપે, તો બંને પક્ષે ઉષ્માનો અનુભવ સંભવ છે. આપણે સૌ આ રીતે સમયના આ બદલાવને સ્વીકારી સમાજ ઉપયોગી કર્મ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## સાણંદમાં 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત આરોગ્ય કર્મચારીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમદાવાદ, તા. 20

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા સાણંદ તાલુકા હેલ્થ કચેરી ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યત્વે FHW (ફીમેલ હેલ્થ વર્કર) અને MPHW (મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર) બહેનો અને ભાઈઓને 'The PC & PNDT એક્ટ' વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

કાયદાકીય માર્ગદર્શન અને જોગવાઈઓ

કાર્યક્રમ દરમિયાન 'સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન' યોજનાની ટીમ દ્વારા ઉપસ્થિત આરોગ્ય કર્મીઓને The PC & PNDT અધિનિયમ, 1994 અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં ગર્ભમાં લિંગ નિર્ધારણની મનાઈ, કાયદા મુજબની સજાની કડક જોગવાઈઓ, એપ્રોપ્રિએટ ઓથોરિટીની ભૂમિકા, તેમજ ગેરકાયદેસર સોનોગ્રાફી અંગેની જાણ કરવાની પદ્ધતિ વિશે બહેનોને સરળ અને સમજાય તેવી ભાષામાં માહિતી આપવામાં આવી હતી.

સમાજમાં સકારાત્મક બદલાવનો હેતુ

સેક્સ રેશિયો સુધારવા અને દીકરીઓ પ્રત્યે સમાનતા લાવવાના ઉદ્દેશ સાથે બેટી બચાવો, બેટી પઢાઓ યોજનાની મુખ્ય બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. દીકરીના જન્મને વધાવવા, તેમના શિક્ષણને પ્રોત્સાહન આપવા અને સમાજમાં જાગૃતિ ફેલાવવાના વિવિધ ઉપાયો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આરોગ્ય કર્મીઓની ભૂમિકા અને સંકલ્પ

કાર્યક્રમમાં હાજર રહેલ ફિમેલ હેલ્થ વર્કર અને બહેનોને ઘર મુલાકાત, મમતા દિવસ તથા શાળા અને સમુદાય સ્તરે જાગૃતિ ફેલાવવાની તેમની જવાબદારી અંગે પ્રેરિત કરવામાં આવ્યા હતા. અંતમાં, દીકરીના જન્મથી લઈને તેના શિક્ષણ સુધી સહયોગી બની સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાનો સામૂહિક સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરીના કર્મચારીઓ, સાણંદ હેલ્થ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ત્યાગ અને સંતોષની ભાવના જ વ્યક્તિને દિવ્યતા તરફ દોરી જાય છે. આ કે તે મેળવવાની ઇચ્છા આસુરીવૃત્તિઓને જન્મ આપે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો સાધુ પુરુષનું વર્ણન કરતાં તુલસી દાસજી કહે છે કે,સાધુ પુરુષનું હૃદય નવનીત એટલે કે માખણ જેવું કમળ હોય છે.અરે,નવનીત કરતાંયે કોમળ. કારણ કે નવનીત તો પોતાના પર દુઃખ પડે તો ઓગળે છે,જ્યારે સાધુ તો પારકાના દુઃખે ઓગળે છે,પરહિત કરવું એજ ધર્મ છે, પરપીડા કરવી એ અધર્મ છે, પાપ છે.તે પછી મંથન કરતાં કામધેનુ ગાયમાતા બહાર આવ્યાં.તેનું બ્રાહ્મણોને દાન કરવામાંઆવ્યું કામધેનુ સંતોષનું પ્રતીક છે તે બ્રાહ્મણને આપી.તે પછી ઉચ્ચઃશ્રવા નામનો ઘોડો નીકળ્યો છે. ઘોડો જોઈ દૈત્યોનું મન લલચાયું. એટલે તેમને રાજી કરવા ઉચ્ચઃશ્રવા દૈત્યોને આપ્યો.ઉચ્ચઃશ્રવા એ કીર્તિનું પ્રતીક છે. કીર્તિમાં મન ફસાય તેને અમૃત મળતું નથી. ભગવાન અમાની છે.ભગવાન બધાને માન આપે છે, તેથી તેમને માનદ કહ્યા છે.તમે પણ માનદ બનો.ફરી સમુદ્રમંથન કર્યું. હવે ઐરાવત હાથી નીકળ્યો, તે દેવોને મળ્યો.હાથીએ સૂક્ષ્મદ્રષ્ટિનું પ્રતીક છે.સૂક્ષ્મદ્રષ્ટિએ આત્મદૃષ્ટિ છે. સમુદ્રમંથન આગળ ચાલ્યું. પારિજાત અને અપ્સરાઓ બંને દેવપક્ષને મળ્યાં. પછી સાક્ષાત્ લક્ષ્મીજી પ્રગટ થયાં છે. દૈત્યોને લાગ્યું કે,આ અમને મળે તો સારું, પણ મને મળે એવી ઈચ્છા હોય તેને લક્ષ્મીજી મળતા નથી. એ કંઈ કોઈની ઈચ્છાને આધીન નથી. લક્ષ્મીજી તો સ્વાધીનધર્મા છે. તેમણે કહ્યું કે,હું જાતે વિજય માળા પહેરાવીશ. લક્ષ્મીને વરવા બધાં ડોકાં લાંબા કરે છે. દેવો છે, દાનવો છે, ઋષિમુનિઓ પણ છે. લક્ષ્મીજી કહે છે કે, ઋષિઓ જ્ઞાની છે, તપસ્વી છે, પણ ક્રોધી બહુ છે.કેવળ જ્ઞાન અને તપથી કાંઈ ફળ મળતું નથી, તેને ભક્તિનો સાથ હોવો જોઈએ દેવોને જોઈ લક્ષ્મીજી કહે છે કે, દેવો મહાપુરુષ ખરા, પણ તેઓ કામનાઓના દાસ છે.આગળ પરશુરામ બેઠા હતા. છે તો જિતેન્દ્રિય, પણ નિષ્ઠુર છે. એ ન ચાલે.આગળ માર્કંડેયઋષિ બેઠા હતા. તેજસ્વી ને રૂપાળા, પણ એ તો લક્ષ્મીજીની સામેય જોતા નથી.માર્કંડેય શા સારું લક્ષ્મી સામું જુએ?એમને લક્ષ્મી નો મોહ નથી,એમનું મન તો કૃપા માં ચોંટેલું છે. એક વખત તુકારામની ગરીબ સ્થિતિ જોઈ શિવાજી મહારાજે તુકારામને સોનામહોરોથી ભરેલો થાળ મોકલાવ્યો. ત્યારે તુકારામ મહારાજે કહ્યું કે,પહેલાં હું લક્ષ્મી જીની પાછળ પડેલો, ત્યારે તે મને મળેલી નહીં.હવે જ્યારે ચિત્ત ભગવાનની પાછળ લાગેલું છે, ત્યારે તે મન વિઘ્ન કરવા આવી છે?એમ કહી તેઓએ સોના મહોરોનો સ્વીકાર ન કર્યો. થાળ પરત મોકલ્યો!ભક્ત જાણે છે કે, લક્ષ્મીના મોહમાં ફસાયા તો ભગવાનને ખોઈ બેસીશું.આ તો કોઠું દઈને કડું કાઢી લેવા જેવી વાત છે. એમાં ભક્ત ફસાયો નથી એટલે નિરુદ્યમીને તો ન જ મળે, પણ ભક્તિમાં ઉદ્યમમાં રાતદિવસ ડૂબેલા ભક્તનેય લક્ષ્મીજી મળતાં નથી. આગળ ભગવાન શંકર વિરાજતા હતા. લક્ષ્મીજી કહે છે, શિવજીનો સ્વભાવ મંગળ છે, પણ વેશ અમંગળ છે. એટલે ત્યાં તેમનું મન કર્યું નહીં. શિવજી પાસે નારાયણ ભગવાન વિરાજતાહતા લક્ષ્મીજી ત્યાં થંભી ગયા.ત્યાં તેમનું મન ઠર્યું. લક્ષ્મીજી નારાયણ ને વર્યા.

ફરી સમુદ્રમંથન કર્યું. મંથન કરતાં વારુણી મદિરા દેવી નીકળી. તે દૈત્યોના પક્ષમાં ગયાં. ખૂબ દારૂ પીઓ.દારૂ તે દૈત્યોનું લક્ષણ બની ગયો. પછી મંથન કરતાં ધન્વંતરી નારાયણ અમૃત કુંભ લઈને પ્રગટ થયા.દૈત્યોએ ઘડો ખેંચી લીધો. હું પહેલો પીઉં,હું પહેલો પીઉં એવો અમૃત માટે દૈત્યો ઝઘડો કરવા લાગ્યા. જેના ઘરમાં કલહ-કંકાસ થાય તે ઘરનાં રહેવાવાળા કોઈને જ્ઞાનામૃત, ભક્તિ અમૃત મળતું નથી. અમૃત પીવાની આ શરત છે.ત્યાં ભગવાનનારાયણ મોહિની રૂપે પ્રગટ થયા. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં એક વાત જોઈ અહીં સંતોનો એક મેળો ચાલી રહ્યો હતોએક દિવસ,કોઈએ ગંગાજળથી એક માટલું ભરીને ત્યાં મૂક્યું જેથી સંતો જ્યારે પણ તરસ લાગે ત્યારે તે પી શકે.

એક માણસ સંતોના મેળાની બહાર ઊભો હતો.જ્યારે તેણે ગંગાજળથી ભરેલો માટલો જોયો, ત્યારે તેના મનમાં બધા પ્રકારના વિચારો આવવા લાગ્યા.

તેણે વિચાર્યું, 'આહ! આ માટલું કેટલું ભાગ્યશાળી છે! પ્રથમ, તે ગંગાજળથી ભરેલું છે,તળાવ કે તળાવનું નહીં, અને બીજું,તે હવે સંતો માટે ઉપયોગી થશે.મને સંતો નો સ્પર્શ થશે,મને તેમની સેવા કરવાની તક મળશે. આવું ભાગ્ય બહુ ઓછા લોકોને મળે છે.'

માટલે તેનું મન વાંચ્યું અને કહ્યું, 'મિત્ર, હું ત્યાં ખાલી માટી જેવો પડ્યો હતો. હું નકામો હતો. મને ક્યારેય લાગ્યું નહીં કે ભગવાને મને ન્યાય આપ્યો છે.'પછી એક દિવસ,એક કુંભાર આવ્યો.તેણે મને પાવડાથી બહાર કાઢ્યો, મને ગધેડા પર લાદીને ઘરે લઈ ગયો. ત્યાં,તેણે મને કચડી નાખ્યો. પછી, તેણે મારા પર પાણી રેડ્યું અને મને ગૂંથી નાખ્યો. તેને એક ચક્ર પર બેસાડીને ઝડપથી ફરતો કરવામાં આવ્યો, પછી તેનું ગળું કાપી નાખવામાં આવ્યું. પછી તેને માર મારવામાં આવ્યો અને ઉકાળો લાવવામાં આવ્યો.

વાત ત્યાં જ અટકી નહીં. પછી તેને સળગાવવા માટે કેરીઓની આગમાં ફેંકી દેવામાં આવ્યો. આટલી બધી યાતનાઓ સહન કર્યા પછી, હું બહાર આવ્યો અને ગધેડા પર લાદીને બજારમાં મોકલવામાં આવ્યો. ત્યાં પણ લોકો મને માર મારતા હતા, હું ઠીક છું કે નહીં તે તપાસતા હતા.

બધી મારપીટ અને મારપીટ પછી, તેઓએ મારા માટે શું કિંમત નક્કી કરી હતી?ફક્ત વીસ થી ત્રીસ રૂપિયા!

હું વિચારતો રહ્યો, 'હે ભગવાન, આ અન્યાય મારી સાથે થવાનો હતો.'

તમે દરરોજ એક નવી મુશ્કેલી, એક નવી યાતના આપો છો.મારા પર અન્યાય થવાનું જ નક્કી છે! ભગવાને પણ દયા બતાવવાનું વિચાર્યું હોય તેવું અશક્ય લાગતું હતું!

એક સજ્જન મને ખરીદ્યો, અને જ્યારે તેણે મને ગંગાજળથી ભરીને સંતોના મેળાવડામાં મોકલ્યો,ત્યારે મને સમજાયું કે કુંભારે પાવડાનો ઉપયોગ કરવો એ પણ ભગવાનની કૃપા હતી. તેનું ગૂંથવું એ પણ ભગવાનની કૃપા હતી. તેને આગમાં બાળી નાખવું એ પણ ભગવાનની કૃપા હતી, અને બજારમાં લોકો દ્વારા માર મારવો એ પણ ભગવાનની કૃપા હતી. હવે મને સમજાયું કે તે બધું ભગવાનની કૃપા હતી!સંજોગો આપણને તોડી નાખે છે.તે આપણને એટલું બધું ખલેલ પહોંચાડે છેકે આપણે ભગવાનના અસ્તિત્વ પર પ્રશ્ન કરવા લાગીએ છીએ કે,આપણે બધામાં ભગવાનના ખેલને સમજવાની, ભવિષ્યમાં શું થવાનુંછેતે જોવાની શક્તિ કેમ નથી.આ અજ્ઞાનને કારણે,આપણેભગવાન ની કૃપા આપતા પહેલા જે તૈયારી ઓ કરીએ છીએતે સમજી શકતા નથી.આપણે ફક્ત તેમને શ્રાપ આપવાનું શરૂ કરીએ છીએ,એમ કહીને કે બધી પ્રાર્થના ઓ અને પ્રયત્નો છતાં, ભગવાન ખુશ થવા અને તેમના આશીર્વાદ વરસાવવાનો ઈનકાર કરે છે.

પરંતુ હૃદયથી અને શાંત મનથી વિચારવાનો પ્રયાસ કરો:શું આ ખરેખર સાચું છે કે આપણે ફક્ત ભગવાનના નિયમને સમજવામાં નિષ્ફળ જઈ રહ્યા છીએ?જેને તમારી કાર કેવી રીતે ચલાવવી તે તમે જાણતા નથી તેને તમે કેવી રીતે ભગવાનની કૃપા એવીવ્યક્તિ પર આપી શકો છો જેણે હજી સુધી તેને સંપૂર્ણ પણે સમજી નથી?આ કોઈ સામાન્ય દાન નથી;આપણે આપણા હૃદયમાં સંતત્વની ભાવના કેળવવી જોઈએ. ભગવાનની કસોટીનો સામનો કરીને પણ, જો આપણે સત્ય અને ન્યાયના માર્ગથી ભટકાઈ ન જઈએ,તો ભગવાનની દયા ચોક્કસ આવશે. કેટલાક ધીમા હોઈ શકે છે,તો કેટલાક ધીરજવાન.

પાછલા જન્મોના કાર્યો પણ નક્કી કરે છે કે ભગવાનની કૃપા પ્રાપ્ત કરવામાં કેટલો સમય લાગશે. ઘડાની જેમ, જે લોકો કસોટીના સમયગાળા દરમિયાન સત્યના માર્ગ પર અડગ રહે છે તેઓ પોતાનું જીવન સફળ બનાવે છે.

તો આપણે શું કરવું જોઈએ? આપણે ધીરજ કેવી રીતે જાળવી રાખવી જોઈએ?વ્યક્તિ તૂટીજાય તે સ્વાભાવિક છે,પરંતુ તૂટી ન જાય તે માટે આપણે શું કરવું જોઈએ?સંતોષનો માર્ગ જ એકમાત્ર વિકલ્પ છે. તમારી પાસે જે કંઈ છે તે પૂરતું છે; જ્યારે તમે આ વિચારવાનું શરૂ કરશો, ત્યારે તમને આધ્યાત્મિક આનંદનો અનુભવ થશે.

દુનિયામાં સૌથી ખુશ વ્યક્તિ એ છે જે શાંતિથી રહે છે. તમે કેમ નથી માનતા કે ભગવાને તમને એટલું બધું આપ્યું છે? દુનિયામાં એવા અસંખ્ય લોકો છે જેમણે એટલું પણ મેળવ્યું નથી. જેમની પાસે તમારા કરતાં વધુ છે તેમને તમે કેમ જુઓ છો?

જે વ્યક્તિ પાસે જે કંઈ છે તે છતાં પણ આનંદમાં ડૂબેલો રહે છે તે ખરેખર ખુશ છે. જ્યારે તે નવ્વાણુંમાં ફસાઈ જાય છે ત્યારે ખુશી અદૃશ્ય થઈ જાય છે.

તમે કદાચ લીમડો કરોલી બાબા વિશે સાંભળ્યું હશે. દુનિયાના સૌથી મોટા ઉદ્યોગપતિઓ,જેમને મળવા માટે લોકો વર્ષોથી રાહ જુએ છે,તેઓ અસંખ્ય યુક્તિઓ નો આશરો લે છે.એક જ ઈશારે, તે ધનવાન લોકો બાબાના ચરણો માં બધું જ સમર્પિત કરવા આતુર હતા. તે બાબા ફક્ત એક જોડી કપડાં,એક જ ધાબળો એક ખાટલો અને બે વાસણોમાં રહેતા હતા. જરા વિચારો,જો ફક્ત ધન જ બધી ખુશીઓ લાવી શકે,તો તે લોકો બાબાના ચરણોમાં શા માટે ઝૂકતા હશે?તે બલિદાન અને સંતોષની ભાવના છે જે વ્યક્તિને દિવ્યતા તરફ દોરી જાય છે. આ કે તે મેળવવાની ઈચ્છા આસુરી વૃત્તિઓને જન્મ આપે છે. આ ઉતાવળમાં જ પાપી કાર્યો કરવા માં આવે છે.જે વ્યક્તિ પાસે જે કંઈ હોય છે છતાં પણ આનંદમાં ડૂબેલો રહે છે તે જ ખરેખર સુખી છે.નવ્વાણુંના ફાંદા માં ફસાઈ જવાથી ખુશી ગાયબ થઈ જાય છે. તમે લીમડા કરોલી બાબા વિશે સાંભળ્યું હશે. લોકો વર્ષો સુધી તેમને મળવા માટે રાહ જુએ છે, અસંખ્ય યુક્તિઓનો ઉપયોગ કરે છે. એક જ ઈશારા પર,આ ધનવાન લોકો બાબાના ચરણોમાં બધું જ સમર્પિત કરવા માટે ઉત્સુક હતા. તે બાબા ફક્ત એક જોડી કપડાં,એક જ ધાબળો, એક ખાટલો અને થોડા વાસણો માં રહેતા હતા. જરા વિચારો,જો ફક્ત સંપત્તિ જ બધી ખુશીઓ લાવી શકે,તો તે લોકો બાબાના ચરણોમાં કેમ ઝૂકતા હશે?ત્યાગ અને સંતોષની ભાવના જ વ્યક્તિ ને દિવ્યતા તરફ દોરી જાય છે.આ કે તે મેળવવાની ઈચ્છા આસુરી વૃત્તિઓને જન્મ આપે છે.આ ઉતાવળમાં જ પાપી કાર્યો થાયછે

હકીકતમાં, જો તમે ભગવાનની કૃપામાં વિશ્વાસ કરો છો, તો તમે જ્યાં જુઓ ત્યાં તમને 'કૃપા' દેખાશે!તે ફક્ત કૃપા,કૃપા,છે! ભગવાનની છબી કૃપાથી ભરેલી છે. તેમની પાસે કૃપા સિવાય બીજું કોઈ ધન નથી. કૃપા જ બધું છે!! કૃપા જ બધું છે!! કૃપા જ બધુ છે.અટકીએ અસ્તુ

# એએમસી દ્વારા અત્યાર સુધીમાં 5500થી વધુ હેરિટેજ વોકનું આયોજન કરાયું

**અમદાવાદ, તા. 20**

અમદાવાદમાં વર્લ્ડ હેરિટેજ વીકની શરૂઆત થતા શહેરમાં ફરી એકવાર તેના ગૌરવશાળી હેરિટેજની ઉજવણી થઇ રહી છે. 2017માં યુનેસ્કો દ્વારા ભારતનું પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે માન્યતા મેળવનાર અમદાવાદ શહેરનો ઈતિહાસ, સ્થાપત્ય અને સંસ્કૃતિના અમૂલ્ય વારસાને ઉજાગર કરવા આ સપ્તાહમાં વિશેષ આયોજનો થયા છે. જેની શરૂઆત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં હેરિટેજ વિભાગ દ્વારા હેરિટેજ વીકનાં અંતર્ગત ટૂર ઓપરેટર્સ અને એજન્સીઓ સાથે મળીને અમદાવાદને વૈશ્વિક સ્તરે પ્રવાસનનું સ્થળ તરીકે ઓળખ મળે તે માટેના પ્રયત્નો થાય તે માટેની વિવિધ પ્રવૃત્તિઓનું હાથ ધરવામાં આવી છે. તેમજ અમદાવાદ ઈન્ટરનેશનલ બૂક ફેસ્ટિવલ 2025માં અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી ટ્રસ્ટનો સ્ટોલ મૂકાયો છે, જ્યાં જાહેર જનતા અમદાવાદનાં હેરિટેજને કઇ રીતે વધુ યોગ્ય બનાવી શકાય તે માટેનાં સૂચનો આપી શકે છે.

અમદાવાદમાં પર્યટનને પ્રોત્સાહન મળે તે માટે AMC દ્વારા શહેરને 'ટુરીઝમ ગેટવે' તરીકે વિકસાવવાની દિશામાં અનેક પગલાં હાથ ધરવામાં આવ્યા છે. લાંબા સમયથી જોવા મળતું હતું કે ગુજરાતમાં આવતા પર્યટકો સીધા અન્ય જિલ્લાઓ તરફ જતા હતા, જેમ કે કચ્છ, ગિરનાર કે અન્ય સ્થળો અને અમદાવાદમાં રોકાતા નહોતા, પરંતુ અમદાવાદનાં હેરિટેજને પ્રોમોટ કરીને અમદાવાદ શહેરનું અલગ પ્રકારનું બ્રાન્ડિંગ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે માટે શહેરમાં અનેક જાગૃતિનાં કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત શહેરના કોટ વિસ્તારમાં આવેલાં હેરિટેજ ઘરોના રિપેરિંગ રિસ્ટરેશન અને ઐતિહાસિક સ્થળોના સંરક્ષણ માટે હેરિટેજ કન્ઝર્વેશન કમિટી અને હેરિટેજ વિભાગ દ્વારા સાથે મળીને સક્રિય રીતે કામગીરી કરવામાં છે. AMC દ્વારા આયોજિત હેરિટેજ વૉક વર્ષનાં 365 દિવસ ચાલુ રહે છે અને ખાસ કરીને વિદેશી પ્રવાસીઓમાં તેનો વિશાળ પ્રતિસાદ જોવા મળે છે. કાલુપુર સ્વામિનારાયણ મંદિરથી લઈને જામા મસ્જિદ સુધી ચાલતા આ વૉક રૂટને હવે વધુ સુંદર અને સંગઠિત બનાવવા વૉકવે અપગ્રેડની કામગીરી હાથ ધરવામાં આવી છે. માર્ગ પર આવેલી દુકાનોના ફસાડને પણ એકસમાન ડિઝાઈનમાં રિસ્ટોરેશન કરીને સમગ્ર રૂટને એકરૂપ આધુનિક-પરંપરાગત રૂપ આપવાનું આયોજન કર્યું છે.

હેરિટેજ વીક 2025 : નવી પહેલો અને આકર્ષક કાર્યક્રમો

આ વર્ષે 17 થી 23 નવેમ્બર દરમિયાન શહેરમાં અનેક વિશેષ કાર્યક્રમો યોજાયા છે, જેમાં આર્ટ વૉક, ફૂડ હેરિટેજ વૉક, સ્કેચિંગ સેશન્સ, ક્યુરેટેડ આર્કિટેક્ચરલ ટૂર્સ, હેરિટેજ આધારિત સ્કિટ્સ અને યુથ-લેડ ટ્રેઝર હન્ટ સહિતના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. 'Whispers of the Walls' અને 'Voices of Amdavad' જેવા કાર્યક્રમો દ્વારા નાગરિકો તથા પ્રવાસીઓએ શહેરની હેરિટેજ ઓળખને નવી દ્રષ્ટિએ નિહાળવાનો અવસર પ્રાપ્ત કર્યો. હેરિટેજને વધુ વ્યાપક રીતે ઓળખ મળે તે માટે શહેરમાં બ્રાન્ડિંગ અને માહિતી પ્રસાર પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. ટુરિઝમને લાંબા ગાળે સંગઠિત રીતે વિકસાવે તે માટે વિશેષ સેલની રચના કરવામાં આવી છે, જે સસ્ટેનેબલ ટુરિઝમ મોડલ પર કામ કરશે. સાથે જ હૉસ્પિટલ્સ, સ્કૂલ્સ, જાહેર સંસ્થાઓ, વૉલ આર્ટ પ્રોજેક્ટ્સ તથા ખાનગી હવેલીઓમાં પણ રેસ્ટોરેશનનું કામ થાય છે. અમદાવાદનો વારસો – વૈશ્વિક મંચ પર, દર વર્ષે 19 થી 25 નવેમ્બર દરમિયાન ઉજવાતું વર્લ્ડ હેરિટેજ વીક વિશ્વના વિવિધ વારસાની જાગૃતિ અને સંરક્ષણનો વૈશ્વિક ઉત્સવ છે. યુનેસ્કોની યાદીમાં સ્થાન મેળવેલા ધોળાવીરા, રાણકી વાવ, ચાંપાનેર અને અમદાવાદ – ગુજરાતના સાંસ્કૃતિક સમૃદ્ધિના પ્રતીક છે. 'પૂર્વનું વેનિસ' અને 'ઈસ્ટનું મેનચેસ્ટર' તરીકે ઓળખાતું અમદાવાદ માત્ર ભૂતકાળના વારસાને જ નહીં પરંતુ આધુનિક વિકાસ સાથે એની સુંદર સંકળાયેલા ઓળખને પણ જીવંત રાખે છે.2025 સુધીમાં 5500થી વધુ હેરિટેજ વૉક થઈ, AMC દ્વારા અત્યાર સુધીમાં 5500થી વધુ હેરિટેજ વૉકનું આયોજન કરાયું છે, જે શહેરના સ્થાપત્ય, કલા, ધાર્મિક સ્થાન અને પોળોની જીવંત પરંપરાઓ અંગે વિશેષ માહિતી આપે છે. મૉર્નિંગ તથા નાઈટ હેરિટેજ વૉકના વિવિધ પેકેજો સાથે AMCની સત્તાવાર સાઈટ પર સમસ્ત વિગતો ઉપલબ્ધ છે. શહેરને તેનાં મૂળિયાઓ સાથે જોડી રાખવા આ હેરિટેજ વૉક શહેરની સંસ્કૃતિનો એક મહત્વનો ભાગ બન્યો છે.

## દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને વિધાનસભા મત વિસ્તારમા યોજાઈ એકતા પદ યાત્રા

**દેવગઢ બારીઆ, તા. 20**

સરદાર વલ્લભભાઈ પટેલ ની 150મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે દેવગઢ બારીઆ વિધાનસભા દ્વારા આયોજિત "યુનિટી માર્ચ" પદયાત્રામાં શહેરીજનો સાથે ઉત્સાહભેર સહભાગી થવાનો અવસર સાંપડ્યો. આ પ્રસંગે દાહોદ લોકસભાના લોકપ્રિય સાંસદ શ્રી જસવંતસિંહજી ભાભોર સાહેબ દેવગઢ બારીઆ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સાહેબ,ભારતીય જનતા પાર્ટીના દાહોદ જિલ્લા ના પ્રમુખ શ્રી સ્નેહલભાઈ ધરીયા સાહેબ દેવગઢ બારીઆ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય શ્રી તુષારસિંહજી બાબા સાહેબ,જિલ્લા પંચાયતના સદસ્યો, વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સાહેબ,ભારતીય જનતા પાર્ટીના દાહોદ જિલ્લા ના પ્રમુખ શ્રી સ્નેહલભાઈ ધરીયા સાહેબ દેવગઢ બારીઆ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય શ્રી તુષારસિંહજી બાબા સાહેબ,જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ નગરપાલિકાના સદસ્યશ્રીઓ પાર્ટીના કર્મઠ કાર્યકર્તાશ્રીઓ તેમજ વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા. હતા...

## મહાપ્રબંધક પશ્ચિમ રેલવેના અમદાવાદ અને વડોદરા ક્ષેત્રાધિકારના માનનીય સાંસદો સાથે બેઠકનું આયોજન

**અમદાવાદ, તા. 20**

પશ્ચિમ રેલવે દ્વારા જનપ્રતિનિધિઓ સાથે સંકલન અને સંવાદને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ 21 નવેમ્બર 2025 ના રોજ અમદાવાદ અને વડોદરા મંડળના અધિકારક્ષેત્ર હેઠળ આવતા માનનીય સાંસદો સાથે મહાપ્રબંધક પશ્ચિમ રેલવેના શ્રી વિવેક કુમાર ગુપ્તાની એક બેઠક નું આયોજન અમદાવાદના સ્થિત સર્કિટ હાઉસ ખાતે યોજવામાં રહી છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય બંને મંડળોમાં ચાલી રહેલા મુસાફરોની સુવિધાઓના અપગ્રેડેશન, અને પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સ, ઈન્ફ્રાસ્ટ્રચર વિકાસ અને જનપ્રતિનિધિઓના સૂચનો પર અર્થપૂર્ણ સંવાદ સ્થાપિત કરવાનો છે.

આ બેઠકમાં અમદાવાદ અને વડોદરા મંડળોમાં પ્રગતિ પર ચાલી રહેલી વિવિધ નવી મુસાફરી સુવિધાઓ અને વિકાસલક્ષી સિદ્ધિઓ વિશે વિગતવાર માહિતી શેર કરવામાં આવશે. આ દરમિયાન પ્રેઝેન્ટેશન ના માધ્યમથી અમદાવાદ મંડળ પર દિવાળી અને છઠ પૂજા ના દરમિયાન હાથ ધરવામાં આવેલા ઉત્તમ ભીડ વ્યવસ્થાપન પ્રયાસો અને મંડળ પર ચાલી રહેલા વિવિધ રેલ પ્રોજેક્ટ્સ જેમ કે નવી રેલ લાઇન, નવી ટ્રેન સેવાઓ, મુખ્ય પુનર્વિકાસ સ્ટેશનો (ભુજ, અમદાવાદ, સાબરમતી), અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ કરવામાં આવી રહેલા 16 અન્ય સ્ટેશનો ની પ્રગતિ ની સમીક્ષા કરવામાં આવશે. સાથે રેલ સુવિધાઓ, પ્રોજેક્ટ્સ, નવા ટ્રેન સ્ટોપેજ, ટ્રેન વિસ્તાર, ફેરા વધારવા અને અન્ય માળખાગત જરૂરિયાતોને લગતા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે અને જનપ્રતિનિધિઓ પાસેથી સૂચનો મંગાવવામાં આવશે.

આ બેઠકમાં માનનીય સાંસદોમાં શ્રી હસમુખભાઈ પટેલ (અમદાવાદ પૂર્વ), શ્રી દિનેશભાઈ મકવાણા (અમદાવાદ પશ્ચિમ), શ્રીમતી શોભનાબેન બારૈયા (સાબરકાંઠા), શ્રી ભરતસિંહજી ડાભી (પાટણ), શ્રી મિતેશભાઈ પટેલ (આણંદ), શ્રી જશુભાઈ રાઠવા (છોટા ઉદેપુર), શ્રીમતી અનિતા ચૌહાણ (રતલામ), શ્રી નરહરી અમીન (રાજ્યસભા) અને શ્રી મયંકભાઈ નાયક (રાજ્યસભા) ઉપસ્થિત રહેશે

રેલવે પ્રશાસન તરફથી મહાપ્રબંધક પશ્ચિમ રેલવે શ્રી વિવેક કુમાર ગુપ્તા, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક વડોદરા શ્રી રાજુ ભડકે, પશ્ચિમ રેલવે મુખ્યાલય થી આવેલ મુખ્ય મુખ્ય રેલ અધિકાર, RLDA અને બંને મંડળોના વરિષ્ઠ અધિકારીઓ બેઠકમાં હાજર રહેશે.

## રોજગાર કાયદાનું ઉલ્લંઘન: અમદાવાદના 55 એકમોને કારણદર્શક નોટિસ

**ગાંધીનગર, તા. 20**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ દ્વારા 'ખાલી જગ્યાની ફરજિયાત જાણનો કાયદો - ૧૯૫૯' (Employment Exchange Act - 1959) નું ઉલ્લંઘન કરનાર જાહેર તથા ખાનગી ક્ષેત્રના ૫૫ જેટલા એકમોને છેલ્લા છ માસ દરમિયાન કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. કાયદાના અસરકારક અમલ માટે રોજગાર કચેરીએ કડક વલણ અપનાવ્યું છે. શું છે કાયદાની જોગવાઈ? કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલો અને ગુજરાત રાજ્યમાં વર્ષ ૧૯૬૦ થી અમલી બનેલો આ કાયદો, જાહેરક્ષેત્ર તેમજ ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓ પર લાગુ પડે છે. કાયદાની મુખ્ય જોગવાઈ મુજબ, નોકરીદાતાઓએ તેમના એકમમાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓની જાણ જે તે જિલ્લાની રોજગાર કચેરીઓને ફરજિયાતપણે કરવાની રહે છે. આ કાયદાનો અમલ કરાવવાની જવાબદારી જે તે જિલ્લાની રોજગાર કચેરીઓને સોંપવામાં આવી છે. મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ (અસારવા બહુમાળી ભવન, શાહીબાગ) દ્વારા તમામ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના બોર્ડ-નિગમો, સ્થાનિક સ્વરાજની સંસ્થાના એકમો તથા ખાનગી ક્ષેત્રના તમામ એકમોને નિયમિતપણે કાયદાનું પાલન કરવા માટે જણાવાયું છે. ઉપયુક્ત કાયદા હેઠળ આવતા તમામ એકમોએ દર ત્રણ માસે ત્રિમાસિક ગાળો પૂર્ણ થયાના 30 દિવસની સમયમર્યાદામાં 'ત્રિમાસિક ઈ.આર-૧ પત્રક' ફરજિયાતપણે મોકલવાનું રહે છે. આ પત્રકમાં એકમના નિયંત્રણ હેઠળ કામ કરતા અધિકારીઓ/કર્મચારીઓ/કામદારોની માહિતી તેમજ એકમ ખાતે સેવા પૂરી પાડતા કોન્ટ્રાકટર/મેનપાવર સપ્લાયરની માહિતી દર્શાવવાની હોય છે.

### કચ્છના શારદાબેન મહેશ્વરીના અંગદાનથી મળેલ એક લીવર અને બે કિડનીના દાનથી મળશે

# સિવિલ હોસ્પિટલમાં થયું 221 મુ અંગદાન : એક લીવર, બે કિડનીનું દાન મળ્યું

- **કોઇ સમાજના આગેવાનોએ સામેથી સંપર્ક કરી પરીવારજનોને અંગદાન માટે સમજાવ્યા હોય તેવો પહેલો કિસ્સો :- ડો. રાકેશ જોષી તબીબી અધિક્ષક સિવિલ હોસ્પિટલ અમદાવાદ**

**અમદાવાદ, તા. 20**

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કચ્છ જિલ્લાના વતની બ્રેઈન ડેડ થતા અંગદાન થયું. જે સિવિલ હોસ્પિટલમાં થયેલ 221 મુ અંગદાન હતું. સિવિલ હોસ્પિટલમાં થયેલ આ અંગદાનની વિગતોમાં જોઈએ તો , કચ્છના વતની એવા 33 વર્ષીય શારદાબેન મહેશ્વરીને મગજમાં હેમરેજ થતા સારવાર માટે પરીવારજનો પ્રથમ ભુજ અને ત્યારબાદ તા. ૧૮.૧૧.૨૦૨૫ ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઇ આવ્યા. સિવિલ હોસ્પિટલ અમદાવાદ માં સારવાર દરમ્યાન ફરજ પરના તબીબોએ તારીખ ૧૯.૧૧.૨૦૨૫ ના રોજ તેમનું બ્રેઈન ડેડ હોવાનુ નિદાન કર્યું. સિવિલ હોસ્પિટલ અંગદાન ટીમ દ્વારા હોસ્પિટલ ખાતે હાજર શારદાબેનના પતિ શંકરભાઇ, ભાઈ જીગ્નેશભાઈ અને કિશોરભાઈ ભરાડીયાને શારદાબેન બ્રેઈન ડેડ હોવાનુ તેમજ તેમના અંગોનુ દાન કરવા સમજાવ્યા હતા. શારદાબેન બ્રેઈન ડેડ હોવાની જાણ કચ્છ ખાતે તેમના સમાજના આગેવાનો નવીનભાઇ, પુંજાભાઇ, ભરતભાઈ પુંજાભાઈ આયડી, અરવિંદભાઈ હધુભાઈ આયડી, ગોવિંદભાઈ આયડી વિગેરે ને થતા નવીનભાઈએ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ ના દિલીપ દેશમુખ દાદાનો સંપર્ક કરી હોસ્પિટલ ખાતે હાજર શારદાબેન ના પતિ અને અન્ય હાજર સગાઓ તેમજ કચ્છ ખાતે રહેલ માતા લક્ષ્મીબેન, પિતા કાનજીભાઈ સીજુ અને અન્ય સગાઓ લીલબાઈ કે. આયડી, હંશાબેન આર. આયડીને સમજાવી અંગદાન માટે સંમતિ મેળવી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૨૨૧ અંગદાન થકી કુલ ૭૩૨ અંગોનું દાન મળ્યું છે. આમ જોઈએ તો ૧૫૬ ચક્ષુ તેમજ ૨૬ ચામડીના દાન મળી કુલ 182 પેશી ઓ સાથે કુલ ૯૧૪ અંગો તેમજ પેશીઓનું દાન સિવિલ હોસ્પિટલ દ્વારા આજદીન સુધી મેળવવામાં આવ્યુ છે તેમ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.જોષી એ વધુ માં જણાવ્યુ હતુ. આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધી ૧૯૫ લીવર, ૪૦૬ કીડની, ૧૮ સ્વાદુપિંડ, ૭૧ હૃદય,૬ હાથ, ૩૪ ફેફસાં,૨ નાનાં આંતરડાં, ૧૫૬ ચક્ષુ તથા ૨૬ ચામડીનું દાન મળ્યુ છે. આ અંગદાનથી મળેલ લીવર ને શહેર ની કેડી હોસ્પિટલ અને બે કીડની ને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલ ના જરુરીયાત્મંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે તેમ ડો. જોશીએ જણાવ્યુ હતુ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતુ કે, અંગદાન કાર્યક્રમમાં સમાજસેવી સંસ્થાઓનો મહત્વનો ફાળો છે.અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી દિલીપ દેશમુખ દાદાની પ્રેરણા અને સમજાવટ થી મહેશ્વરી મેઘવાલ સમાજના આગેવાનોએ અંગદાન માટે પરીવારજનોને સમજાવ્યા હતા. ઘણા કિસ્સા માં જ્યારે હોસ્પિટલ ખાતે નિર્ણય કરનાર પરીવારજન હાજર ન હોય અથવા સ્વજન પ્રત્યે ની લાગણી ના કારણે પરીવારજનો અંગદાન નો નિર્ણય ન લઇ શકતા હોય ત્યારે સમાજસેવી સંસ્થા ઓ ની ભુમિકા મહત્વ ની બની રહે છે. અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભુતકાળમાં પણ ગુજરાત રાજ્યના અંતરીયાળ ગામો તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા રાજ્યો માં પણ સ્વયંસેવકો મોકલી બ્રેઈન ડેડ દર્દી ના પરીવારજનો ને સમજાવી અંગદાન માટે તૈયાર કરવામાં આવ્યા છે.

### બાળકોમાં આજે રોપેલા સંસ્કારોનું બીજ, આવતીકાલે વટવૃક્ષ બનીને વિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરશે: શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા

# 'માય ડે, માય રાઇટ્સ' થીમ સાથે બાળકોને તેમના અધિકારો, જવાબદારીઓ અને સિવિક એન્ગેજમેન્ટ અંગે જાગૃત કરવાનું આયોજન : 'મોક પાર્લામેન્ટ' સહિતના કાર્યક્રમો યોજાયા

### યુનિસેફ ઇન્ડિયાના ચીફ ઓફ ફિલ્ડ સર્વિસીસ સોલેડૅડ હેરેરો, યુનિસેફ ગુજરાતના ચીફ શ્રી પ્રસન્તા દાસની પ્રોત્સાહક ઉપસ્થિતિ

**ગાંધીનગર, તા. 20**

વિશ્વ બાળ દિન નિમિત્તે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ સેન્ટર ખાતે 'વિકસિત ગુજરાત @ ૨૦૪૭ માટે બાળ અવાજ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી એ કહ્યું કે બાળકોમાં આજે રોપેલા સંસ્કારોનું બીજ, આવતીકાલે વટવૃક્ષ બનીને વિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરશે. આ માટે બાળકોના વિચારોને બહાર લાવવા 'મોક પાર્લામેન્ટ' જેવા કાર્યક્રમોને તેમણે મહત્ત્વના ગણાવ્યા હતા.

તા. 20મી નવેમ્બરના રોજ 'વિશ્વ બાળ દિન'ની ઉજવણીના ભાગરૂપે યુનિસેફ ઈન્ડિયા, એલિક્સિર ફાઉન્ડેશન અને અમદાવાદ સિટી પોલીસના સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સના સંયુક્ત ઉપક્રમે અંતર્ગત 'માય ડે, માય રાઈટ્સ' થીમ સાથે બાળકોને તેમના અધિકારો, જવાબદારીઓ અને સિવિક એન્ગેજમેન્ટ અંગે જાગૃત કરવાના ઉદ્દેશ્યથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મોક પાર્લામેન્ટ તેમજ વિવિધ સંવાદ સત્રો યોજાયા હતાં.

આ પ્રસંગે ઉપસ્થિત શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે 'માય ડે, માય રાઈટ્સ'ના સૂત્ર સાથે બાળકોની મોક પાર્લામેન્ટ અંતર્ગત આજે બાળકો પોતાના વિચારો રજૂ કરવાના છે. કોઈ પણ શહેર કે રાજ્ય માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓથી ઊભું થતું નથી, નાગરિકો અને બાળકોની લાગણીઓ સમજવી જરૂરી છે. ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં બાળકોને તેમનાં સપનાઓ સાકાર કરવા અને આગળ વધવા દરેક ક્ષેત્રે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ આચાર્ય તરીકેનાં બાળકો સાથેના તેમનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષકોને બાળકોમાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કરવા માટે અનુરોધ કરતા તેમણે કહ્યું કે શિક્ષક નવી પેઢીનો નિર્માતા છે. તે એક બાળકને નહીં, દેશનું ભવિષ્ય ઘડે છે તેમ તેમણે જણાવ્યું હતું.

શ્રીમતી વાઘેલાએ ગાંધીજી, સરદાર પટેલ, અબ્દુલ કલામ જેવા મહાનુભાવોના જીવનપ્રસંગો વર્ણવીને વિદ્યાર્થીઓને પોતાના હકો અને ફરજો પ્રત્યે સભાનતા કેળવવા, રાષ્ટ્રપ્રેમની ભાવના સાથે આગળ વધવા અને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજો નિભાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વાંચનનું અગત્ય સમજાવી, મોબાઈલનો ઉપયોગ કંઈક નવું શીખવા માટે કરવા અને પોતાનાં સપનાં પૂરા કરવા સતત પરિશ્રમ કરવા અનુરોધ કર્યો હતો.




કાર્યક્રમના અતિથિ વિશેષ એડિશનલ કમિશનર ઓફ પોલીસ(સ્પેશિયલ બ્રાન્ચ) શ્રીમતી વિધિ ચૌધરીએ જણાવ્યું કે ભવિષ્યના નાગરિકો તૈયાર કરવા માટે અમદાવાદ સિટી પોલીસ સતત પોતાનું યોગદાન આપે છે. શહેર પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ (SPC) કાર્યક્રમમાં બાળકોને ઘણી રચનાત્મક પ્રવૃત્તિઓ શીખવાડવામાં આવે છે. નાગરિકોના અધિકારો અને ફરજો અંગે બાળકોને બાલ્યાવસ્થાથી જ તૈયાર કરવા પર ભાર મૂકતાં તેમણે કહ્યું કે ૨૦૪૭માં વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આપણી યુવા પેઢી મહત્ત્વનો ભાગ ભજવવાની છે.

તેમણે રામસેતુના નિર્માણમાં એક ખિસકોલીના યોગદાનનું ઉદાહરણ આપી કહ્યું કે બાળકો પણ પારિવારિક અને સામાજિક બાબતોમાં નાના-નાના યોગદાન થકી મોટું પરિવર્તન લાવી શકે છે. રાઈટ ટુ વોઈસ, રાઈટ ટુ એક્સપ્રેશન અંતગર્ત માતાપિતા કેવી રીતે બાળકોને કેળવણી આપી શકે તેના વિશે તેમણે વિગતે સમજણ આપી હતી

આ અવસરે ઉપસ્થિત યુનિસેફ ઈન્ડિયાના ચીફ ઓફ ફિલ્ડ સર્વિસીસ સોલેડૅડ હેરેરોએ બાળકોને ચેન્જ મેકર્સ ગણાવતાં જણાવ્યું હતું કે 'માય ડે, માય રાઈટ્સ' માત્ર સૂત્ર ન બની રહે તે માટે તેને ખરા અર્થમાં સાર્થક કરવા આપણે સૌએ સાથે મળીને કાર્ય કરવાનું છે. વિકસિત ગુજરાત અને વિકસિત ભારત બનાવવા બાળકોના અધિકારોનું રક્ષણ અને બાળકોને તેમના વિકાસ માટે જરૂરી તમામ સંસાધનો પૂરાં પાડવા આપણે સૌએ સાથે કામગીરી કરવી જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે બાળકોને સવાલો પૂછતા રહેવા અને જિજ્ઞાસાવૃત્તિ જિવંત રાખવા અનુરોધ કર્યો હતો.

વિશ્વ બાળ દિન ઉજવણી પ્રસંગે યુનિસેફ ગુજરાતના ચીફ શ્રી પ્રસન્તા દાસે વિશ્વ બાળ દિવસની ઉજવણીનું મહત્ત્વ, તેની શરૂઆત, આ ઉજવણી અંતર્ગત યોજાતા કાર્યક્રમો તેમજ યુનિસેફ દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ડીસીપી ટ્રાફિક(ઈસ્ટ) અને સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ (SPC)ના નોડલ અધિકારી શ્રી નરેશકુમાર કણઝરિયાએ આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ (SPC)ની સ્થાપના અને ઉદ્દેશો વિશે વિગતવાર વિગતવાર માહિતી પૂરી પાડી હતી. તેમણે જણાવ્યું કે સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ (SPC) કાર્યક્રમમાં ૧૧૦૫ શાળાઓ જોડાયેલી છે. અત્યાર સુધીમાં બે હજાર જેટલા વિદ્યાર્થીઓએ બે વર્ષની કેડેટ તરીકે તાલીમ પણ મેળવી છે. જેમાં બાળકોને અલગ અલગ પાંચ ભાગમાં સુરક્ષા અને અધિકારો, દેશની સુરક્ષામાં વિદ્યાર્થીઓનું યોગદાન, જીવનમૂલ્યો, જાતીય સતામણી, કેફી દ્રવ્યોના દૂષણને અટકાવવું, તરુણાવસ્થાના ફેરફારો, જેન્ડર ઈક્વાલિટી સહિતનું માર્ગદર્શન આપવામાં આવે છે. ભવિષ્યના જાગૃત અને જવાબદાર નાગરિક બનાવવાનો આ કાર્યક્રમનો ઉદ્દેશ છે એમ તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સના સહનોડલ એસીપી વાણી દૂધાત, એલિક્સિર ફાઉન્ડેશનના કૃણાલ શાહ, ટ્રેનર કુમાર મનીષ, યુનિસેફ ગુજરાતના કર્મચારીઓ, પોલીસકર્મીઓ, શિક્ષકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## કુરાકાઓએ રચ્યો ઇતિહાસ

# અમદાવાદના એક વિસ્તાર કરતા પણ ઓછી વસતી ધરાવતા દેશની ફિફા વર્લ્ડકપમાં એન્ટ્રી

**મુંબઈ, તા. 20**

ફૂટબોલની દુનિયામાં મંગળવારનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો. અમદાવાદના એક વિસ્તાર કરતાં પણ ઓછી વસતી ધરાવતા દેશ કુરાકાએ ફિફા વર્લ્ડકપમાં એન્ટ્રી મારી લીધી છે. માત્ર 1.57 લાખની વસતી વાળો આ દેશ હવે વર્લ્ડ કપ રમનારો વિશ્વનો સૌથી ઓછી વસતી ધરાવતો દેશ બની ગયો છે. અગાઉ આ રેકોર્ડ આઈસલૅન્ડના નામે હતો, જેની વસતી 2018માં લગભગ 3.3 લાખ હતી. નોઈડાથી પણ ઓછી વસતી ધરાવતા દેશે કર્યું ક્વોલિફાય, ભારતના મોટા શહેરોની તુલના કરીએ તો આ સિદ્ધિ વધુ ચોંકાવનારી છે. નોઈડાની વસતી લગભગ 10 લાખ છે, જે કુરાકાઓ કરતાં લગભગ 10 ગણી વધારે છે. અહીં સુધી કે, દિલ્હીનો એક મોટો વિસ્તાર લાજપત નગર જેની વસતી લગભગ 1.50 છે, તે પણ કુરાકાઓની બરાબર છે. આનો અર્થ એ છે કે આ આખો દેશ દિલ્હીના એક મહોલ્લા જેટલી વસતી ધરાવે છે. તેમ છતાં FIFA રેન્કિંગમાં 82મા ક્રમે રહેલા કુરાકાઓએ વિશ્વના સૌથી મોટા ફૂટબોલ મંચ સુધી પહોંચવાની સિદ્ધિ હાંસલ કરી છે. કુરાકાઓના નાના કેરેબિયન ટાપુએ કિંગ્સ્ટનમાં જમૈકા સામે 0-0થી ડ્રો કરીને 2026 ફિફા વર્લ્ડ કપમાં એન્ટ્રી મારી લીધી, જે વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરનાર ઈતિહાસનો સૌથી નાનો દેશ બન્યો. CONCACAF ક્વોલિફાયરમાં મોટો ઉલટફેર, બીજી ગ્રૂપ મેચોમાં પનામાએ 3-0થી એલ સાલ્વાડોરને હરાવીને પોતાની બીજી વર્લ્ડ કપ ટિકિટ હાંસલ કરી લીધી છે. બીજી તરફ સુરિનામને ગ્વાટેમાલા સામે 3-1ની હારના કારણે સીધા ક્વોલિફાય કરતા અટકાવ્યા, પરંતુ તેઓ પ્લેઓફમાં પહોંચી ગયા. કુરાકાઓ હવે તેમના ગ્રુપ સ્ટેજના પ્રતિસ્પર્ધીની રાહ જોશે. ડ્રો 5 ડિસેમ્બરે વોશિંગ્ટન ડીસીમાં થશે. આ પણ વાંચો: 'વિરોધ કરવા ટ્રમ્પના પ્રવાસનો સમયગાળો નક્કી કરાયો, આ ષડયંત્ર છે', દિલ્હી રમખાણો પર SCમાં બોલી પોલીસ ભારતની સ્થિતિ હજુ પણ સંઘર્ષભરી, કુરાકાઓની સિદ્ધિ ભારત માટે પણ ઘણા સવાલો ઊભા કરે છે. જ્યારે કુરાકાઓ જેવો નાનો દેશ વર્લ્ડ કપમાં સ્થાન બનાવી રહ્યો છે, ત્યારે 135 કરોડની વસતી ધરાવતો ભારત હજુ સુધી ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય નથી થયો. ઓછી વસતી, મર્યાદિત સંસાધનો અને અપૂરતી માળખાગત સુવિધા હોવા છતાં કુરાકાઓએ દેખાડી દીધું ક્ષમતા, યોજના અને આત્મવિશ્વાસ મોટા દેશોને પણ પાછળ છોડી શકે છે. ફૂટબોલની દુનિયામાં મંગળવારનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો. અમદાવાદના એક વિસ્તાર કરતાં પણ ઓછી વસતી ધરાવતા દેશ કુરાકાએ ફિફા વર્લ્ડકપમાં એન્ટ્રી મારી લીધી છે. માત્ર 1.57 લાખની વસતી વાળો આ દેશ હવે વર્લ્ડ કપ રમનારો વિશ્વનો સૌથી ઓછી વસતી ધરાવતો દેશ બની ગયો છે. અગાઉ આ રેકોર્ડ આઈસલૅન્ડના નામે હતો, જેની વસતી 2018માં લગભગ 3.3 લાખ હતી. નોઈડાથી પણ ઓછી વસતી ધરાવતા દેશે કર્યું ક્વોલિફાય, ભારતના મોટા શહેરોની તુલના કરીએ તો આ સિદ્ધિ વધુ ચોંકાવનારી છે. નોઈડાની વસતી લગભગ 10 લાખ છે, જે કુરાકાઓ કરતાં લગભગ 10 ગણી વધારે છે. અહીં સુધી કે, દિલ્હીનો એક મોટો વિસ્તાર લાજપત નગર જેની વસતી લગભગ 1.50 છે, તે પણ કુરાકાઓની બરાબર છે. આનો અર્થ એ છે કે આ આખો દેશ દિલ્હીના એક મહોલ્લા જેટલી વસતી ધરાવે છે. તેમ છતાં FIFA રેન્કિંગમાં 82મા ક્રમે રહેલા કુરાકાઓએ વિશ્વના સૌથી મોટા ફૂટબોલ મંચ સુધી પહોંચવાની સિદ્ધિ હાંસલ કરી છે. કુરાકાઓના નાના કેરેબિયન ટાપુએ કિંગ્સ્ટનમાં જમૈકા સામે 0-0થી ડ્રો કરીને 2026 ફિફા વર્લ્ડ કપમાં એન્ટ્રી મારી લીધી, જે વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરનાર ઈતિહાસનો સૌથી નાનો દેશ બન્યો. CONCACAF ક્વોલિફાયરમાં મોટો ઉલટફેર, બીજી ગ્રૂપ મેચોમાં પનામાએ 3-0થી એલ સાલ્વાડોરને હરાવીને પોતાની બીજી વર્લ્ડ કપ ટિકિટ હાંસલ કરી લીધી છે. બીજી તરફ સુરિનામને ગ્વાટેમાલા સામે 3-1ની હારના કારણે સીધા ક્વોલિફાય કરતા અટકાવ્યા, પરંતુ તેઓ પ્લેઓફમાં પહોંચી ગયા. કુરાકાઓ હવે તેમના ગ્રુપ સ્ટેજના પ્રતિસ્પર્ધીની રાહ જોશે. ડ્રો 5 ડિસેમ્બરે વોશિંગ્ટન ડીસીમાં થશે. આ પણ વાંચો: 'વિરોધ કરવા ટ્રમ્પના પ્રવાસનો સમયગાળો નક્કી કરાયો, આ ષડયંત્ર છે', દિલ્હી રમખાણો પર SCમાં બોલી પોલીસ ભારતની સ્થિતિ હજુ પણ સંઘર્ષભરી, કુરાકાઓની સિદ્ધિ ભારત માટે પણ ઘણા સવાલો ઊભા કરે છે. જ્યારે કુરાકાઓ જેવો નાનો દેશ વર્લ્ડ કપમાં સ્થાન બનાવી રહ્યો છે, ત્યારે 135 કરોડની વસતી ધરાવતો ભારત હજુ સુધી ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય નથી થયો. ઓછી વસતી, મર્યાદિત સંસાધનો અને અપૂરતી માળખાગત સુવિધા હોવા છતાં કુરાકાઓએ દેખાડી દીધું ક્ષમતા, યોજના અને આત્મવિશ્વાસ મોટા દેશોને પણ પાછળ છોડી શકે છે. ફૂટબોલની દુનિયામાં મંગળવારનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો. અમદાવાદના એક વિસ્તાર કરતાં પણ ઓછી વસતી ધરાવતા દેશ કુરાકાએ ફિફા વર્લ્ડકપમાં એન્ટ્રી મારી લીધી છે. માત્ર 1.57 લાખની વસતી વાળો આ દેશ હવે વર્લ્ડ કપ રમનારો વિશ્વનો સૌથી ઓછી વસતી ધરાવતો દેશ બની ગયો છે. અગાઉ આ રેકોર્ડ આઈસલૅન્ડના નામે હતો, જેની વસતી 2018માં લગભગ 3.3 લાખ હતી. નોઈડાથી પણ ઓછી વસતી ધરાવતા દેશે કર્યું ક્વોલિફાય, ભારતના મોટા શહેરોની તુલના કરીએ તો આ સિદ્ધિ વધુ ચોંકાવનારી છે. નોઈડાની વસતી લગભગ 10 લાખ છે, જે કુરાકાઓ કરતાં લગભગ 10 ગણી વધારે છે.

# પાકિસ્તાન ક્રિકેટમાં ભૂકંપ! અઝહર અલીએ સિલેક્ટર પદ છોડ્યું, કારણ છે સરફરાઝ?



**મુંબઈ, તા. 20**

પાકિસ્તાનના પૂર્વ ટેસ્ટ કેપ્ટન અઝહર અલીએ નેશનલ સિલેક્શન કમિટિ અને યૂથ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ પદ પરથી રાજીનામું આપી દીધું છે. સરફરાઝ અહેમદને કારણે અઝહર અલીએ સિલેક્ટર પદ છોડ્યું. અઝહરની નજીકના એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું કે, 'PCBએ અચાનક સરફરાઝ અહેમદને પાકિસ્તાન શાહીન અને અંડર-19 ટીમોનો સંપૂર્ણ ચાર્જ આપી દીધા બાદ તેમણે આ નિર્ણય લીધો હતો. અઝહરે આ અઠવાડિયાની શરૂઆતમાં જ પોતાનું રાજીનામું મોકલી દીધું હતું અને બોર્ડે તેને સ્વીકારી પણ લીધું છે.' 40 વર્ષીય અઝહર અલીએ પાકિસ્તાન માટે 97 ટેસ્ટ મેચ રમી હતી. તે ગત વર્ષે જ સિલેક્ટર અને યૂથ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ બન્યા હતા, પરંતુ બોર્ડની લાલ ફિતાશાહી અને સ્લો પ્રોસેસથી તેઓ પરેશાન હતા. સૂત્રોનું કહેવું છે કે, એકેડેમીમાં યુવા ખેલાડીઓના ગ્રુમિંગ સંબંધિત ઘણી મહત્વપૂર્ણ યોજનાઓને આગળ ધપાવવામાં ન આવી, જેનાથી અઝહર ખૂબ નારાજ હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે જ્યારે બોર્ડેતેને જાણ કર્યા વિના શાહીન અને અંડર-19 ટીમોની બધી જવાબદારી સરફરાઝને સોંપી દીધી ત્યારે અઝહરને લાગ્યું કે તેની ભૂમિકાનો મોટો ભાગ તેની પાસેથી છીનવી લેવામાં આવ્યો છે. આ કારણે તેણે રાજીનામું આપી દીધું છે. સરફરાઝને બંને ટીમોનો સંપૂર્ણ ચાર્જ સોંપી દેવામાં આવ્યો. સરફરાઝ છેલ્લા કેટલાક સમયથી PCB સાથે મેન્ટોર અને ક્રિકેટ સલાહકારની ભૂમિકામાં હતો. હવે તેને બંને ટીમોનો સંપૂર્ણ ચાર્જ સોંપી દેવામાં આવ્યો છે. કોચના પ્રદર્શનથી લઈને પસંદગી, ટ્રેનિંગ કેમ્પ અને ટીમ સાથે ટ્રાવેલ કરવા સુધીના તમામ અધિકારો તેની પાસે જ રહેશે. પાકિસ્તાન ક્રિકેટમાં તાજેતરના વર્ષોમાં ઘણા કોચ અને પૂર્વ ખેલાડીઓ જેમાં વિદેશી પણ સામેલ છે, જેઓ પોતાનો કોન્ટ્રાક્ટ પૂરો નથી કરી શક્યા. કાં તો તેઓ છોડીને ચાલ્યા ગયા અથવા તેમને હટાવી દેવામાં આવ્યા છે. તાજેતરનો કિસ્સો મહિલા ટીમના કોચ મોહમ્મદ વસીમનો છે, જેનો કોન્ટ્રાક્ટ PCB દ્વારા રિન્યુ કરવામાં નહોતો આવ્યો, કારણ કે ટીમ વર્લ્ડ કપમાં છેલ્લા સ્થાને રહ્યા બાદ આગળ નહોતી વધી શકી.

### રિંગ સાથેની તસવીર વાઇરલ થતાં સોશિયલ મીડિયામાં અટકળો

# હાર્દિક પંડ્યાએ માહિકા શર્મા સાથે કરી સગાઈ?

## એક અન્ય વીડિયોમાં તે માહિકા સાથે જીમ કરતા દેખાયો હતો

**મુંબઈ, તા. 20**

ક્રિકેટર હાર્દિક પંડ્યા અને અભિનેત્રી-મોડલ માહિકા શર્મા તેમના રિલેશનશિપની અફવાઓને કારણે છેલ્લા કેટલાક સમયથી ચર્ચાનું કેન્દ્ર બન્યા છે અને તેમના ફોટો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. જોકે, હવે આ બંને એવા કારણોસર ચર્ચામાં છે કે સોશિયલ મીડિયા યુઝર્સ તેમને પૂછી રહ્યા છે કે શું તેમણે સગાઈ કરી લીધી છે? હાર્દિક સતત સોશિયલ મીડિયા પર પોતાના જીવનની ખાસ પળો ફેન્સ સાથે શેર કરે છે, પછી તે ક્રિકેટ માટેની મહેનત હોય, પરિવાર સાથે સમય વિતાવવો હોય કે પછી માહિકા સાથેની રોમેન્ટિક ક્ષણો હોય. માહિકા સાથેનો તેમનો સંબંધ વધુ ગાઢ બની રહ્યો છે અને ચાહકો તેમને 'પરફેક્ટ કપલ' કહીને સપોર્ટ કરી રહ્યા છે.હાર્દિક અને માહિકાના કેટલાક ફોટો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં માહિકાના હાથમાં રિંગ દેખાઈ રહી છે. આ જ ફોટોને જોઈને ફેન્સ અનુમાન લગાવી રહ્યા છે કે ક્યાંક આ બંનેએ સગાઈ તો નથી કરી લીધી? તાજેતરમાં જ હાર્દિકે ઘણા ફોટો અને વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા હતા, હાર્દિકે કેપ્શનમાં 'માય બિગ 3'(My Big 3) લખ્યું છે, જેમાં ક્રિકેટ, તેનો પુત્ર અગસ્ત્ય અને માહિકાને તેના જીવનના ત્રણ સૌથી મોટા ખજાના ગણાવ્યા છે. આ સાથે જ બ્લુ હાર્ટ ઈમોજી, એક ઓમ ઈમોજી અને એક ક્રિકેટ બેટ ઈમોજી પોસ્ટ કર્યા હતા. આ ઉપરાંત, ક્રિકેટરે એક વીડિયો પણ શેર કર્યો હતો જેમાં તે માહિકા સાથે પૂજા કરતો જોવા મળ્યો હતો. વળી, એક અન્ય વીડિયોમાં તે માહિકા સાથે જીમ કરતા દેખાયો હતો. એક યુઝરે કમેન્ટ કરી કે, 'એવું લાગે છે કે તે પોતાનો સંબંધ જાહેરમાં બતાવી રહ્યા છે.' અન્ય એક યુઝરે લખ્યું કે, 'મને ખબર નથી કે સગાઈ કરી કે નહીં, પરંતુ બંને સાથે સારા લાગે છે.' એક અન્ય યુઝરે લખ્યું, 'જ્યારે માહિકાએ આ ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો.







# હુમા કુરેશીનો ઘટસ્ફોટ: બોલીવૂડમાં અડધોઅડધ લોકોને હિંદી નથી આવડતું

**મુંબઈ, તા. 20**

મુંબઈ : બોલીવૂડ એટલે હિંદી સિને ઉદ્યોગ એવો અર્થ કાઢવામાં આવે છે પરંતુ વાસ્તવમાં બોલીવૂડમાંથી હાલ હિંદીનો સાવ છેદ ઉડી ગયો છે. એક્ટ્રેસ હુમા કુરેશીએ કરેલા ઘટસ્ફોટ મુજબ બોલીવૂડમાં અડધો અડધ કલાકારો, ફિલ્મ દિગ્દર્શકો તથા અન્ય ક્રૂને હિંદી બોલતાં, લખતાં કે વાંચતાં આવડતું જ નથી. હુમાના જણાવ્યા અનુસાર તેમને સ્ક્રિપ્ટ પણ અંગ્રેજીમાં જ મળે છે. હિંદી સંવાદો પણ અંગ્રેજી લિપિમાં લખાયેલા અપાય છે. ફિલ્મના સેટ પર કલાકારો અને ટેકનિશિયન્સ વચ્ચે ભાગ્યે જ હિંદીમાં વાતચીત થાય છે. હુમાના જણાવ્યા અનુસાર હિંદી ભાષી પ્રેક્ષકો માટે ફિલ્મો બનાવતા લોકો પણ અંગ્રેજીથી અંજાયેલા છે અને બોલીવૂડની જાણે કે સત્તાવાર ભાષા જ અંગ્રેજી બની ગઈ છે. જોકે, વક્રતા એ છે કે તેમાંથી મોટાભાગના લોકોને સારું અંગ્રેજી પણ આવડતું નથી. આથી બહુ મોટાપાયે કમ્યુનિકેશન ગેપ રહી જાય છે અને તેની અસર ફિલ્મો પર પણ વર્તાય છે. હિંદી ફિલ્મો હાલ તળ હિંદીભાષી પ્રેક્ષકો સાથે તાદાત્મ્ય નથી સાધી શકતી તેનું આ એક બહુ મોટું કારણ છે. ભૂતકાળમાં ફિલ્મોનાં પોસ્ટર પર હિંદીમાં ટાઈટલ અચૂક લખાતું હતું. કેટલીય ફિલ્મોમાં ક્રેડિટ લાઈન પણ હિંદીમાં અપાતી હતી. હવે એ બધું ગાયબ થઈ ચૂક્યું છે. અગાઉ નવાઝુદ્દિન સિદ્દિકીએ પણ એક વાતચીતમાં ફરિયાદ કરી હતી કે આજકાલ કાસ્ટિંગ પણ કલાકાર અંગ્રેજી બરાબર જાણે છે કે નહિ એ લાયકાતના આધારે થાય છે. તેના કારણે નાના શહેરોમાંથી આવતા ઉમદા કલાકારોને કામ મળતું નથી.



# બીજી વખત મા બનશે સોનમ કપૂર, બેબી બમ્પ સાથેની તસવીરો કરી શેર

## 'મધર'. હવે એક્ટ્રેસની આ પોસ્ટ પર સેલેબ્સ અને ચાહકો તરફથી અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે

**મુંબઈ, તા. 20**

છેલ્લા થોડા દિવસોમાં બોલિવૂડના ઘણા સ્ટાર કપલ્સ માતા-પિતા બન્યા છે. પરિણીતી ચોપરાથી લઈને કેટરિના કૈફ સુધી ઘણા સ્ટાર્સ માતા-પિતા બન્યા છે. આ વચ્ચે હવે બોલિવૂડની ફેશન આઈકન અને એક્ટ્રેસ સોનમ કપૂર આહૂજાએ સોશિયલ મીડિયા પર ફેન્સ સાથે ગૂડ ન્યૂઝ શેર કરી છે. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પર બેબી બમ્પ ફ્લોન્ટ કરતી કેટલીક સ્ટાઈલિશ તસવીરો સાથે બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કરી છે. બીજી વખત મા બનશે સોનમ કપૂર. સોનમ કપૂર અને આનંદ આહુજા ટૂંક સમયમાં બીજી વખત માતા-પિતા બનવા જઈ રહ્યા છે. સોનમે પોતાના સોશિયલ મીડિયા પર ઘણી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં સોનમ ગુલાબી કલરના આઉટફીટમાં નજર આવી રહી છે. સોનમનો આ લુક એકદમ ગ્લેમરસ અને સ્ટાઈલિશ લાગી રહ્યો છે. આ તસવીરો શેર કરતા સોનમે કેપ્શનમાં લખ્યું છે, 'મધર'. હવે એક્ટ્રેસની આ પોસ્ટ પર સેલેબ્સ અને ચાહકો તરફથી અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. ઘણા સ્ટાર્સે સોનમ કપૂરને અભિનંદન પાઠવ્યા છે. તેમાં પ્રિયંકા ચોપરા, પરિણીતી ચોપરા અને કરીના કપૂર સહિત ઘણા સ્ટાર્સે સોનમને અભિનંદન પાઠવ્યા છે. આ તસવીમાં સોનમ બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો છે. આ સાથે તેણે એ પણ જણાવ્યું કે તેના બાળકનો જન્મ 2026માં થશે.

# ગુજરાતના જંગલોમાં કંગના રણૌતની એડવેન્ચર સફર

## ભત્રીજા પૃથ્વી સાથે પહોંચી ગીર નેશનલ પાર્કમાં

**મુંબઈ, તા. 20**

અભિનેત્રી અને રાજકારણી કંગના રનૌત હાલમાં ગુજરાતના પ્રવાસે છે. તેના ભત્રીજા પૃથ્વી સાથે કંગના ગુજરાતના ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં જંગલ સફારી કરવા પહોંચી હતી. આ સફર તેના માટે ખાસ હતી અને કંગનાએ તેના સોશિયલ મીડિયા પર વિસ્તૃત રીતે શેર કરી. કંગનાએ ગુજરાતની સુંદરતા અને સંસ્કૃતિ પ્રત્યે પોતાની ઊંડી પ્રશંસા વ્યક્ત કરી છે. તેમણે ખાસ કરીને લખ્યું, 'ગુજરાત ખૂબ જ સુંદર છે...' કંગનાએ ઈન્સ્ટાગ્રામ પર ઘણા ફોટા શેર કર્યા, જેમાં તે જંગલ વિસ્તારમાં ખુલ્લી જીપમાં સફારીનો આનંદ માણતી જોવા મળી. ચાહકોને સફારી જેકેટ, ટોપી



અને દૂરબીન પહેરીને કંગનાનો સાહસિક દેખાવ ખૂબ ગમ્યો. તેની સાથે પૃથ્વી પણ હતો, જેને કંગનાએ તેનો 'ફેવરેટ ટ્રાવેલ પાર્ટનર' ગણાવ્યો હતો. ફોટામાં બંને ઉત્સાહથી વિવિધ પ્રાણીઓનું નિરીક્ષણ કરતા જોવા મળે છે. કંગનાએ ફોટા સાથે કેપ્શનમાં લખ્યું કે, 'ગુજરાત અદ્ભુત છે. હું હંમેશા તેની સુંદરતા, સંસ્કૃતિ અને પ્રામાણિકતાથી આશ્ચર્યચકિત થઈ જાઉં છું. આજે, હું મારા નાના મિત્ર પૃથ્વી સાથે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં છું... ગુજરાતના સિંહો સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે.' કંગનાએ એમ પણ લખ્યું કે પૃથ્વી હવે તેનો પ્રિય પ્રવાસ સાથી બની ગયો છે, અને તે બંનેએ કુદરતી વિવિધતાનો નજીકથી અનુભવ કર્યો. જેને કંગનાએ તેનો 'ફેવરેટ ટ્રાવેલ પાર્ટનર' ગણાવ્યો હતો. ફોટામાં બંને ઉત્સાહથી વિવિધ પ્રાણીઓનું નિરીક્ષણ કરતા જોવા મળે છે. કંગનાએ ફોટા સાથે કેપ્શનમાં લખ્યું કે, 'ગુજરાત અદ્ભુત છે. હું હંમેશા તેની સુંદરતા, સંસ્કૃતિ અને પ્રામાણિકતાથી આશ્ચર્યચકિત થઈ જાઉં છું. આજે, હું મારા નાના મિત્ર પૃથ્વી સાથે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં છું... ગુજરાતના સિંહો સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે.' કંગનાએ એમ પણ લખ્યું કે પૃથ્વી હવે તેનો પ્રિય પ્રવાસ સાથી બની ગયો છે, અને તે બંનેએ કુદરતી વિવિધતાનો નજીકથી અનુભવ કર્યો.

# અનિલ અંબાણીની ₹1,400 કરોડની પ્રોપર્ટી જપ્ત

## અત્યાર સુધીમાં કુલ ₹9,000 કરોડની પ્રોપર્ટી અટેચ, મની લોન્ડરિંગ મામલે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

**મુંબઈ, તા.20**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ફરી એકવાર અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપની મિલકતો જપ્ત કરી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી અને તેમની કંપનીઓ સાથે સંકળાયેલી મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે કરોડો રૂપિયાની નવી સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.

આ મિલકતોની કિંમત આશરે 1,400 કરોડ છે. નવી મુંબઈ, ચેન્નાઈ, પુણે અને ભુવનેશ્વરમાં આ મિલકતો જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહી સાથે, રિલાયન્સ ગ્રુપની કુલ સંપત્તિ જપ્તીનો આંકડો આશરે 9,000 કરોડ સુધી પહોંચી ગયો છે.

રિલાયન્સ હોમ ફાઈનાન્સ (RHFL) અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ (RCFL) માં ભંડોળના મોટા પાયે દુરુપયોગ સંબંધિત કેસના સંદર્ભમાં આ મિલકતો જપ્ત કરવામાં આવી છે.

અગાઉ, 33 નવેમ્બરના રોજ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ફંડ ડાયવર્ઝન કેસના સંદર્ભમાં અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપની 132 એકર જમીન જપ્ત કરી હતી. આ જમીન નવી મુંબઈમાં ધીરુભાઈ અંબાણી નોલેજ સિટી (DAKC)માં આવેલી છે અને તેની કિંમત 4,462.81 કરોડ છે.

વધુમાં, જૂથની 40થી વધુ મિલકતો પણ જપ્ત કરવામાં આવી હતી. આ મિલકતોમાં અનિલ અંબાણીનું પાલી હિલનું ઘર પણ સામેલ છે. જપ્ત કરાયેલી મિલકતોની કુલ કિંમત 3,084 કરોડ હોવાનો અંદાજ છે.

EDએ તેની તપાસમાં રિલાયન્સ હોમ ફાઈનાન્સ (RHFL) અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ (RCFL)માં ભંડોળનો નોંધપાત્ર ગેરરીતિ શોધી કાઢી છે. 2017 અને 2019ની વચ્ચે, યસ બેંકે RHFLમાં 2,965



કરોડ અને RCFLમાં 2,045 કરોડનું રોકાણ કર્યું હતું. પરંતુ ડિસેમ્બર 2019 સુધીમાં આ રકમો નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) બની ગઈ હતી.

RHFLનું બાકી દેવું હજુ પણ 1,353 કરોડ છે, જ્યારે RCFLનું દેવું 1,984 કરોડ છે. કુલ મળીને યસ બેંકને 2,700 કરોડથી વધુનું નુકસાન થયું છે. EDના જણાવ્યા અનુસાર, આ ભંડોળ રિલાયન્સ ગ્રુપની અન્ય કંપનીઓમાં ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. લોન મંજૂરી પ્રક્રિયામાં પણ અસંખ્ય ગોટાળાઓ મળ્યા હતા. જેમ કે, કેટલીક લોન એક જ દિવસે અરજી, અપ્રુવ અને ડિસ્બર્સ થઈ હતી. ફિલ્ડ ચેક અને મીટિંગ્સ સ્કીપ થઈ ગઈ. ડોક્યુમેન્ટ બ્લેન્ક અથવા તારીખ વગરના હોવાનું જાણવા મળ્યું હતું.

EDએ આને 'ઈંટેંશનલ કન્ટ્રોલ ફેલ્યોર' જણાવ્યું છે. આ તપાસ PMLAની કલમ 5(1) હેઠળ હાથ ધરવામાં આવી રહી છે, અને અટેચમેન્ટ આદેશ 31 ઓક્ટોબર, 2025ના રોજ જારી કરવામાં આવ્યો હતો.

આ મામલો 2017 અને 2019ની વચ્ચે અનિલ અંબાણી સાથે જોડાયેલી રિલાયન્સ ગ્રુપ કંપનીઓને યસ બેંક દ્વારા આપવામાં આવેલી લગભગ 3,000 કરોડ રૂપિયાની લોન સાથે સંબંધિત છે.

EDની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ લોન કથિત રીતે શેલ કંપનીઓ અને અન્ય જૂથ સંસ્થાઓને વાળવામાં આવી હતી. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે યસ બેંકના વરિષ્ઠ અધિકારીઓને લાંચ આપવામાં આવી હોઈ શકે છે.

ED કહે છે કે આ બેંકો, શેરધારકો, રોકાણકારો અને અન્ય જાહેર સંસ્થાઓ સાથે છેતરપિંડી કરવા માટે 'સમજી-વિચારીને અને આયોજનપૂર્વક' યોજના હતી. તપાસમાં ઘણી ગેરરીતિઓ બહાર આવી, જેમાં શામેલ છે:

સીબીઆઈએ બે કેસમાં એફઆઈઆર દાખલ કરી હતી. આ કેસ યસ બેંક દ્વારા રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડને આપવામાં આવેલી બે અલગ અલગ લોન સાથે સંબંધિત છે. બંને કેસમાં, સીબીઆઈએ યસ બેંકના ભૂતપૂર્વ સીઈઓ રાણા કપૂરનું નામ આપ્યું હતું.

ત્યારબાદ, એક અધિકારીએ જણાવ્યું હતું કે, નેશનલ હાઉસિંગ બેંક, સેબી, નેશનલ ફાઈનાન્શિયલ રિપોર્ટિંગ ઓથોરિટી અને બેંક ઓફ બરોડા સહિત અન્ય એજન્સીઓ અને સંસ્થાઓએ પણ ED સાથે માહિતી શેર કરી હતી. ED હવે આ મામલાની તપાસ કરી રહી છે.

# ડિજિટલ ગોલ્ડ કંપનીઓ દ્વારા પોતાની નિયમનકારી સંસ્થા રચવા વિચારણા...

**મુંબઈ, તા.20**

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની આવી પડેલી ચેતવણી બાદ ડિજિટલ ગોલ્ડ કંપનીઓ પોતાની નિયમનકારી સંસ્થા (એસઆરઓ) ની રચના કરવા યોજના બનાવી રહી છે. રોકાણકારોનો વિશ્વાસ જળવાઈ રહે તે હેતુ સાથે આ હિલચાલ આવી પડી હોવાનું માનવામાં આવે છે.

ડિજિટલ ગોલ્ડ હાલમાં અનિયંત્રિત ઉદ્યોગ છે એમ જણાવી સેબીએ તાજેતરમાં તેમાં રોકાણ કરતા રોકાણકારોને ચેતવણી આપી હતી. ગોલ્ડ મેન્યુફેક્ચરિંગ એન્ડ સેફકીપિંગ કંપનીસ, એમએમટીસી-પીએએમપી સહિતની આગેવાન કંપનીઓ એક એવી સંસ્થા ઊભી કરવાની વિચારણા કરી રહી છે જે ઉદ્યોગ માટે માર્ગદર્શિકા ઘડી કાઢવા તથા સ્વનિયમન માટે માળખાની રચના કરશે.

ગ્રાહકોના ડિજિટલ ગોલ્ડ હોલ્ડિંગ્સનું ઓડિટ થાય અને સિક્યોર વોલ્ટસમાં સંગ્રહાયેલા સોનાનું તે સંપૂર્ણ પીઠબળ ધરાવતું હોય તેની સૂચિત સંસ્થા ખાતરી રાખશે.

સૂચિત સંસ્થામાં જોડોવા આ કંપનીઓ ડિજિટલ ગોલ્ડ વિતરકો સાથે પણ ચર્ચા કરી રહી હોવાનું ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું. ડિજિટલ ગોલ્ડની ખરીદી કાનૂની છે પરંતુ તેના પર સરકાર અથવા કોઈ સંસ્થાનું નિયમન છે કે કેમ તે અંગે કોઈ સ્પષ્ટતા નથી.

તાજેતરમાં સેબીની આવી પડેલી ચેતવણીથી આ ઉદ્યોગના હિસ્સેદારો તથા રોકાણકારોમાં ચિંતાની લાગણી ઊભી થઈ છે. યુપીઆઈના ઉપયોગ દ્વારા ડિજિટલ ગોલ્ડની ખરીદી ઓકટોબરમાં ૬૦ ટકા જેટલી ઘટી વર્તમાન વર્ષની સૌથી નીચી સપાટીએ રહી હતી. ડિજિટલ ગોલ્ડ પર કોઈ નિયમન નહીં હેવાની વારંવારની ચેતવણીને પરિણામે ખરીદી પર અસર પડી હોવાનું માનવામાં આવે છે.

એક અંદાજ પ્રમાણે ભારતીય પાસે હાલમાં રૂપિયા ૫૫૦૦૦ કરોડનું ૪૫ ટન જેટલું ડિજિટલ ગોલ્ડ પડયું છે.

# સોના-ચાંદીના ભાવ ઘટ્યા : આ વર્ષે સોનું ₹46,000 અને ચાંદી ₹70,000 મોંઘાં હતાં

**મુંબઈ, તા.20**

20 નવેમ્બરે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો હતો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, સોનાનો ભાવ 1,003 ઘટીને 1,22,881 પ્રતિ 10 ગ્રામ થયો હતો. અગાઉ ભાવ 1,23,884 પ્રતિ 10 ગ્રામ હતો. અમદાવાદમાં 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 1,24,740 છે.

ચાંદીનો ભાવ 2,280 ઘટીને 1,55,840 પ્રતિ કિલોગ્રામ થયો. અગાઉ એની કિંમત 1,58,120 પ્રતિ કિલોગ્રામ હતી. 17 ઓક્ટોબરે સોનાનો ભાવ 1,30,874ની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો અને 14 ઓક્ટોબરે ચાંદી 1,78,100ની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચી હતી.

IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી



કરવા માટે એનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યારસુધીમાં સોનાના ભાવમાં 47,722નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,22,881 થયો છે.

આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં પણ 69,823નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે એ વધીને 1,55,840 પ્રતિ કિલોગ્રામ થયો છે.

નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધઘટ થઈ શકે છે, જોકે લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને ટેકો પૂરો પાડશે. પરિણામે, આગામી દિવસોમાં એની કિંમત ફરી એકવાર 1.25 લાખ સુધી પહોંચી શકે છે.

ફક્ત પ્રમાણિત સોનું ખરીદો હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક હોઈ શકે છે, જેમ કે AZ4524. હોલમાર્કિંગ સોનાના કેરેટેજને દર્શાવે છે.

# સેન્સેક્સમાંથી બહાર થઈ શકે છે ટાટા મોટર્સ : 39 વર્ષથી ટોપ 20 શેરોમાં કંપની, ડિમર્જર પછીની શરતો પૂરી કરવામાં અસમર્થ

**મુંબઈ , તા.20**

સેન્સેક્સના પ્રથમ શેરોમાંના એક, ટાટા મોટર્સ દેશના સૌથી જૂના સ્ટોક ઈન્ડેક્સમાંથી દૂર થવાની આરે છે. કંપની 1986માં તેની સ્થાપનાથી જ સેન્સેક્સનો ભાગ રહી છે. કોમર્શિયલ વાહન અને પેસેન્જર વાહન વ્યવસાયોને અલગ કર્યા પછી ટાટા મોટર્સનું માર્કેટ કેપ સેન્સેક્સમાં રહેવા માટે લઘુત્તમ જરૂરિયાત પૂરી કરી શકતું નથી.




હાલમાં, સેન્સેક્સમાં રહેવા માટે જરૂરી લઘુત્તમ માર્કેટ કેપ આશરે 2 લાખ કરોડ છે. ટાટા મોટર્સના કુલ બજાર મૂલ્યને બે અલગ અલગ કંપનીઓમાં વિભાજીત કરવાને કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ. ઓક્ટોબરમાં ડિમર્જર પછી, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સનું માર્કેટ કેપ 1.37 લાખ કરોડ અને ટાટા મોટર્સ લિમિટેડ (કોમર્શિયલ વ્હીકલ્સ)નું માર્કેટ કેપ 1.19 લાખ કરોડ છે.

આવી સ્થિતિમાં દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ટરગ્લોબ એવિએશન (ઈન્ડિગો), ડિસેમ્બર રિબેલેન્સિંગમાં ટાટા મોટર્સનું સ્થાન લઈ શકે છે. આદિત્ય બિરલા ગ્રુપની ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ પણ આ યાદીમાં સ્થાન મેળવી શકે છે. BSE ડિસેમ્બરમાં સેન્સેક્સ ઈન્ડેક્સમાં ફેરફારોની જાહેરાત કરશે. નવા ફેરફારો આ વર્ષની 19 ડિસેમ્બરથી અમલમાં આવશે.

સેન્સેક્સના 30 શેરોમાંથી ફક્ત ચાર કંપનીઓ ટાટા મોટર્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, HUL અને ITC સ્થિર રહે છે. ટાટા મોટર્સને આ યાદીમાંથી દૂર કરવામાં આવી શકે છે. સેન્સેક્સના લાંબા સમયથી સભ્ય રહેલ નેસ્લે આ વર્ષે જૂનમાં બહાર નીકળી ગઈ.

સેન્સેક્સમાં સામેલ થવા માટે કંપની તેના સંપૂર્ણ માર્કેટ કેપના આધારે દેશની ટોચની 75 કંપનીઓમાં શામેલ હોવી આવશ્યક છે. ફ્રી-ફ્લોટ માર્કેટ કેપ (ઉપલબ્ધ શેરનું મૂલ્ય) પર આધારિત વેઈટિંગ ઓછામાં ઓછું 0.5% હોવું આવશ્યક છે. બીજી તરફ, ઈન્ડિગોનું માર્કેટ કેપ 2.27 લાખ કરોડથી વધુ છે. સેન્સેક્સ સિવાયના સભ્યોમાં કંપની યાદીમાં આગળ છે. નકારાત્મક અસર: પેરિસ્કોપ એનાલિટિક્સ વિશ્લેષક બ્રાયન ફ્રીટાસે સ્માર્ટકર્મા પર પ્રકાશિત એક અહેવાલમાં અંદાજ લગાવ્યો છે કે જો ટાટા મોટર્સને સેન્સેક્સમાંથી દૂર કરવામાં આવે છે, તો કંપનીના શેર વેચવાને કારણે બજારમાંથી રૂ. 2,232 કરોડનું નુકસાન થશે.

સકારાત્મક અસર: જો ઈન્ડિગો સેન્સેક્સમાં જોડાય છે, તો તેના શેરમાં વધારાનું રોકાણ બજારમાં 3,157 કરોડ લાવી શકે છે. ફ્રીટાસે કહ્યું, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝને પણ સેન્સેક્સમાં સામેલ થવાની થોડી શક્યતા છે. આનાથી બજારમાં 2,526 કરોડ આવશે.

ટાટા ગ્રુપના ચેરમેન એન. ચંદ્રશેખરન અને ટાટા ટ્રસ્ટના ચેરમેન આર. વેંકટરામનન વચ્ચે તણાવ વધી રહ્યો હોવાના અહેવાલ છે. આ વિવાદ ટાટા સન્સ બોર્ડમાં ટ્રસ્ટના નામાંકિત સભ્યોના મતદાન અધિકારોને લઈને હોવાનું કહેવાય છે. ચંદ્રશેખરને વેંકટરામનને પત્ર લખીને આ અધિકારો પર કાપ મૂકવાની માગ કરી છે, જ્યારે વેંકટરામને આને ટ્રસ્ટની સ્વાયત્તતા પર હુમલો ગણાવ્યો છે. તેમણે સર રતન ટાટા ટ્રસ્ટમાં નોએલ ટાટાના પુત્ર નેવિલના સમાવેશને લગતા આંતરિક સંકલન પર પણ સવાલ ઉઠાવ્યા છે. નોવિલ સર રતન ટાટા ટ્રસ્ટમાં જોડાવાની અપેક્ષા હતી, પરંતુ ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટી વેણુ શ્રીનિવાસને એક બેઠક યોજી અને આ પગલાને અવરોધિત કર્યા.

સોમવારે (17 નવેમ્બર) ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ (TMPV) ના શેર 4.74% ઘટ્યા. ટ્રેડિંગ દરમિયાન, તે 7% ઘટીને 363 પર આવી ગયા. છેલ્લા પાંચ દિવસમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સના શેર 8%થી વધુ ઘટ્યા છે. કંપનીનો શેર એક મહિનામાં 6%, છ મહિનામાં 15% અને એક વર્ષમાં 20% ઘટ્યો છે. કંપનીનું માર્કેટ કેપ 1.44 લાખ કરોડ છે. કંપનીના શેરના ભાવમાં ઘટાડો તેના જુલાઈ-સપ્ટેમ્બર 2025ના ત્રિમાસિક પરિણામોને પગલે થયો છે. કંપનીએ બીજા ત્રિમાસિક ગાળા (જુલાઈ-સપ્ટેમ્બર)માં 6,368 કરોડનું ચોખ્ખું નુકસાન નોંધાવ્યું હતું, જે મુખ્યત્વે જગુઆર લેન્ડ રોવર (JLR) પર સાયબર હુમલાને કારણે થયું હતું, જેના કારણે ઉત્પાદન પર અસર પડી હતી.

# સેન્સેક્સમાં 100 પોઈન્ટથી વધુની તેજી : નિફ્ટીમાં 50 પોઈન્ટનો ઉછાળો, બેંકિંગ અને એનર્જી શેરોમાં ઉછાળો



**મુંબઈ, તા.20**

20 નવેમ્બરના રોજ શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 100 પોઈન્ટથી વધુ વધીને 85,300 પર ટ્રેડ કરી રહ્યો છે.

નિફ્ટી પણ લગભગ 50 પોઈન્ટ વધીને 26,100ના સ્તરથી ઉપર ટ્રેડ થઈ રહ્યો છે. આજે બેંકિંગ અને એનર્જી શેરોમાં પણ તેજી જોવા મળી રહી છે, જ્યારે આઈટી અને ફાર્માસ્યુટિકલ શેરોમાં દબાણ જોવા મળી રહ્યું છે. ફુજિયામા પાવર સિસ્ટમ્સના શેર 4% ઘટ્યા બીએસઈ પર ફુજિયામા પાવર સિસ્ટમ્સના શેર 4.21% ઘટીને 218.40 પર ખુલ્યા. એનએસઈ પર, શેર 3.5% ઘટીને 220 પર ખુલ્યો. તેની ઈશ્યૂ કિંમત 228 પ્રતિ શેર હતી.

એશિયન બજારો: જાપાનનો નિક્કી 3.25% વધીને 50,115 પર, કોરિયાનો કોસ્પી 3.18% વધીને 4,054 પર અને હોંગકોંગનો હેંગસેંગ 0.17% વધીને 25,873 પર ટ્રેડ કરી રહ્યો છે. યુએસ બજારો: ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 19 નવેમ્બરના રોજ 0.10% વધીને 46,138 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ 0.59% અને S&P 500 0.38% વધ્યો.

વિદેશી વિરુદ્ધ સ્થાનિક રોકાણકારો 19 નવેમ્બરના રોજ, વિદેશી રોકાણકારો (FII) એ 1,694 કરોડના શેર ખરીદ્યા હતા, અને સ્થાનિક રોકાણકારો (DII - આપણા દેશના મોટા ભંડોળ) એ 1,223 કરોડના શેર ખરીદ્યા હતા. આ મહિનામાં અત્યાર સુધીમાં, FII એ 12,358 કરોડના શેર વેચ્યા હતા, જ્યારે DII એ 50,335 કરોડના શેર ખરીદ્યા હતા.

એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો IPO: આજે બીજો દિવસ આજે એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસના IPOનો બીજો દિવસ છે, જે 21 નવેમ્બર સુધી બોલી લગાવવા માટે ખુલ્લો રહેશે. બુક-બિલ્ટ ઈશ્યૂ 500 કરોડનો છે, જેમાં 180 કરોડના મૂલ્યના 15 મિલિયન શેરનો નવો ઈશ્યૂ છે. વધુમાં, 320 કરોડના મૂલ્યના 26.7 મિલિયન શેરનો ઓફર ફોર સેલ (OFS) હશે. કિંમત બેન્ડ 114 થી 120 પ્રતિ શેર છે. બજારમાં તેજી હતી આ પહેલા, 19 નવેમ્બરના રોજ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 513 પોઈન્ટ વધીને 85,186 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 142 પોઈન્ટ વધીને 26,052 પર બંધ થયો હતો.

# OFS દ્વારા કંપનીઓએ ₹96,000 કરોડ એકત્ર કર્યા


## ઓફર ફોર સેલ દ્વારા એકત્ર કરાયેલી રકમ વર્ષ 2025માં પહેલી વાર 1 લાખ કરોડના વિક્રમી આંકને પાર કરવાની તૈયારીમાં

**અમદાવાદ, તા.20**

પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) હેઠળ ઓફર્સ ફોર સેલ (ઓએફએસ) દ્વારા એકત્ર કરાયેલી રકમ ૨૦૨૫માં લગભગ રૂ. ૯૬,૦૦૦ કરોડની નવી ટોચ પર પહોંચી છે, જે ગયા વર્ષના રૂ. ૯૫,૨૮૫ કરોડના રેકોર્ડને વટાવી ગઈ છે. ૨૦૨૫ માં અત્યાર સુધીમાં આઈપીઓ દ્વારા કુલ રૂ. ૧.૫૩ લાખ કરોડ એકત્ર કરવામાં આવ્યા છે. આ વર્ષે આઈપીઓમાં નવા શેર ઈશ્યૂ દ્વારા એકત્ર કરાયેલી નવી મૂડી રૂ. ૫૬,૭૯૬ કરોડ રહી છે, જે નિષ્ણાતો માને છે કે સ્ટેન્ડઅ લોન ધોરણે હજુ પણ સારી છે.

વર્ષના અંત પહેલા માત્ર છ અઠવાડિયા બાકી હોવાથી, આઈપીઓની કુલ સંખ્યા ગયા વર્ષના રેકોર્ડ તોડવાની આરે છે. વધુમાં, ઓએફએસ દ્વારા એકત્ર કરાયેલી રકમ વર્ષમાં પહેલી વાર રૂ. ૧ લાખ કરોડના આંકને પાર કરવાની તૈયારીમાં છે.

પ્રાઈમ ડેટાબેઝ અનુસાર, ૨૦૧૫ થી આઈપીઓ દ્વારા એકત્ર કરાયેલી કુલ રકમનો લગભગ ત્રણ-ચતુર્થાંશ ઓએફએસ (૪.૭૩ લાખ કરોડ) ના સ્વરૂપમાં છે, જ્યારે ફક્ત ૨.૪૪ લાખ કરોડ




નવા શેરમાંથી આવ્યા છે.

આઈપીઓ દ્વારા એકત્ર કરાયેલી નવી મૂડી સામાન્ય રીતે મૂડી ખર્ચ તરફ જાય છે, જેને આર્થિક વૃદ્ધિનું સૂચક માનવામાં આવે છે. તેનાથી વિપરીત, ઓએફએસ માલિકીમાં પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે. ખાનગી ઈક્વિટી (પીઈ) રોકાણકારો અથવા પ્રમોટર્સ સામાન્ય રીતે તેમના હિસ્સાનું વેચાણ કરે છે. જ્યારે આ આવક કંપનીના વિસ્તરણ માટે સીધી રીતે ભંડોળ પૂરું પાડતી નથી, તેમ છતાં તેનો ઉત્પાદક ઉપયોગ કરી શકાય છે. નિષ્ણાતો કહે છે કે પીઈ રોકાણકારો આ મૂડીને નવા સાહસોમાં રોકાણ કરી શકે છે, અને પ્રમોટર્સ નવા વ્યવસાયોમાં રોકાણ કરી શકે છે. આ વર્ષે, નવી પેઢીની કંપનીઓના મોટાભાગના આઈપીઓમાં ઓએફએસ એ નવી મૂડીનો મોટો હિસ્સો આપ્યો છે. ઘણા કિસ્સાઓમાં, શરૂઆતના રોકાણકારોએ નોંધપાત્ર નફો કર્યો છે. આનાથી એવી ચિંતા વધી છે કે પીઈ ફંડ્સ રિટેલ રોકાણકારોને વેચાણ કરીને તેમના ભંડોળ ઉપાડી રહ્યા છે. જોકે, બજારના સહભાગીઓ આ મતને નકારી કાઢે છે. આઈપીઓ કરતાં ઓએફએસ (ઓફરિંગ્સ)નું પ્રમાણ બજાર માટે સારો સંકેત છે. રોકાણકારોએ પ્રાથમિક ઓફરિંગ દ્વારા ભંડોળ એકત્ર કરવા માટે તેમની મૂડીનો ઉપયોગ થઈ રહ્યો છે કે કેમ તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે વ્યવસાયના મૂળભૂત સિદ્ધાંતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

# ભારતે રશિયન તેલની આયાત ઘટાડી : 8 મહિનામાં 20%થી વધુ ઘટાડો, US-UAEથી ખરીદીમાં વધારો

**નવી દિલ્હી, તા.20**

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા 50% ટેરિફ બાદ, સપ્ટેમ્બર 2025માં રશિયાથી તેલની આયાતમાં મૂલ્યમાં 29% અને વોલ્યુમમાં 17%નો ઘટાડો થયો હતો. જોકે, ભારતનું આ પગલું ટ્રમ્પના ટેરિફનું પરિણામ નથી, પરંતુ ચાલુ આયોજનનો એક ભાગ છે. સરકારી વેપાર ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારત હવે વૈવિધ્યકરણ તરફ આગળ વધી રહ્યું છે. 27 ઓગસ્ટના રોજ, યુનાઈટેડ સ્ટેટ્સે રશિયન તેલ આયાત પર 25% વધારાનો ટેરિફ લાદ્યો, જે કુલ 50% ટેરિફનો એક ભાગ હતો. જોકે, ભારતે પહેલાથી જ પગલાં લીધા હતા. ભારતે છેલ્લા દસ મહિનામાંથી આઠ મહિનામાં રશિયન તેલ આયાતનું મૂલ્ય ઘટાડ્યું છે. ફેબ્રુઆરી, મે, જૂન, જુલાઈ અને સપ્ટેમ્બર એમ પાંચ મહિનામાં આ ઘટાડો 20%થી વધુ હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ ધ હિન્દુને જણાવ્યું હતું કે, ભારત લાંબા




સમયથી જાણે છે કે રશિયન તેલ પર તેની નિર્ભરતા નોંધપાત્ર રીતે વધી છે. તેથી, અમે પહેલાથી જ તેને ઘટાડવાની યોજનાઓ પર કામ કરી રહ્યા હતા. ટ્રમ્પ ટેરિફ આ સમય દરમિયાન આવ્યા છે. હા, તેમને ધ્યાનમાં લેવા પડશે, પરંતુ તે અમારી નીતિને આગળ ધપાવી રહ્યા નથી. આ ઘટાડો ફક્ત સંખ્યામાં જ નથી, પરંતુ ભારતના કુલ તેલ આયાતમાં રશિયાના હિસ્સામાં પણ છે. ભારતની કુલ તેલ આયાતમાં રશિયાનો હિસ્સો સપ્ટેમ્બર 2024માં 41%થી ઘટીને સપ્ટેમ્બર 2025માં 31% થઈ ગયો છે. આ અચાનક ફેરફાર નથી, પરંતુ એક લાંબી પ્રક્રિયાનો ભાગ છે. 2020-21માં રશિયાનો હિસ્સો માત્ર 1.6% હતો. ત્યારબાદના વર્ષોમાં તેમાં સતત વધારો થયો. જોકે, 2025-26ના પ્રથમ છ મહિનામાં (એપ્રિલ-સપ્ટેમ્બર) આ વલણ તૂટી ગયું અને આ હિસ્સો ઘટીને 32.3% થઈ ગયો.

ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ઘટાડી હોવા છતાં, તે રશિયન તેલનો વિશ્વનો બીજો સૌથી મોટો ખરીદનાર દેશ બની ગયો છે. હેલસિંકી સ્થિત સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA)ના અહેવાલ મુજબ, ઓક્ટોબરમાં રશિયાએ રશિયા પાસેથી 2.5 બિલિયન ડોલર (આશરે રૂ. 22.17 હજાર કરોડ) મૂલ્યનું ક્રૂડ ઓઈલ આયાત કર્યું હતું. CREA મુજબ, ચીન 3.7 બિલિયન ડોલર (આશરે 32.82 હજાર કરોડ)ની આયાત સાથે ટોચના સ્થાને રહ્યું. એકંદરે, રશિયાથી ભારતની અશ્મિભૂત ઈંધણની આયાત 3.1 બિલિયન ડોલર (આશરે 27.49 હજાર કરોડ) સુધી પહોંચી, જ્યારે ચીનની કુલ 5.8 બિલિયન ડોલર (આશરે 51.44 હજાર કરોડ) રહી. ડિસેમ્બરના આંકડાઓમાં યુએસ પ્રતિબંધોની અસર દેખાઈ શકે છે, પરંતુ ભારત ખરીદી ચાલુ રાખે છે.

# ગીફ્ટના વેપારી પાસેથી 1.44 લાખની લાંચ લેતો AMCનો કર્મચારી ઝડપાયો

**અમદાવાદ, તા.20**

ગોધરા એસઆરપી ગ્રુપની ધિરાણ સહકારી મંડળીના સભાસદો માટે ખરીદવામાં આવેલી ગીફ્ટ પેટે રૂપિયા 1.44 લાખની લાંચ લેવાના કેસમાં એસીબીએ ગોધરા એસઆરપીના આસીસટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને તેના મળતિયાની ધરપકડ કરી છે. ગોધરા એસઆરપીના કર્મચારીએ કર્મચારી ધિરાણ ગ્રાહક સહકારી મંડળીના સભાસદો માટે ખરીદેલી ગીફ્ટના બિલની ચુકવણી પેટે 30 ટકા કમિશનની રકમ લાંચ પેટે માંગી હતી. આ અંગે એસીબીએ કાર્યવાહી હાથ ધરી છે.




શહેરમાં રહેતા એક વ્યક્તિ ગીફ્ટ આર્ટીકલનો હોલસેલનો વ્યવસાય કરે છે. ગોધરા એસઆરપી કેમ્પમાં આસીસટન્ટ સબ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કરતા ત્યાં રહેતા રોશન ભુરિયાએ વેપારીનો સંપર્ક કરીને જણાવ્યું હતું કે તે ગોધરા એસઆરપી ધી કર્મચારી ધીરાણ ગ્રાહક સહકારી મંડળીના મંત્રી છે અને તેમને સભાસદો માટે 670 નંગ ગીફ્ટ આર્ટીકલ ખરીદી કર્યા હતા. જે પેટે રોશન ભુરિયાએ 8.37 લાખ રૂપિયાની ચુકવણી કરી હતી. પરંતુ, ત્યારબાદ કુલ બિલના 30 ટકા લેખે 2.51 લાખની લાંચની માંગણ કરી હતી. આ પૈકી વેપારીએ રોશન ભુરિયાના કહેવાથી 97 હજાર રૂપિયા મુકેશ ડામોર (રહે. સોમનાથ એપાર્ટમેન્ટ, વસ્ત્રાલ)ને આપ્યા હતા. ત્યારબાદ બાકીના 1.44 લાખ રૂપિયા આપવા માટે બુધવારે નક્કી કરાતા વેપારીએ એસીબીમાં ફરિયાદ કરી હતી. જેના આધારે નહેરૂબ્રીજ નેપ્ચ્યુન ટાવરમાં ફરીયાદીની ઓફિસમાં છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં રોશન ભુરિયાના કહેવાથી મુકેશ ડામોરે 1.44 લાખની રોકડ સ્વીકારી હતી. આ અંગે એસીબીએ મુકેશ ડામોરની તેમજ ગોધરાથી રોશન ભુરિયાની ધરપકડ કરીને કાર્યવાહી કરી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મુકેશ ડામોર અમદાવાદની પૂર્વ ઝોન કચેરીમાં સોલિડ વેસ્ટ કલેક્શન વિભાગમાં કોન્ટ્રાક્ટ પર સુપરવાઈઝર તરીકે કામ કરે છે.

# અમદાવાદના મકરબા રોડ પર ખુલ્લી ગટરમાં વૃદ્ધ ખાબક્યા, યુવાને જીવના જોખમે બચાવ્યા

**અમદાવાદ, તા.20**

અમદાવાદના મકરબા રોડ પર ટોરેન્ટ પાવરની ઓફિસ પાસે બુધવારે રાત્રે એક મોટી દુર્ઘટના સર્જાતા સર્જાતા ટળી ગઇ હતી. અહીં રસ્તા પરની એક ખુલ્લી ગટરમાં એક વૃદ્ધ અચાનક ખાબક્યા હતા, જોકે એક જાગૃત યુવાને સમયસૂચકતા વાપરીને ગટરમાં ઉતરીને તેમનો જીવ બચાવી લીધો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર મકરબા રોડના આ પટ્ટા પર સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી અંધારપટ છવાયેલો હતો. જેના કારણે ત્યાંથી પસાર થઈ રહેલા એક વૃદ્ધને ખુલ્લી ગટર ન દેખાતા તેઓ સીધા અંદર પડ્યા હતા. સ્થાનિકોના મતે અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા ગટરનું ઢાંકણું લગાવવામાં આવ્યું ન હતું. ઘટના સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક યુવાને હોબાળો સાંભળતા




તુરંત જ ગટરમાં ઉતરી ગયો હતો અને આસપાસના લોકોની મદદથી વૃદ્ધને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. સદનસીબે વૃદ્ધને માત્ર સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોએ આક્ષેપ કર્યો હતો કે સ્ટ્રીટ લાઈટોનો અભાવ અને ખુલ્લી ગટરો રાહદારીઓ અને વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

# અમદાવાદમાં જાહેર સ્થળે અશ્લીલતા: વસ્ત્રાપુર જીએમડીસી રોડ પર પેટ્રોલિંગ દરમિયાન યુવકની અટકાયત

**અમદાવાદ, તા.20**

અમદાવાદના વ્યસ્ત ગણાતા જીએમડીસી-વસ્ત્રાપુર રોડ પર બુધવારે રાત્રે જાહેર સ્થળે અશ્લીલ કૃત્ય કરવા બદલ એક 28 વર્ષીય યુવકની મહિલા પોલીસ સ્ટેશન (પશ્ચિમ) દ્વારા અટકાયત કરવામાં આવી હતી. આ યુવક કથિત રીતે ખુલ્લેઆમ અંગપ્રદર્શન કરતો અને જાહેરમાં પેશાબ કરતો પકડાયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર મહિલાઓની સુરક્ષા અને જાહેર શિષ્ટાચાર વિરુદ્ધના ગુનાઓ સામે ક્રાઈમ બ્રાન્ચ, વુમન્સ સેલના મદદનીશ પોલીસ કમિશનરના આદેશથી ચલાવવામાં આવેલા એક વિશેષ પેટ્રોલિંગ ડ્રાઈવ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી.

નોંધાયેલી એફઆઈઆર મુજબ આ ઘટના 19 નવેમ્બરના રોજ



સાંજે લગભગ 7.40 વાગ્યે બની હતી. પોલીસ ટીમ શહેરવ્યાપી ચાલી રહેલી મહિલા સુરક્ષા અને જાહેર શિષ્ટાચાર જાળવવાની ડ્રાઈવના ભાગરૂપે આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી.

પેટ્રોલિંગ ટીમે જીએમડીસી રોડ નજીક રોડની બાજુમાં ઊભેલા એક વ્યક્તિને જોયો હતો. આ વ્યક્તિ મુસાફરોની અવરજવરવાળી જાહેર જગ્યા પર 'શરમ વિના' કથિત રીતે અંગપ્રદર્શન કરી રહ્યો હતો. એફઆઈઆરમાં જણાવાયું છે કે આરોપી જાહેરમાં પસાર થતા લોકોની સામે રોડની બાજુમાં પેશાબ પણ કરતો જોવા મળ્યો હતો.

પોલીસે તુરંત જ આ શખ્સની અટકાયત કરી હતી, જેની ઓળખ દીપકકુમાર દિનેશભાઈ ચૌહાણ તરીકે થઈ છે. તે વ્યવસાયે ડ્રાઈવર છે અને હાલમાં વસ્ત્રાપુરમાં રહે છે. તેનું મૂળ વતન સાબરકાંઠા જિલ્લાના ઈડરનું કૃષ્ણનગર છે.

પોલીસે જણાવ્યું કે ચૌહાણની જાહેરમાં અશ્લીલ કૃત્ય કરવા અને જાહેર ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું કે, જાહેર સ્થળે આવું વર્તન શિક્ષાપાત્ર ગુનો છે. ગુજરાત પોલીસ અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી દેવામાં આવ્યો છે. આ મામલે વધુ તપાસ ચાલુ છે.

# 'AC ગાડી છોડી લોકોની જેમ રસ્તા પર ફરો તો ખબર પડે...' AMC કમિશનરે અધિકારીઓને તતડાવ્યાં...

**અમદાવાદ, તા.20**

અમદાવાદમાં વકરતી ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા, તેમજ અન્ય વહીવટી નિષ્ફળતાઓને લઈને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ડેપ્યુટી કમિશનરોને સીધી અને આકરા શબ્દોમાં ટકોર કરી હતી. અધિકારીઓની બેદરકારી અને આંકડાકીય માહિતીની ઊણપ જોઈને કમિશનર ભારે અકળાયા હતા. કમિશનર પાનીએ ખાસ કરીને પાર્કિંગ અને કામગીરીની ધીમી ગતિ મુદ્દે અધિકારીઓને ખખડાવ્યા હતા. ડેપ્યુટી કમિશનરને ટકોર કરતાં તેમણે કહ્યું, 'પાર્કિંગને લઈ સામાન્ય લોકોને કયા અને શું તકલીફ પડે છે તે જાણવા એ.સી. ગાડી છોડી શહેરના વિવિધ રોડ ઉપર સામાન્ય નાગરિકની જેમ ફરો તો સાચી પરિસ્થિતિનો તમને ખ્યાલ આવશે.' પાર્કિંગ અંગે કોર્પોરેશન પાસે સોફ્ટવેર હોવાના ડેપ્યુટી કમિશનરના જવાબથી કમિશનર



અકળાયા. તેમણે તમામ લોકો માટે એવું સોફ્ટવેર બનાવવા કહ્યું, જેમાં કયા વિસ્તારમાં ક્યાં પાર્કિંગ આવેલું છે, તેમાં કેટલા સ્લોટ ખાલી છે અને પાર્ક કરવાના દર શું છે તેની માહિતી મળી શકે. અર્બન ડેવલપમેન્ટનો ડેટા રજૂ ન કરી શકતા અને માત્ર 20 ટકા કામગીરી પૂરી થઈ હોવાનો જવાબ આપતા કમિશનરે કહ્યું, 'તમે 20 ટકા જ સેલેરી લો છો? સેલેરી પૂરી લો છો તો કામગીરી પણ 100 ટકા કરો.' પૂર્વ અને દક્ષિણ ઝોનમાં રોગચાળાના વધતા કેસને લઈને કમિશનરે ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસરની કામગીરી પર સવાલ ઉઠાવતા કહ્યું કે, 'આ બંને ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસર નિંદ્રાધીન સ્થિતિમાં છે કે શું?' એસ્ટેટ ઓફિસરને સવાલ કરતાં જાણવા મળ્યું કે વર્ષો જૂના બિલ્ડિંગમાં ચાલતી 20 કે તેથી વધુ બેડ ધરાવતી હોસ્પિટલો પાસે BU (બિલ્ડિંગ યુઝ) પરમીશન નથી. કમિશનરે ફાયર વિભાગ અને એસ્ટેટ વિભાગની સંયુક્ત કામગીરી કરી જે હોસ્પિટલો પાસે BU પરમીશન કે ફાયર NOC ન હોય તેને સીલ કરવાની તાત્કાલિક સૂચના આપી. નવા ફાયર સ્ટેશન બનાવવાના મુદ્દે ડેપ્યુટી કમિશનર ફાયર વિભાગે પ્લોટના પઝેશન ન મળવાની વાત કરતાં કમિશનરે એસ્ટેટ વિભાગની મદદ લઈને દબાણો દૂર કરવા અને તાત્કાલિક નવા ફાયર સ્ટેશન બનાવવાનું શરૂ કરવા કહ્યું હતું. ઉત્તર ઝોનમાં ડ્રેનેજ બેક મારવાની વધતી ફરિયાદોને લઈ ઝોનના ડેપ્યુટી કમિશનરને સ્થળ ઉપર જઈ લોકોને ડ્રેનેજ લાઈનમાં ગોદડા કે રૂ જેવો કચરો ન નાંખવા સમજાવવા આદેશ આપ્યો. કમિશનરની આ બેઠકથી AMCના વહીવટી તંત્રમાં ગરમાવો આવ્યો છે.

# જનરલ બોર્ડમાં નેતા વિપક્ષે કમિશનર અને શાસક પક્ષને બરાબરના ઘેર્યા

**રાજકોટ, તા.20**

રાજકોટ મહાનગરપાલિકાની દ્વિમાસિક જનરલ બોર્ડની બેઠક આજે મળી હતી. જેમાં અઢી વર્ષના લાંબા ગાળા બાદ પ્રથમ વખત વિપક્ષનો પ્રશ્ન એજન્ડામાં પ્રથમ ક્રમે આવતા તેની ચર્ચા થઈ હતી. વિપક્ષનાં નેતા વશરામ સાગઠીયાએ ફ્લાવર બેડ અને બિલ્ડિંગ યુઝ (BU) પરમિશનના મુદ્દાઓ ઉઠાવીને શાસક પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. જેના જવાબમાં મ્યુ. કમિશ્નર તુષાર સુમેરાએ વૉર્ડવાઈઝ કામગીરીની યાદી બોર્ડમાં રજૂ કરી હતી. જોકે રાજકોટ સિવાયની કોઈ મહાનગરપાલિકા આ ચાર્જ વસુલતી ન હોવાનો દાવો વશરામ સાગઠિયા દ્વારા કરવામાં આવ્યો હતો. બોર્ડમાં ચાલતી પ્રશ્નોતરીમાં શાસક પક્ષ શાંત રહ્યો હતો. બોર્ડના અંતે સ્ટે. ચેરમેનએ વિપક્ષને પણ ભાજપનાં પ્રશ્નો ચર્ચાય ત્યારે શાંતિ રાખવા ટકોર કરી હતી. સાગઠીયાએ જણાવ્યું કે, ફ્લાવર બેડ એટલે બાલ્કની જેવી વધારાની જગ્યાઓ જે વપરાશમાં લેવાય છે. જ્યારે બિલ્ડરો 10 બાય 10 ફૂટના રૂમનો જ ટેક્સ કોર્પોરેશનમાં ભરે છે. પરંતુ તે જ બિલ્ડરો 100 ફૂટનું બાંધકામ થયું હોય તો પણ લોકો પાસેથી 140 ફૂટના પૈસા ઉઘરાવે છે. હવે સરકારે જે નિયમ ખુલ્લો કર્યો છે, તેમાં એક રૂમ દીઠ 40 ફૂટનો વધારો ભરવાનો આવશે, આ બોજો બિલ્ડરોને બદલે ફ્લેટ ધારકોએ ભોગવવો પડશે. વિપક્ષ નેતા વશરામ સાગઠીયાએ ફ્લાવર બેડ તેમજ બિલ્ડિંગ યુઝ (BU)સર્ટીફિકેટ મામલે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાને અત્યાર સુધીમાં બી.યુ. સર્ટી મામલે કુલ કેટલી અરજીઓનો નિકાલ થયો છે અને કેટલી અરજીઓ પેન્ડિંગ છે તેની વિગતો માંગી હતી. આ પ્રશ્નના જવાબમાં મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ વૉર્ડ વાઈઝ કામગીરીની યાદી બોર્ડમાં રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અત્યાર સુધી 99 જેટલી અરજીઓ આવી છે. રાજ્ય સરકારનો નિર્ણય આવ્યા બાદ અત્યાર સુધીમાં 8 બિલ્ડિંગ યુઝ પરમિશન (BU)નવા નિયમ મુજબ આપવામાં આવી છે, જે રાજ્ય સરકારના જી.આર.ને ધ્યાને રાખીને અપાઈ છે. જોકે, વિપક્ષ દ્વારા તારીખ માંગવામાં આવતા મ્યુ. કમિશ્નરે ગલ્લા તલ્લા કર્યા હતા.


વશરામ સાગઠીયાએ ફ્લાવર બેડના મુદ્દે રજૂઆત કરી હતી અને સ્પષ્ટ આરોપ લગાવ્યો હતો કે રાજકોટ સિવાય ગુજરાતની એક પણ મહાનગરપાલિકા, જેમ કે અમદાવાદ, વડોદરા કે સુરતમાં ફ્લાવર બેડનો કોઈ વધારાનો ચાર્જ વસૂલવામાં આવતો નથી.

# કોપનહેગેનાઈઝ ઈન્ડેકસ રીપોર્ટમાં અમદાવાદનો 100 સાયકલ ફ્રેન્ડલી શહેરોમાં સમાવેશ કરાયોનો દાવો

## અમદાવાદમાં મોટાભાગના સાયકલ ટ્રેક છે જ નહીં છતાં સાયકલ ફ્રેન્ડલી શહેર

**અમદાવાદ, તા.20**

વિશ્વના સાયકલિંગ ફ્રેન્ડલી શહેરો માટે સર્વે કરતા કોપનહેગનાઈઝ ઈન્ડેકસના ૨૦૨૫ના રીપોર્ટમાં વિશ્વના ૧૦૦ શહેરોમાં અમદાવાદનો સમાવેશ કરાયો હોવાનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાવો કરવામા આવ્યો છે. અમદાવાદમાં જે વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામા આવેલા સાયકલ ટ્રેક પૈકી મોટાભાગના ટ્રેક છે જ નહીં છતાં અમદાવાદને સાયકલ ફ્રેન્ડલી શહેર કઈ રીતે જાહેર કરાયુ એ



બાબત શહેરીજનોમા ચર્ચાનો વિષય બનવા પામી છે. રીપોર્ટમાં શહેરોનુ મૂલ્યાંકન ત્રણ મુખ્ય આધારસ્તંભ ઉપર કરવામા આવ્યુ હતુ. સેફ એન્ડ કનેકટ ઈન્ફ્રાસ્ટ્રકચર, યુસેજ એન્ડ રીચ તથા પોલીસી અને સપોર્ટની બાબતને લઈ એનાલીસીસ કરવામા આવ્યુ હતુ.સુરક્ષિત સાયકલ ટ્રેક, બાઈક પાર્કિંગ,દૈનિક સાયકલ ટ્રીપ્સનુ પ્રમાણ, મહિલાઓનુ સાયકલિંગમાં શેરીંગ જેવા અલગ અલગ તેર પેરામીટરને ધ્યાનમા લેવામા આવ્યા હતા.અમદાવાદનો સાયકલ ફ્રેન્ડલી શહેરોમા સમાવેશ કરાયાની જાહેરાતથી ખુદ મ્યુનિ.ભાજપના પદાધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા.તેમના કહેવા મુજબ સાયકલ ટ્રેક તો જોવા મળતા નથી તો કયા આધારે આ પ્રકારની જાહેરાત કરાઈ હશે.

# અખબારનગર બાદ હવે હંસપુરામાં 233 કરોડના ખર્ચે ટ્રાન્સપોર્ટ હબ બનાવવા પ્રક્રિયા શરૂ

**અમદાવાદ, તા.20**

અમદાવાદના પશ્ચિમમાં આવેલા અખબારનગર વિસ્તારમાં મલ્ટિ ટ્રાન્સપોર્ટ હબ બનાવવા એ.એમ.ટી.એસ.દ્વારા ઓફર મંગાવાઈ છે.આ પ્રકારે હંસપુરા ખાતે રૂપિયા 233 કરોડના ખર્ચથી પબ્લિક પ્રાઈવેટ પાર્ટનર્શીપના ધોરણે ટ્રાન્સપોર્ટ હબ બનાવવા પ્રક્રીયા શરૂ કરવામા આવી છે. કુલ 19,133 સ્કેવરમીટરના કુલ પ્લોટ એરીયા પૈકી 3,554 સ્કેવર મીટર એરીયામાં એ.એમ.ટી.એસ.બસ માટેનુ પાર્કિંગ સહિતની અન્ય સુવિધા ઉપલબ્ધ કરાવવામા આવશે. આ ટ્રાન્સપોર્ટ હબ દસ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટથી અપાશે. 19 હજાર સ્કવેરમીટર કુલ પ્લોટ એરિયા પૈકી 3554 સ્કવેર મીટરમાં 100 સિટી બસનુ પાર્કિંગ તૈયાર કરાશે. થોડા દિવસ અગાઉ અખબારનગર વિસ્તારમાં 18 માળનુ મલ્ટિ ટ્રાન્સપોર્ટ હબ બનાવવા એ.એમ.ટી.એસ.દ્વારા ટેન્ડર કરાયુ હતુ. હંસપુરા ખાતે નરોડા -દહેગામ રોડથી નજીક અમદાવાદ પૂર્વમાં વધતા જતા વિકાસ અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને ટ્રાન્સપોર્ટ હબ બનાવવા આયોજન કરવામા આવ્યુ છે.આ હબમાં ઓછામા ઓછી 100 મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસ પાર્ક થઈ શકે એ માટે વ્યવસ્થા કામગીરી મેળવનાર એજન્સીએ વ્યવસ્થા કરવાની રહેશે. આ હબમાં 3554 સ્કેવરમીટર જગ્યામા મ્યુનિ.બસો માટે પાર્કિંગ બનશે.જયારે 9,020 સ્કેવરમીટર જગ્યામાં કોમર્શીયલ ડેવલપમેન્ટ કરવા માટે આયોજન કરાશે. કુલ પ્રોજેકટ કોસ્ટ પૈકી 46.31 કરોડ બસ પાર્કિંગ તથા 187.35 કરોડ કોમર્શીયલ ડેવલપમેન્ટ પાછળ ખર્ચ કરવામા આવશે.આ હબ કાર્યરત થયા પછી પૂર્વ અમદાવાદમાં ટ્રાફિકની ગીચતા ઘટશે તેવો તંત્ર તરફથી આશાવાદ વ્યકત કરવામા આવ્યો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

